MANUSJATINO KRAMVIKAS

HORA. M. B

પ્રસ્તાવના.

શ્રી કૃષ્ણ દર્શણ અને રામાયણ રસ બિંદુ, અને તેમજ શ્રી મહેશ્વર મહીમા નામના પુસ્તકમાં પુરાણોના ગુપ્ત મર્મ શોધી કહાડવાનું પ્રયત્ન કરવામાં આવ્યું છે. આ પુસ્તક પણ તેજ પ્રકારનું પ્રયત્ન છે. મનુષ્ય આપણી આ પૃથ્વિ ઉપર પ્રથમ કયાંથી અને શા માટે આવ્યો, આવ્યો ત્યારે તેનાં સ્વરૂપ અને સ્થિતિ કેવાં હતાં, તેમાં વખતે વખતે શું શું ફેરફાર થતા ગયા, અને છેવટે હાલનું સ્વરૂપ અને સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થયાં એ સઘળાંનું વર્ણન આપણા પુરાણોમાં આપણને મળી આવે છે. પહેલાંથી તે અત્યાર સુધીની મનુષ્ય જાતીનું ઐતિહાસિક શિક્ષણ તેમાં સમાયલું છે. પુરાણોમાં જે કથાઓ અને વાર્તાઓ આપણે વાંચીએ છૈયે તે માત્ર મનરંજન કરવાને નથી પણ નીતિનું અને ધર્મનું ઉંચુ શિક્ષણ આપવા માટે છે. આ વાત દર્શાવીને વિદ્વાનોનું લક્ષ પુરાણો--નિંદાનાં અનેક પ્રહારોથી પીડાતાં પુરાણો પ્રત્યે આકર્ષવાનું આ પ્રયત્ન છે. આવાં પ્રયત્નો, પ્રથમ થતાં પ્રયત્નો, અનેક દોષ અને ખામીવાળાં હોય છે એ વાત સર્વ કોઈને જાણીતી છે. એ દોષ અને ખામીને દૂર કરી ભવિષ્યમાં વિદ્વજ્જનો સાચાં સ્વરૂપને પ્રકાશમાં લાવશે એજ મોટો લાભ છે.

મારાથી લક્ષપૂર્વક પ્રુફો બરાબર તપાસાતાં નથી અને તેથી વાંચક વર્ગની દ્રષ્ટિ નીચે ઘણી ભુલો આવશે, તેને માટે ક્ષમા કરવાની મારી નમ્ર વિનતિ છે.

અનુક્રમણિકા.

" ૧૦ કુશદ્વીપ, આટલાંટિક, અસુરકોણ, ત્રીજું નેત્ર, કુશ દ્વીપની પ્રજા, ટોલ્ટેક, હિરણ્યનગર, તુરાનિઅન વગેરે ઉપજાતી, કામનું પરિણામ.

" ૧૧ તિલ્લોતમા, દાનવો, વારૂણદ્વીપ, શંખાસુર, પોશીડોનીસ, સૂર્યનારાયણની ભક્તિ, તેનું મંદિર, મગ આદિવર્ણ, વૃત્રાસુર, હૈહય અને તાલજંઘ, પુરૂરવા અને ઉર્વશીનું રહસ્ય, સગર રાજા, જળપ્રલય, સહસ્ત્રાર્જુન, પરશુરામ, દક્ષિણ હિંદુસ્તાન વસાવ્યું, અમેરિકાની દંતકથા.

૧૨ ક્રૌંચદ્વીપ, પાંચમી મનુષ્યજાતી, આર્યપ્રજા, શંભલનગર, દસ્યુ, દૈત્ય, તક્ષક, ત્રીજી, ચોથી અને પાંચમી જાતિનાં સાંકેતિક ચિન્હ, ગાયનું સ્વરૂપ, ઉપવિત સંસ્કાર, ગણેશ પૂજન.

" ૧૩ ચાર વર્ણ, બીજાથી બ્રાહ્મણ થઈ શકાય? ત્રિશંકુ, કાળ યવન, રેવતી અને બળરામ, દ્વારકાપુરી, અજ તથા દશરથ રાજા, લંકામાં રાક્ષસોનો વાસ, સૂર્ય અને સોમવંશ, બ્રહસ્પતિ, તારા અને બુધ, બુદ્ધિનો ઉદય.

" ૧૪ એક સરખા બનાવો વખતે વખતે થવાનું કારણ. પાંચમી મનુષ્ય જાતિએ, મિસર અને યુરોપના દેશોમાં જઈ નિવાસ કર્યો. મનુસ્મૃતિમાં બાંધવામાં આવેલા નિયમોનો હેતુ. ધર્મ જતાં દેશની પડતી. અવતાર. ભારતવર્ષ માંહેલી ભક્તિ, સનાતન આર્યધર્મ સદારહેશે તેનાં ચિન્હ.

શુદ્ધિપત્રક.

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૫	૭	સ્વન્વંયંભુ	સ્વાયંભુ
૨૭	૧૮	મૂતિ	મૂર્તિ
૨૯	૧૦–૨૭	ઋતુ	ક્રતુ
,,	૧૩	બ્રહ્મના	બ્રહ્માના
૩૩૧	૨૬	સવર્ગના	સર્ગના
૩૪	૬	વિકાર	વિકાસ
૩૮	૧૪	કરવાનિ	કરવાની
,,	૨૭	શકીત	શકી
૪૦	૩	જેણે પછી તે	ઉમેરવો
૪૪	૨૪	શામષ્ઠાથી	શર્મિષ્ટાથી
૫૨	૨૪	સંધ્યાશ	સંધ્યાંશ
૫૪	૬	વણન	વર્ણન
,,	,,	શમજાય	સમજાય
,,	૨૦	સ્ડે	લડે
૬૨	૪	ાજા	રાજા
,,	૨૩	યથાથ	યથાર્થ
૭૩	૧૮	મૂતિ	મૂર્તિ
૮૦	છેલ્લી	પણું	પણુ
૮૨	૧૫	બ્રહ્મણુમાં	બ્રાહ્મણુમાં
૮૬	૨૭	વષ	વર્ષ
૮૮	૬	એથી	ચોથી
૯૪	૧૪	પામ્યા	પામી
૧૦૮	૧૪	જગતનું	જગતની

કેટલીક જગાએ આર્યાવૃત છાપેલું છે તેને બદલે આર્યાવર્ત જોઈએ. કેટલીક જગાએ અક્ષરને માથે અનુસ્વર કેટલીક પ્રતમાં છપાયું છે ને કેટલીકમાં ઊડી ગયું છે માટે જ્યાં રહી ગયું હશે ત્યાં સુધારી વાંચવું.

ॐ

मनुष्य जातिनो क्रम विकास.

श्रीगणेशायनमः

श्रीसरस्वत्यैनमः

श्रीगुरुदेवायनमः

પ્રકરણ ૧ લું.

દહોરો.

શ્રી ગુરૂદેવ દયાનિધિ, જ્ઞાનનિધિ સતરૂપ;
પ્રેમનિધિ કરૂણાનિધિ, સમરૂં જ્યોતિ અનૂપ.

ગીતિવૃત.

ચર્ચિત ભસ્મે તન છે, ત્રણ શુભ લોચન જટા જટિલધારી;
બાહ્ય દિગંબર જોગી, કાંતિ ઝળહળ ઝળકિત ચિતહારી.
ભૂષણ ભુજંગ વિરાજે, માયાતિત ને સકળ સિદ્ધિ સિદ્ધ;
તપનિધિ ને નિલકંઠી, ધ્યાયે જેને રૂષિ મુનિવર સિદ્ધ.
જેનાં ચરણ કમળ તે, ત્રિવિધ તાપ ને જનમ મરણ ટાળે;
અંતર તિમિર મિટાડી, પ્રણત જનોને કૃપાનિધી ભાળે.
જ્યોતી અદ્ભુત જેની, પ્રસરી દશદિશ સદાય વિસ્તીર્ણ;
જગત ગુરૂ શ્રી શંકર, વંદી તેને ગ્રહું ચરણ શર્ણ.

જ્યારે આપણે આ પૃથ્વીનું, ઉત્તર, દક્ષિણ, પુરવ, પશ્ચિમ, ઊંચે આકાશભણી અને નીચે પાતાળભણી, માનસિક દૃષ્ટિથી અવલોકન કરીએ છીએ ત્યારે આપણને જણાય છે કે અસંખ્ય જીવજંતુઓ, પક્ષિ, પશુ, માણસ, ભૂચર, જળચર, ખેચર, એમ અનેક જાતના જીવો તેના પૃષ્ટ ઉપર અને પૃષ્ટની ભિતરે નિવાસ કરી રહ્યાં છે, તેમજ સાધારણ રીતે નિર્જિવ મનાતાં પ આર્ય રૂષિમુનિઓ કથન કરી ગયા છે, અને સાંપ્રત સમયમ. થતા પ્રયોગોથી સિદ્ધ થઈ ચુક્યું છે, તે પ્રમાણે સજીવ, ખનીજ અને વનસ્પતિનો અતુલ ભાર એ પૃથ્વી ધારણ કરી રહે છે. અરે એટલુંજ નહિં પણ અનેક મોટા મોટા અને ભવ્ય પર્વતો તેનાં સર્વાંગે ઉભા રહેલા છે. મોટી મોટી નદિઓ અને વિશાળ, અગાધ અને ભયંકર જલના ભરેલા સમુદ્ર ઠામ ઠામ ઉછળી રહેલા છે. આટલું છતાંએ પૃથ્વી કચડાઈ જતાં ચુરેચુરા થઈ રસાતલમાં કેમ ઉતરી નહિ જતાં અવકાશમાં અધર ટકી રહેલી છે એનો જ્યારે આપણે વિચાર કરીએ છીયે ત્યારે આપણે આશ્ચર્ય પામ્યા વિના રહેતા નથી. વિશેષ એજ પૃથ્વી, અવકાશમાં અધર ફરતી, નિયમસર સૂર્યનારાયણની નિરંતર પ્રદક્ષિણા કરે છે. એ પૃથ્વીને જડ–નિર્જિવ કોણ કહેશે ? એનો જીવ શું સાધારણ સત્તાવાળો હશે ? નહિ, નહિ, એની અધિષ્ટાતા સત્તા, મહાન્ સબળ અને દૈવી હોવી જોઇએ. જે જે સજીવ પ્રાણીઓ આપણને દૃષ્ટિગોચર થાય છે તે તે સર્વ પ્રાણીઓનાં રૂપ, શરીર, પૃથ્વીનાં દેખાતાં શરીરથી જુદાજ પ્રકારનાં છે એ વાત ખરી છે. અહિંનાં સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ટ મનુષ્ય છે અને તે પંચકોણ આકૃતિને અનુસરે છે.

પૃથ્વીનું સ્વરૂપ ગોળ છે, એ વાત ખરી છે, પણ આપણે હંમેશ ધ્યાનમાં રાખવું જોઈયે કે પ્રાણીમાત્રનાં શરીરને વિંટલાઈ રહેલી, સૂક્ષ્મ પ્રકૃતિની–તત્વની ઇંડાકૃતિ રહેલી છે. આ પ્રમાણે સમજાવવાને માટે ગોળની મધ્યે પંચકોણની આકૃતિ ચિતરવામાં આવે છે. આ પ્રમાણે છે તો પૃથ્વીના પ્રત્યક્ષ ગોળ શરીરની અંદર પંચકોણ અથવા તેના જેવું બીજુ સ્વરૂપ કેમ નહિં હોય ?

ના ના પ્રકારનાં ખનીજો, નાના પ્રકારની વનસ્પતિઓ, નાના પ્રકારના અંગવાળી અને શક્તિવાળી પૃથ્વી, શું ઈશ્વરે પોતે પોતાના હાથે બનાવી હશે ? ઈશ્વર પોતે તો અકર્તા છે. ત્યારે એ પૃથ્વીની રચના કરનાર-તેને ઘડનાર કોણ ? એ પ્રશ્ન ઘણોજ અગત્યનો છે. એ પૃથ્વી કેવી વિશાળ, અને ભારે શોભી રહેલી છે ! આહા ! કર્તાની લીલાનો પાર નથી.

આપણે હમણાજ કહી ગયા કે પૃથ્વી ઘણી વિશાળ અને ભારે છે. કૃષ્ણ પક્ષની અંધારી મધ્ય રાત્રીએ, વિશાળ વનમાં ઉંચા પર્વતના શીખર ઉપર, અથવા સમુદ્રને કાંઠે, ચારે પાસે શાંતિ વર્તી રહેલી છે તે સમયે બેસીને ઉપર આકાશમાં આપણે દૃષ્ટિ કરીશું તો આપણે જોઈશું કે આકાશ એક વિશાળ ઘુમટની સમાન શોભી રહેલું છે, અને તેની ચળકીત ભૂરા વર્ણની ભુમીમાં અસંખ્ય હીરાઓ જડેલા હોય તેવા ગૃહો, નક્ષત્રો અને તારાઓ પ્રકાશી રહેલા છે. એ ગૃહ નક્ષત્ર, અને તારાઓની ખરી ગણત્રી કોઇએ કરેલી છે ? તે અસંખ્ય છે. તે શું છે ? તે અતિ રૂપવાળા અને ચળકતા દેખાય છે તે છતાં, જેવો આપણો પૃથ્વીનો ગોળો છે તેવા તે ગોળા છે. તેમાં કંઈક પૃથ્વી સરખા છે, કંઈક ચંદ્ર છે, અને કંઈક સૂર્ય છે. નાના તે દેખાય છે ખરા પણ તેમાના ઘણા પૃથ્વી કરતાં ઘણાજ મોટા છે. તેમાંના કેટલાક તો એટલા બધા ઉંચા-દુર-છેટે છે કે તેનાં પોતાનાં કીરણને પૃથ્વી ઉપર આવતાં વર્ષોના વર્ષો લાગે છે. તેની ઉપર પણ કેટલાક તારાઓ એવા છે કે જેનું તેજ આપણને અત્યંત લાંબે સમયે મળે છે. આવી રીતે અગણ્ પૃથ્વીઓ અનંત આકાશમાં પોત પોતાનું નિર્માણ થયલું ભ્રમણ નિયમસર કરી જાય છે. એક કારીગર જેમ પોતાને હાથે અનેક વસ્તુઓ ઘડીને તૈયાર કરે છે તેમ આ સઘળી પૃથ્વીઓ શું ઈશ્વરે પોતાને હાથે કરેલી છે ? નહિજ. એમ કરવામાં તેના ઐશ્વર્યને દોષ લાગે છે. ત્યારે શું કોઇના કીધા વિના તે સઘળી થઇ એ પ્રશ્ન ઉઠે છે. એ પ્રશ્નનું નિશકરણ કરવું એ આપણું કર્ત્તવ્ય છે.

ઉપર કહ્યું તેમ પૃથ્વીઓ અસંખ્ય છે. અનંત કોટી બ્રહ્માંડો આપણા રૂષિઓ કહી ગયા છે તે ખરૂં છે. આકાશ અનંત છે, તેનો પાર નથી, તેનો છેડો નથી, તો તેમાં બ્રહ્માંડો પણ પાર વિનાનાં હોય એમાં શું આશ્ચર્ય જેવું છે—બધી પૃથ્વીઓને એક બીજાની સાથે નિકટનો સંબંધ નથી અને હોઇ પણ શકે નહિં એટલાજ માટે એ સમસ્ત રચનાના જુદા જુદા વિભાગે પાડી નાખેલા છે. એ વિભાગો દર્શાવવાને માટે સૂર્યમંડળ, ચંદ્ર મંડળ, ભૂમંડળ, આદિમંડળો કહેલાં છે. આપણી આ પૃથ્વીનો ગોળો અને તેની સાથે નિકટનો સંબંધ ધરાવનારા—તેની સાથે જોડાયલા બીજા છ ગોળાઓ મળીને આપણું ભૂમંડળ થાયછે. એજ પ્રમાણે ચંદ્રમંડળ આદિ મંડળોમાં સાતના આંકનું પ્રાધાન્ય છે. આપણે અને હાલના સમયના મોટા વિદ્વાનો જગત, વિશ્વ, બ્રહ્માંડ, અને એવાજ અર્થવાચક બીજા શબ્દો બોલીએ છીયે અને બોલે છે, પણ એ પ્રત્યેક શબ્દમાં શું ભેદ રહેલો છે તે લક્ષમાં રાખવામાં આવતું નથી. શ્રી ગાર્ગાયન રૂષિના પ્રણુવવાદ પ્રમાણે.

એક સૂર્ય ને સાત ગૃહોનું	એક બ્રહ્માંડ થાય છે.	
સાત બ્રહ્માંડનું	એક જગત્	,,
એક હજાર જગતનુ	એક વિશ્વ	,,
એક કરોડ પચાસ લાખ વિશ્વનું	એક મહાવિશ્વ	,,
બે શંખ મહાવિશ્વનો	એક લોક	,,
એક મહા શંખ લોકનો	એક મહા લોક	,,
સોપદ્મ મહા લોકનો	એક સંસાર	,,

આ પ્રત્યેકની અધિષ્ઠાતા સત્તા જુદા જુદા નામે ઓળખાય છે. એ સર્વશ્રીપર, નિરાળો, ઉપર પરબ્રહ્મ છે. એ પરબ્રહ્મને વાણી, મન અને બુદ્ધિથી પર કથન કરવામાં કેટલી દીર્ઘ દષ્ટિ વપરાયલી છે તે હવે સમજ પડે છે. અરે વિશ્વ અને મહા વિશ્વનોજ વિચાર કરતાં મગજ ભમી જાય છે તો પછી મહાલોક અને સંસારની તો વાતજ શી કરવી. એને માટે મૌન્ય ઘટે છે તો પરબ્રહ્મને માટે મૌન્ય હોય એમાં તો શુંજ નવાઈ ? માટે

આપણે પણ દીગ્મૂઢ અને ચિત્રવત થઈને, અહિં મૌન્ય ધાર કરીશું.

આપણી પૃથ્વી આપણને ઘણી મોટી દેખાય છે, પરંતુ વર્ણવેલા ચિત્રમાંતો તે એક બિંદુ માત્રછે. પૃથ્વી માંહેલો એક મનુષ્ય, પૃથ્વીના પ્રમાણમાં, પોતે બિંદુરૂપ જણાયછે, તે છતાં કેટલા માણસો નિરાભિમા-નામા જુઠા ફુલાતા, પોતાનું મહત્વ દર્શાવવાને કેવાં ફોગટ ફાંફાં મારે છે તે જોઇને ચતુર પુરૂષોને હસવું આવ્યા વિના રહેતું નથી. પ્રજવલિત અગ્નિના મહાન પુંજમાંથી આસપાસ ઉડતી ચિણગારીઓમાંની એક નાની ચિણગારીરૂપ એક જીવ છે. ખરી વાત છે કે એ નાની ચિણગારીમાં અગ્નિની સર્વ શક્તિઓ ગુપ્ત સમાયેલી છે, પણ એ શક્તિઓ જ્યાં સુધી સંપૂર્ણ ખીલી નથી ત્યાં સુધી તો એ ચિણગારી ક્ષુદ્ર છે. જ્યારે એ સંપૂર્ણ ખીલે છે ત્યારે મૂળ, કારણરૂપ પુંજના સ્વરૂપે તે થઈ રહે છે, અને તેમ થતાં તો તેને અભિમાનની છાયા પણ રહેતી નથી. નિયમ એ છે કે જેવું બ્રહ્માંડ તેવુંજ પિંડાંડ અને પિંડાંડ તેવુંજ બ્રહ્માંડ. હે પ્રિય વાંચનાર, સૂર્યનાં એક કીરણથી ઝળકતાં પાણીનાં બિંદુને તેં કોઈ દિવશ લક્ષ રાખી નિહાળ્યાં છે? જો નિહાળ્યાં હશે તો તને બેશક સમજાયું હશે કે ઉપર જે સૂર્ય પ્રકાશે છે તેજ સૂર્યનું પ્રતિબિંબ તે જળબિંદુમાં ઝળકી રહેલું છે. સૂર્યનું એક કીરણ સૂર્યમાંથી નીકળી પૃથ્વી ઉપર આવતાં તેનાં પ્રત્યેક પર-માણુમાં સૂર્ય ભગવાનની મૂર્ત્તિ ધારણ કરીને આવે છે. પરમા-ણુઓ અસંખ્ય છતાં તે સર્વ મધ્યે મૂર્ત્તિ તો એકજ શોભી રહેલી છે. એજ પ્રમાણે સકળ સૃષ્ટિમાં, પ્રત્યેક રૂપમાં, મોટામાં મોટાં રૂપમાં તેમજ નાનામાં નાના રૂપમાં, સર્વનું જે આદિ કારણ છે તે આદિ કારણનું તેજ ગુપ્ત ઝળકી રહેલું છે. ઉપા-ધિઓ, આવરણો, ભલેને ભિન્ન ભિન્ન હોય પરંતુ તે ભિન્ન ભિન્ન આવરણોની મધ્યેનું ચૈતન્ય તો એકજ છે. આહા! શી અદ્ભુત રચના! એ ઉપાધિઓ આકૃતિ ધારણ કરે છે, અને આકૃતિ તે શું છે? અનેક પરમાણુઓનો સમુહ તે આ છે. જ્યારે પ્રત્યેક

.રમાણુમાં ચૈતન્ય છે તો આખી આકૃતિ પણ ચૈતન્યજ છે. પરમાણુનો વિચાર કરતાં પણ એજ પ્રમાણે છે તો છેવટ પરિણામ એજ આવે છે કે એક ચૈતન્ય શિવાય બીજું કાંઈજ નથી. એ ચૈતન્યને ચૈતન્ય નહિં જાણવું એજ અજ્ઞાન છે. એ અજ્ઞાનનો **અ** જતો રહે ત્યારેજ સત્યની સિદ્ધિ છે.

પ્રકરણ ૨.

આપણે ઉપર કથન કરી ગયા કે અનંત અવકાશમાં આપણી આ પૃથ્વી એક વિશાળ સમુદ્રના કીનારા આગળની ઝીણી રેતીની કણિકા સમાન છે. એ પૃથ્વી મોટી દેખાય છે તો એ મોટી પૃથ્વી ઉપર માણસને કેવડો કહેવો તે પણ આપણે સમજાવી ગયા છૈયે. આટલું છતાં માણસનામાં જે ગુપ્ત શક્તિઓ રહેલી છે તેનો જ્યારે વિચાર થાય છે ત્યારે માણસ નાનો સરખો દૃષ્ટિગોચર થાય છે તે છતાં ખરી રીતે સર્વથી મોટો, ભવ્ય અદ્ભૂત, ચમત્કારરૂપ આપણી સન્મુખ ઉભો થઈ જાય છે. મનુષ્યની જે સ્થિતિ સાંપ્રત સમયમાં જણાયછે તે પરાપૂર્વથી ચાલી આવેલી છે કે કેમ એજ મુખ્ય પ્રશ્ન છે. એ પ્રશ્નનું નિરાકરણ કરવાને પશ્ચિમ ભણીની સુધરેલી અને આગળ વધેલી પ્રજાના વિદ્વાન પુરૂષો મથન કરી રહેલા છે. આપણી આર્ય ભૂમિમાં તો એ વિષયનું સંપૂર્ણ શિક્ષણ આપણા મહાન્ રૂષિમુનિઓ હજારો વર્ષ ઉપર આપી ગયા છે, પણ પશ્ચિમની વિદ્યાના પ્રભાવે આર્ય પ્રજા મધ્યેથી શ્રદ્ધાને હાંકી કહાડવા માંડી ત્યાં એ શિક્ષણને થોડાજ ગ્રહણ કરે. સર્વ વિદ્યાનું, સર્વ શિક્ષણનું કેંદ્ર અપૂર્વ ઋગ્વેદ છે. પુરાણોમાં પણ અનેક રત્નો ગુપ્ત સમાયલાં છે. અરે એ પુરાણોને તો પશ્ચિમની નવી વિદ્યા ભણનારામાં કપોલ કલ્પિત, નાના બાળકો અને મુર્ખોને સમજાવવાના, હસી કહાડવા જેવા ગ્રંથ ગણવામાં ' ા હતાં. જેમ જેમ સમય જતો જાય છે

... નવિન શોધો પ્રસિદ્ધ થાય છે તેમ તેમ એજ પુરાણોની ... ખરી ઠરતી જાય છે. આહા? કાળનો પણ શું પ્રતાપ અને મહિમા છે! માણુસની ચડતી પડતી તો સહુ કોઇ જાણે છે. સૂર્ય નારાયણ ભગવાનનો પણ ઉદય અસ્ત નિત્ય નિહાળીએ છૈએ. એજ નિયમને પુરાણો પણ આધિન છે. દિવશ પછી રાત અને રાત પછી દિવશ. ખ્રીસ્તિ ધર્મ માનનારાના મત પ્રમાણે મનુષ્ય જાતીને અને પૃથ્વીને ઉત્પન્ન થયાને માત્ર છ હજાર વર્ષ થયાં છે એમ કહેવાતું હતું અને હજી પણ ઘણાઓ-મ... કહે છે. એના પ્રમાણુમાં ખ્રીસ્તિઓનાં ધર્મ પુસ્તક **બૈબલ**ને આગળ મુકવામાં આવતું હતું. પુરાણોમાં યુગો મન્વંતરો અને કલ્પોનું કથન ભંગીજનોનાં તરંગ લેખવામાં આવતાં હતાં. આ છ હજાર વર્ષના સંકોચિત કાળમાં સર્વ ઐતિહાસિક પ્રસંગોને ગોઠવી મુકવામાંજ ચાતુર્ય સમાયલું હતું ... તેથી પશ્ચિમ ભણીના ઘણા વિદ્વાનો પ્રસંગોના સમય ... કરવામાં ગોથાં ખાઈ ગયા છે. એવા પુરૂષો જે પ્રથમથીજ ... રી લીધેલી વાતને સર્વ અનુકુળ અને અનુસરતું કરવાને ... પ્રયત્ન કરતા હતા તેનાં વાકયોને અને વિચારોને આપણી ... ભૂમિના તનુજો વેદરૂપ માનતા હતા એ કંઈ થોડું શોકકારક ... પરંતુ સત્યનોજ જય છે અને સદાય જય છે. ભલેને અનેક ... આવે, ભલેને કાળાં વાદળાંમાં એક વાર સુર્ય છુપાય, પરંતુ ... ...થતિ—એ જુઠાણું ઘણો કાળ નીભી શકતું નથી. પશ્ચિમ તરફની શોધોથી પૃથ્વીની ઉત્પત્તિનો સમય હજારો તો શું પણ લાખો વર્ષો પૂર્વે ગયો છે. પુરાણોમાં દર્શાવેલો સમય લગભગ આવી મળ્યો છે. લોર્ડ **કેલ્વિન** આદિ પંડિતોના ગ્રંથનું અવલોકન કરવાથી આ પ્રમાણે માલમ પડયા વિના રહેશે નહિં.

આપણો મુખ્ય આધાર પુરાણો ઉપર રહેશે. પુરાણુ, રામાયણુ, શ્રીમદ્ભાગવત, અને મહાભારત સર્વ વિષયોના રહસ્યના અપૂર્વ ભંડાર છે. એ અગાધ સમુદ્રોમાં જેમ વધારે ઉંડા ઉ... તેમ વધારે લાભ પ્રાપ્ત થશે. પુરાણુનો અર્થ બીજે સ્થ... ...વવા

માં આવ્યો છે તો પણ પુનરૂક્તિનો દોષ સ્વિકારીને વાંચક વર્ગને તે સ્થળે નિરક્ષણ કરવાનો શ્રમ નહિ આપવો એ ઉચિત્ત ગણીશું. પુરાણની વ્યાખ્યા એવી છે કે

सर्गश्च प्रतिसर्गश्च, वंशोमन्वंतराणि च
वंश्यानु चरितचैव, पुराणं पंचलक्षणं ॥

[1]સર્ગ તથા [2]પ્રતિસર્ગને, [3]વંશ, [4]મનુપરિમાણ;
વળિ [5]વંશાનુ ચરિત મળી, લક્ષણ પાંચ પુરાણ. ૧

ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એજ પુરાણનો હેતુ છે. **કર્નલ વાન્સ, કેનેડી** કહે છે કે એ પુરાણોમાં ધર્મ અને શિક્ષણ શિવાય બીજો કંઈ પણ હેતુ મને જણાતો નથી. પુરાણો—મુખ્ય પુરાણો અરાડ છે એ સર્વ કોઈને વિદિત છે. એ શિવાય ઉપ પુરાણો ઘણાં છે. એ પુરાણોના અર્થ કરવાનું કામ કઠીન છે. સામાન્ય મનુષ્યોને માટે એ ગ્રંથો છે એટલુંજ નહિં પણ પંડિતોને પણ તે મનન કરવા જેવા છે. જેને જેવી યોગ્યતા તેને તેવું શિક્ષણ એમાંથી મળે છે. તેના અનેક અર્થ કરવાને અનેક કુંચીઓ છે. તે સઘળી તો આપણને હાથ આવેલી નથી. થોડાએક નિયમ જે આ લખનારની જાણમાં છે તે અહિં બતાવવામાં આવે છે.

૧ શબ્દના સામાન્ય રીતે—સાધારણ રીતે જે અર્થ થતા હોય તે અર્થ લઈ વિચાર કરવો.

૨ એક શબ્દનો સામાન્ય રીતે જે અર્થ થતો હોય તે શિવાય તેનો સાંકેતિક અથવા પરિભાષિક અર્થ કંઈ થાય છે કે નહિં અને થાય છે તો શું થાય છે તે જોવું.

૩ શબ્દના પ્રત્યેક અક્ષરને છુટા પાડવા અને તે પ્રત્યેકનો શું અર્થ થાય છે તે જોવું.

૪ એકથી વધારે શબ્દનાં અર્થ એક શબ્દમાં ઘણીવાર સમાવવામાં આવે છે, એવી રીતે કે પ્રત્યેક શબ્દનો પ્રથમ અક્ષર ને નવો શબ્દ રચવામાં આવે છે. તે થયું છે કે કેમ તે ૪

૫ જે શબ્દનો અર્થ કરવો હોય તે શબ્દનું લોમ વિલોમ અવલોકન કરવું.

૬ પ્રત્યેક શબ્દનો અને પ્રત્યેક અક્ષરનો અંક હોય છે માટે તે અંક શોધી કહાડવો અને તે અંક શું દર્શાવે છે તે તપાસવું.

૭ જેવું બ્રહ્માંડે તેવુંજ પિંડાંડે એ નિયમને અનુસરવું.

૮ શબ્દના પર્યાય શોધી કહાડવા અને તેના શું અર્થ થાય છે તેનો વિચાર કરવો.

પુરાણના અર્થ કરવા કેવું કઠિન કામ છે તે આટલા ઉપરથી સમજાયા વિના રહેશે નહિં એવી આશા છે. અરે એ કઠિન કામ કરવાને જ્યારે આપણે શકિતમાન થઈશું ત્યારેજ આપણા એ અમુલ્ય ગ્રંથોનું મહત્વ ખરેખરૂં લક્ષમાં આવશે. એ પ્રમાણે થશે ત્યારેજ આપણી અધ્યાત્મિક ઉન્નતિનાં અને તેમજ સંસારિક આદિ ઉન્નતિનાં સઘળાં સાધનો આપણી સમક્ષ પ્રકાશમાન થઈ રહેશે. આપણી ગુજરાતી ભાષાની જનની સંસ્કૃત ભાષા છે, અને તેથી મોટે ભાગે શબ્દનો ભંડાર સંસ્કૃત છે. માટે આપણી ગુજરાતી ભાષાને જો ખીલવીને પરિપૂર્ણતાએ પહોંચાડવી છે તો ઉપલા નિયમો સારી પેઠે સમજી આપણા પૂર્વના અમુલ્ય ગ્રંથોના અર્થ કરવામાં તેનો ઉપયોગ કરવો એ આપણું પ્રથમ કર્ત્તવ્ય છે. જેને આર્યભૂમિનું સાચું અભિમાન છે તે આર્ય વિદ્યાનાં અનેક ગુપ્ત રત્નોને શોધી કહાડવાનું પ્રયત્ન વ્યર્થ સમજશે નહિં.

ઉપલા નિયમોની વિશેષ સમજ માટે દૃષ્ટાંતો અવશ્ય છે. પહેલો નિયમ સ્પષ્ટ છે એટલે તેને વિશે સમજણ આપવાની રહેતી નથી. બીજા નિયમના સંબંધમાં **તત્**, **અજ**, **ઋષભ** શબ્દ લઈશું. **તત્** એટલે સાધારણ રીતે **તે** થાય છે, પરંતુ જેને માટે વેદમાં **નેતિ, નેતિ** કહ્યું છે, જેને માટે કોઈ નામ નથી, જેનો શબ્દમાં સમાવેશ થઇ શકતો નથી, એવો જે પરબ્રહ્મ તેને વિશે કંઈ કથન કરવું હોય તો **તત્** શબ્દ વપરાય છે.

અજ એટલે બકરો, અને અજ એટલે, અજન્મ, બ્રહ્મા, પ્રજાપતિ. દક્ષની કથામાં તેણે આરંભેલો યજ્ઞ મહાન્ શિવજીની આજ્ઞાથી વીરભદ્ર અને અન્ય ગણોએ નાશ કીધો, દક્ષનું શીર છેદન કીધું, અને પાછળથી દક્ષને **અજ**નું માથું આણીને શીરવાળો કીધો. સાધારણ રીતે બકરાના માથાવાળો દક્ષ કહેવાય છે. પણ **અજ**ના જે બીજા અર્થ કહ્યા તે પ્રમાણે એ યજ્ઞના સમય પછી જે પ્રજા થઈ તે પ્રજાનો ઉત્પન્ન કર્તા—બ્રહ્મા એ દક્ષ થયો હતો. **ઋષભ**નો અર્થ ગોધો થાય છે—મદ્રાસના પ્રખ્યાત પંડીત મી૦ ટી. સુબારાવે બાર રાશી ઉપર એક અમુલ્ય લેખ લખ્યો છે, તેમાં કહ્યું છે કે **ઋષભ** શબ્દ **પ્રણવ** વાચક છે એવું જગદ્ગુરૂ શ્રી શંકરાચાર્યનું વચન છે, અને વેદમાં અને ઉપનિષદમાં એ અર્થમાં તે વપરાયલો છે. પ્રથમ સનાતન પરબ્રહ્મ અને પછી પ્રણવ અથવા શબ્દ બ્રહ્મ જેનાથી સકળ વિશ્વની વ્યક્તિ છે. એટલાજ માટે રાશીમાં પ્રથમ મેષ અને બીજી વૃષભ અથવા ઋષભ છે.

ત્રીજો નિયમ પ્રત્યેક અક્ષરને છુટા પાડવાનો છે. **ગુરૂ** શબ્દમાં **ગુ** એટલે ગુણો અને **રૂ** એટલે રૂંધન કરવું એટલે ગુણોને રૂંધન કરે તે ગુરૂ. વળી ગુ અજ્ઞાન અને **રૂ** ટાળવું એટલે અજ્ઞાનને જે ટાળે તે ગુરૂ. **રૂદ્ર** શબ્દમાં **રૂ** એટલે દુઃખ અને **દ્ર** એટલે હાંકી કહાડવું, દુઃખને જે હાંકી કહાડે તે રૂદ્ર. ત્રીજો શબ્દ **કુલ** લઈશું. હટ યોગના પુસ્તકમાં એ શબ્દ ઘણીવાર જોવામાં આવેછે. એનો સાધારણ અર્થ ખુલ્લો છે. કુલમાં **કુ** અને **લ** બે અક્ષર છે. **કુ**નો અર્થ **પૃથ્વિ** અને **લ** નો અર્થ **લય** થાય છે. પૃથ્વિ તત્વ જેને વિશે લય થયલું છે તે એટલે શરીરમાં મૂળાધાર ચક્ર કહેવાય છે તે.

ચોથા નિયમના દૃષ્ટાંત રામ, પ્રણવ, ભૈરવ લઈશું. રાક્ષસને મર્દન કરનાર એમાં રાક્ષસનો પ્રથમ અક્ષર **રા** અને મર્દનનો **મ** એમ **રા** અને **મ** મળીને રામ શબ્દ થાય છે.

પ્રણવમાં **પ્ર** પ્રકૃતિ અથવા પ્રપંચ **ન** નથી અને **વ** તમને, તમને પ્રપંચ નથી.

ભૈરવ; **ભ** ભરણ અથવા સર્જવું, **ર** રમણ, રક્ષણ અને **વ** વમન, વિનાશ. ઉત્પત્તિ, સ્થિતિ અને લય જે કરે છે તે.

પાંચમો નિયમ શબ્દનું લોમ વિલોમ અવલોકન કરવાનો છે.

શિવ એને ઉલટાવતાં **વશિ** વંચાય છે, સમસ્ત વિશ્વને વશ રાખે છે તે.

કશ્યપને ઉલટો વાંચતાં **પશ્યક** વંચાય છે. **પશ્યક** એટલે દ્રષ્ટા, માત્ર દ્રષ્ટારૂપે જે રહેલો છે તે.

હંસઃનું ઉલટું રૂપ **સોહં** થાય છે **સઃ**=સો થાય છે અને અહં એટલે હું=તેહું. **માયા** તે **યામા** થઈ રહે છે, **મા** એટલે નથી અને **યા** એટલે જે, જે નથી તે, જે નથી છતાં છે એમ દેખાય છે તે. યામાનો અર્થ રાત્રી પણ થાય છે એટલે તિમિરરૂપ અજ્ઞાન, અવિદ્યા. શબ્દના અને અક્ષરના આંક શોધી કહાડવાના સાતમા નિયમમાં આનાં દ્રષ્ટાંતો છે.

મકરમાં મ પાંચ દર્શક છે અને **કર** એટલે હાથ એટલે પંચકર, જેનો અર્થ પંચ કોણ થાય છે. પંચકોણ ઉંચામાં ઉંચી સ્થિતિને પ્રાપ્ત થયલા પુરૂષની સંજ્ઞાછે, મૂળપ્રકૃતિ–**મૂળ**નો આંક ૮ છે તેથી આઠ પ્રકારની પ્રકૃતિ સમજવી.

ગણેશ્વરમાં ગણની સંખ્યા આઠ છે. એ પુર્યષ્ટક કહેવાય છે. આઠ વસ્તુની જે પુરી–નગરી તેના અધિપતિ જે છે તે. તે આઠ આ પ્રમાણ છે.

૧ કર્મેંદ્રી પાંચ; ૨ પાંચ જ્ઞાનેંદ્રી, ૩ પાંચ પ્રાણ, ૪ પાંચ ભૂત, ૫ મન, ૬ કામ, ૭ કર્મ, ૮ અવિદ્યા.

આપણા જુના કવિઓ વર્ષનું કથન કરવામાં આવી સંજ્ઞાઓનો ઉપયોગ કરતા હતા તે વિદ્વાનોને અજાણ્યું નથી. વેદ, વસુ, નિધ, રૂદ્ર લખેલું હોય તો ચાર, આઠ, નવ અગિઆર સમજી લેવાય છે.

૭ જેવું બ્રહ્માંડ તેવું પિંડાંડ. આ સમજવા માટે ત્રીપુરાસુરનું આખ્યાન તેમજ વામન આખ્યાન લક્ષમાં રાખવાની જરૂ

છે. ત્રણ ભુવન માત્ર ઉપર નથી પણ માણસમાં પણ છે. સ્થૂળ દેહ, લિંગ દેહ અને કારણ દેહ એ ત્રણ પુર—ત્રણ ભુવન છે, ત્રિપુરા તે ઇડા, પિંગળા, સુષુમ્ણા, તેમજ મન, બુદ્ધિ ને ચિત્તછે. ગંગા, જમના ને સરસ્વતિ પણ તેજ પ્રમાણે છે.

૮ શબ્દના પર્યાય શોધી કહાડવાનો આઠમો નિયમ છે.

કર્ણના પર્યાય શ્રુતિ છે, અને શ્રુતિના અર્થ વેદ થાય છે. મહાભારતમાં કર્ણની કથા આવે છે, ત્યાં કર્ણ એટલે વેદમાં પ્રવીણતા સમજવું જોઇયે. ગોવિંદ, ગોપી, ગોપાળ, ગોવર્ધન શબ્દોમાં ગોના જુદા જુદા અર્થ લેવાય છે. શ્રીમદ્ભાગવતમાં ઓખા અને અનિરૂદ્ધનું આખ્યાન જગત પ્રસિદ્ધ છે. ઓખા તે ઉષાનો અપભ્રંશ છે. ઉષાનો અર્થ, ક્ષાર ભૂમી, પૃથ્વી, ગો થાય છે. ગો એ દેહ, પ્રકૃતિ વાચક છે, એ દેહ અથવા પ્રકૃતિ સાથે અનિરૂદ્ધ જે ચૈતન્ય દર્શક છે તે જોડાય છે.

પુરાણોના અર્થ કરવામાં આ શિવાય બીજું ઘણું ધ્યાનમાં રાખવાનું છે, તે સર્વનાં વિસ્તાર પૂર્વક વર્ણન માટે અહિં પ્રસંગ નથી. ઉપર દર્શાવેલા નિયમોને સારી પેઠે સમજી, તેને લક્ષમાં રાખી, તેનું વારંવાર મનન કરવાથી વિશેષ પ્રકાશ પડશે અને નવિન માર્ગો દૃષ્ટિગોચર થશે એવી આશા છે.

પ્રકરણ ૩.

આપણી આર્યભૂમિમાં નિવાસ કરનારી આર્ય પ્રજાને માથે એક મોટો દોષ મુકવામાં આવે છે કે અગરજો તેમના પૂર્વજો એ અનેક પ્રકારની વિદ્યાના અમુલ્ય ગ્રંથો રચીને સમસ્ત જન સમુહને આભારી કરેલો છે તે છતાં તેમણે ઐતિહાસિક એક પણ ગ્રંથ વારસામાં આપ્યો નથી. જેવી રીતે સાંપ્રત કાળમાં ઇતિહાસનાં પુસ્તક રચવામાં આવે છે તેવી રીતનાં રચાયલાં પુસ્તકો આપણને દૃષ્ટિગોચર થતાં નથી એ વાત ખરી છે. ઇતિ

હાસનો હેતુ શું ? શું અમુક રાજા, સારો કે માઠો, કીયા વર્ષમાં જન્મ્યો, કયારે ગાદિએ બેઠો, કયારે મર્ણ પામ્યો, લડાઇઓ નાની અથવા મોટી કયારે થઈ, કીયે સ્થળે થઇ તેના સેનાપતિ કોણ કોણ હતા, તેમાં કિયા કિયા દેશો તેના તાબામાં આવ્યા એવી એવી વાર્તાઓથી લોકોને જાણીતા કરવા એટલો માત્ર ઇતિહાસનો હેતુ છે ? ઈતિહાસનો એથી વિશેષ ... હેતુ આર્ય ભૂમિમાં થયલા રૂષિ મુનિઓ અને પંડીતો ... ઠે સમજતા હતા. તે માત્ર એક વ્યકિતનું કે એક ... અવલોકન કરતા નોતા પણ તેમની દૃષ્ટિમર્યાદા ઘણી ... હતી. મનુષ્યામાત્રની પ્રથમ કેવી સ્થિતિહતી, તે સ્થિતિમાં કેવી રીતે ને કયારે ફેરફાર થતો ગયો, નવી નવી શકિત ... કેમ પ્રગટ થતી ગઈ, જુદા જુદા પ્રસંગો થતા ગયા તેનાં ... શું શું હતાં, અને તેનાં પરિણામ શું શું આવ્યાં અને ... તે આવ્યાં, ઈત્યાદિ મનુષ્ય જાતિના ઉન્નતિ ક્રમમાં ... રનારી સઘળી બાબતો જો આપણને જોઈતી હોય તો તેને ... પણી પાસે પુરાણો અને રામાયણના અપૂર્વ ગ્રંથો છે. રામાયણ ... મહાભારત ઈતિહાસજ કહેવાયછે. આપણી હાલની ભૂગોળોમાં જુ ... દેશનું વર્ણન આપવામાં આવે છે. તે કરતાં વિશેષ શિક્ષણ ... ઐતિહાસિક ગ્રંથોમાંથી આપણને મળે છે. પશ્ચિમ ભણીના વિદ્વાનો અને તેમના અભિપ્રાયને અનુસરનારાઓ એમ કહે છે કે ભૂગોળ વર્ણનમાં તો આપણા રૂષિમુનિઓએ આંખ મીચીનેજ ... માર્યા છે. આપણે પ્રશ્ન પુછીશું કે એ રૂષિમુનિનાં આપેલાં વર્ણનો બરાબર સમજવાને આપણે પ્રયત્ન કીધું છે ? પશ્ચિમ દેશના સાંપ્રત કાળના નિયમોને અનુસરીને એ પૂર્વ સમયના પૂર્વ દેશના ગ્રંથોના અર્થ કરવાને માટે શું આધાર છે ? પ્રિયવ્રત રાજાની કથામાં એવું કહેલું છે કે તેણે સુર્યના જેવા પ્રકાશમાન તેજસ્વ રથમાં બેશીને પૃથ્વિની સાતવાર પ્રદક્ષિણા કરી અને ... તેના રથનાં પૈડયાં જ્યાં જ્યાં ફર્યાં ત્યાં ત્યાં ચીલાઓ થઈ ... અને તેમાંથી ખરા પાણીનો, શેરડીના રસનો, મદિરાના

રસનો, ઘીનો, દુધનો, દહિંનો અને મીઠાં પાણીનો એમ સાત સમુદ્ર થઈ ગયા. આવા સમુદ્રો કયાં જોવામાં આવે છે? આના જેવું હસવા સરખું બીજું શું હોઈ શકે? આ ઠંડા પહોરની છાંટ નહિ તો બીજું શું? આ પ્રમાણેનાં ઉચ્ચારણ આપણે સાંભળીએ છેયે.

હવે આપણે જોઇયે કે આ વર્ણનમાં કંઇ સત્ય સમાયલું છે કે કેમ. **પ્રિયવ્રત**નાં લગ્ન **વિશ્વકર્માની** પુત્રી સાથે થયાં હતાં એ વાત લક્ષમાં રાખવાની છે. **પ્રિય** એટલે સારૂં લાગે તેવું, **વ્રત** એટલે આચરણ છે જેનું તે પ્રિયવ્રત. વિશ્વકર્માનો અર્થ **વિશ્વનો રચનારો.** તેની પુત્રી તે તેનાથી ઉત્પન્ન થયલી શક્તિ છે. એ શક્તિ પ્રિયવ્રત સાથે જોડાય છે અને તે ઉપર કથન કર્યા પ્રમાણે કરે છે. હવે **પૃથ્વિ**નો અર્થ માત્ર જે ગોળા ઉપર આપણે રહીએ છેયે તેજ થતો નથી. તેમાં તો ઘણી ભૂમિ સમાય છે. તે પ્રકૃતિ વાચક છે. આ પ્રકૃતિ જેને અંગ્રેજીમાં matter કહે છે તે છે. એ પ્રકૃતિના સાત વિભાગ કરવામાં આવેલા છે. સૂક્ષ્મથી અતિ સૂક્ષ્મ લઈને છેક ઘટ સુધી ઉતરતાં સાત ભાગ થઈ રહે છે. એ સાત ભાગ દર્શક સાત સમુદ્ર છે. એ સાત પ્રકારે રહેલી પ્રકૃતિનું,–પ્રકૃતિની સાત સ્થિતિને તેનાથી ઉપર રહેલો કોઈ પુરૂષ જોય તો તેને જુદી જુદી સાત સ્થિતિ કેવી દેખાય તે કથન કરેલું છે. શ્રીમદ ભાગવતના પાંચમા સ્કંધના પહેલા અધ્યાયનો છેલ્લો શ્લોક ધ્યાનમાં જો નહિં રાખીને ઉપર ટપકે અર્થ કરીએ તો તેમાં ભુલ આપણી પોતાનીજ છે. તે શ્લોક એ છે કે

भौमं दिव्यं मानुषं च महित्वं कर्म योगजम्
यश्चक्रे निरयौपम्यं पुरुषानुजन प्रियः ॥

સ્વર્ગભૂમિ, માનુષીભૂમિ અને પાતલભૂમિ બધાને માટેજ ઉપલું વર્ણન છે એમ આથી સ્પષ્ટ થાય છે. એના આગલા શ્લોકમાં "દ્વીપો બાંધીને પૃથ્વીના જુદાં જુદાં સ્થાનો કર્યાં હતાં' એમ

કહ્યું છે. એ સાત દ્વીપ તે આપણા જંબુદ્વીપ સાથે બીજા છ છે. તેનાં નામ પ્લક્ષ, શાલ્મલી, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર છે. **ભુવન કોશના** એ સાત દ્વીપ છે. જંબુદ્વીપ તે આપણી પૃથ્વી છે અને પૃથ્વી જેવા બિજા ગોળાઓ જે તેની સાથે સંગળાયલા છે તે આ બીજા છે. બીજાં સ્થાનોને પણ એ લાગુ પડે છે. આ સર્વના મધ્ય ભાગે જંબુદ્વીપ છે. આ પ્રમાણે જે રચના થઈ હતી તે સ્વાયંભુ મન્વંતરમાં થઈ હતી અને ચાલતો મન્વંતર તો વૈવસ્વત છે.

વળી જે નવ ખંડો કહેવાય છે તેનાં આપેલાં વર્ણનનો જો આપણે ઉંડા ઉતરી વિચાર કરીશું તો આપણને માલમ પડશે કે તે સઘળા સ્થૂળ દૃષ્ટિએ જોઇ શકાય તેવા નથી. **ભારતવર્ષ** જ્યારે કહેવામાં આવે છે ત્યારેજ જે ગોળા ઉપર આપણે વસિએ તે સમજવાનો છે. શ્રીમદ્‌ભાગવતના પાંચમાં સ્કંદના ૧૭મા અધ્યાયમાં સ્પષ્ટ ઉચ્ચારણ કરેલું છે કે "ઉપર કહેલા સર્વ ખંડોમાં ભારતવર્ષજ કર્મ કરવાનું ક્ષેત્ર ગણાય છે અને બીજા આઠ ખંડો દેવતાઓને ભોગવતાં બાકી રહેલાં પુણ્ય ભોગવવાનાં છે અને **પૃથ્વીનાં સ્વર્ગ** કહેવાય છે." દિવ્ય સ્વર્ગ અને ભૌમ સ્વર્ગ સેળભેળ કરી નાખવાનાં નથી.

આપણાં પુરાણોનાં સાચાં રહસ્ય સર્વ મનુષ્યો માટે નથી એમ વારંવાર ચેતવણી આપવાની જરૂર નથી. આજ કારણથી તેની રચના એવી રીતે કરેલી છે કે ચતુર હોય તે ચેતે અને બીજા ગોથાં ખાય. આપણે વર્ષના સંબંધમાં ઉપર જે કહ્યું તેની સાથે એક વાત બીજી પણ ધ્યાનમાં રાખવાની છે કે આપણી આ પૃથ્વીના વિભાગોને પણ વર્ષ અને ખંડ કથન કરેલા છે. આપણી પૃથ્વીના વિભાગો જ્યારે સમજવા હોય ત્યારે હમણાના નકશાઓ મગજમાંથી સમુળા દુર કરવા. પૃથ્વીના જે જે વિભાગો પૂર્વે પાડેલા હતા તે કુદરતી અથવા સ્વભાવિક હતા. પૃથ્વીના ગોળાની મધ્યે ભૂકક્ષા કલ્પીને ઉત્તર ગોળાર્ધ અને દક્ષિણ ગોળાર્ધ એમ બે વિભાગ હમણા દર્શાવવામાં આવે છે પણ આપણા જુના

ગ્રંથો સમજવા માટે હીમાલયની પશ્ચિમમાં ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધીની રેશા કલ્પવાની છે, એવી રીતે જે બે અર્ધ ગોળ પ્રાય લોમાં ભિન્ન વિભાગો જોઈ લેવાના છે. એ વિભાગ કેવા સ્વભાવિક હતા તે એટલાજ ઉપરથી સમજાશે કે બે પર્વતોની હારની વચ્ચેનો જે ભાગ તે વર્ષ. હીમાલયની દક્ષિણે ભારત વર્ષ, હીમાલય અને હેમકુટની વચ્ચે કિંપુરૂષ, હેમકુટ અને નિષાદની વચ્ચે હરીવર્ષ ઈત્યાદિ. હેમકુટ તે આલ્તાઈ પર્વત હશે એમ લાગે છે.

પૃથ્વીના પ્રમાણનો વિષય હવે આપણું લક્ષ ખેંચે છે. જે સ્થિતિમાં પૃથ્વી આપણે જોઈએ છૈયે તે સ્થિતિ પરાપૂર્વથી ચાલ આવેલી નથી. આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વિ એ પાંચ મુખ્ય તત્વ છે, અને વસ્તુ માત્રની રચના એ પાંચથી થયલી છે. આકાશ તત્વ પ્રથમ છે, તે વિકાર પામતાં વાયુ ઉત્પન્ન થાય છે, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ અને જળથી પૃથ્વી છે. પૃથ્વીમાં બધાં તત્વ અંશરૂપે રહેલાં છે. આ પ્રમાણે જોતાં **પૃથ્વી તત્વનું** ઘટરૂપ આપણી **પૃથ્વી** જણાય છે એ ઘટ પૃથ્વીનું ઘટ પૃષ્ટ બંધાતાં કેટલો કાળ વીત્યો હશે તે કોણ કહી શકશે, ? પશ્ચિમ ભણીના વિદ્વાનો પણ એકમત નથી. પૃથ્વી જે સમયે માત્ર અગ્નિનો ગોળો હશે તે સમયે તે કેવડી હશે, વરાળરૂપ અને જળરૂપ હશે ત્યારે અગ્નિરૂપથી સંકોચિત થયલી નહિ હોય ? એ વરાળ રૂપ કેટલું બધું સંકોચિત થતાં ઘટ પૃષ્ટ બંધાવવાનો સમય આવ્યો હશે ? આ પ્રમાણે વિચારતાં ભવિષમાં પણ પૃથ્વીનો ગોળો સંકોચિત થઇ નાનો થશે એમ સમજાય છે. આ પ્રમાણે છતાં આજે તેનું જે પ્રમાણ છે તે પ્રમાણ ભવિષમાં કાયમ રહેશે નહિં અને ભવિષમાં થનારી પ્રજા આપણા પ્રમાણને કેમ જુઠાં નહિં કહે ? પુરાણોમાં જે પ્રમાણ અને વિસ્તાર આપ્યાં છે તે આજના તો નથીજ અને તે કયારનાં છે એ કોણ નિશ્ચય કરવાને શક્તિમાન છે ? ત્યારે આ કારણથી પુરાણોને જુઠાં કહેનારને આપણે કેવા ગણવા ?

સમસ્ત જગત જળમય હતું. આપણી પૃથ્વી જળમય હતી એવું આપણા પુરાણોમાં સ્પષ્ટ કથન છે. **મત્સ્યાવતાર** તથા **વારાહઅવતાર**ની કથા મર્મની ભરેલી છે. મત્સ્યાવતારની કથાના એક કરતાં વધારે અર્થ થાય છે જેનું કંઇક કથન હવે પછી આપણે કરીશું, પણ એટલું તો અહિં કહેવું અવશ્ય છે કે જ્યારે સર્વ મંડળોનો પ્રલય થાય છે અને પછી સૃષ્ટિના આરં-ભનો સમય આવે છે ત્યારે પ્રથમ પ્રકૃતિરૂપી સમુદ્ર—પ્રકૃતિરૂપી જ ની અવકાશ ભરપુર ભાસે છે. રજોગુણ ક્રિયાદર્શક છે અને ને રૂપોની રચનાને અર્થે એ સમુદ્ર અથવા જળમાં મોજાંઓ ઉ ા રહે છે. નારાયણ શબ્દમાં **નારા** પ્રકૃતિ વાચક છે, અને ન / જળ વાચક છે એટલે પ્રકૃતિને જળરૂપ ગણવામાં અયો- કંઇજ નથી. જળમાં નિવાસ માત્ર મીન કરી શકે છે અને મીનાવતાર પ્રથમ છે.

વારાહ અવતાર વખતે પણ પૃથ્વી દૃષ્ટિગોચર થતી નોતી અં સઘળે જળમય હતું. **મત્સ્ય** અને **કુર્માવતાર** વારાહની છે, છતાં કેટલેક સ્થળે વારાહને પ્રથમ અવતાર દર્શાવેલો સ્મામાં કાંઈ વિરોધ નથી કેમકે મત્સ્ય અને કૂર્મ આગલા ાં થઈ ગયા હતા. ત્યાર પછીના વારાહ કલ્પમાં પ્રથમ ાર વારાહનો હતો. વારાહ ભગવાન **હીરણ્યાક્ષ** દૈત્યને મારીને પૃથ્વીને જળમાંથી ખેંચીને ઉપર આણે છે. જુદાં જુદાં પ્રાણીઓનું પ્રથમ દર્શન વારાહ અવતાર પછીજ થાય છે. ઉપલા લોકમાં જે જે વ્યક્તિઓનાં અતિ સૂક્ષ્મ રૂપો બંધાયાં ાં તે તે વ્યક્તિઓને પૃથ્વિ ઉપર પ્રગટ પડવાનો સમય સમિ-પમાં હતો, અને વારાહ ભગવાને એટલાજ માટે પૃથ્વીને જળ-માંથી જુદી—ઉંચે આણી મુકી. **કલ્પપ્રલય** પછી **ભૂમંડળની** રચના વારાહ ભગવાનથી થઈ. સાત લોકમાં સર્વથી નિચેનો લોક ભૂર્ લોક છે. એમાં પૃથ્વી તત્વનું પ્રાધાન્ય છે. પૃથ્વીનો ગુણ ગંધ છે, અને વારાહ ગંધ સૂચક છે. ઉપલા લોકમાં રહેલા પૂર્વ કાળના જીવોનાં બાકી રહી ગયલાં કર્મોને માટે ફરીથી કર્મ ભૂ-

મિમાં તેઓને જન્મો લેવા અવશ્ય હતા અને તેથી તેઓનાં હિત ને અર્થે કર્મ ભૂમિને વારાહ ભગવાને પ્રગટ કરી. **હિરણ્યાક્ષનો** નિવાસ પાતળમાં છે. પાતાળનો અર્થ પગની નીચે થાસ છે. તે ગંધ તન્માત્રાને અનુસરે છે અને સર્વથી નીચી સ્થિતિને—જડતાને દર્શાવે છે. એ હિરણ્યાક્ષ **તામસિક** ગુણ ધરાવે છે. તામસગુણ **જડતા**—સ્થીરતા વાચક છે, એટલે પ્રલય થયા પછી જીવની ઉન્નતિની વૃદ્ધિમાં વિધ્ન કરનાર એ સ્થીરતા અથવા જડતા છે, એ જડતા જાય નહિ, સ્થીતિનો ફેરફાર થાય નહિં ત્યાં સુધી ઉન્નતિ માર્ગ ખુલે પણ નહિં. માટે એ જડતાનો નાશ કરીને રજોગુણ જે જુદી જુદી સ્થિતિનો કર્તા છે તેની સત્તાનો નાદ થવો જોઈએ. એ પ્રમાણે થાય તેને સારૂ વારાહ ભગવાન હિરણ્યાક્ષને મારી નાખે છે એમ કથન કરવામાં આવ્યું છે. આવી રીતે વિચાર કરતાં પુરાણોના કર્તાનાં નાના સરખાં મસ્તકમાં કેટલું વિશાળ, અપાર અને અગાધ જ્ઞાન સમાયલું હતું તે જાણી આપણે આશ્ચર્યતા પામ્યા વિના રહેતા નથી.

પ્રકરણ ૪થું.

આગળ સમજાવી ગયા તે પ્રમાણે શ્રી વારાહ ભગવાનની કૃપાથી જીવનાં કલ્યાણને અર્થે પૃથ્વિનો પ્રાદુર્ભાવ થયો. એજ પૃથ્વિ મહાન્ પંડિતા,મેડમ **બ્લાવાટસ્કિના** સીક્રેટ ડોકટ્રીન નામના રચેલા અપૂર્વ ગ્રંથ પ્રમાણે, એક કરોડ એંશી લાખ વર્ષ થયાં મનુષ્ય જાતિનું નિવાસ અને આશ્રય સ્થાન જોવામાં આવે છે. (જુઓ એ ગ્રંથ ભાગ ૨ પાનુ ૧૫૮). એ જે જાતિઓ થઈ ગઈ તે સઘળી એક સરખી નોતી. પ્રત્યેકનાં રૂપ, ગુણ અને વર્ણમાં ભિન્નતા હતી. જ્યારે જ્યારે નવી જાતિને પ્રગટ થવાનો સમય આવતો, ત્યારે એકનો પ્રલય અને બીજાનો પ્રાદુર્ભાવ એ પ્રમાણે કથન થતું હતું. પ્રલય બે પ્રકારનો હતો, એક અગ્નિથી અને બીજો જળથી. પ્રલયના પ્રસંગોનું વર્ણન **મનુ** અને **મત્સ્યની**

કથાથી કરેલું છે. એ કથા જુદા જુદા ગ્રંથોમાં વર્ણવેલી છે. સર્વમાં સરખાપણું નથી તેનું કારણ ભિન્ન ભિન્ન નવિન પ્રસંગો છે. એ કથાઓના મર્મ જો લક્ષમાં રાખીને આપણે મનુષ્ય જાતિનો વિચાર કરીશું તો આપણને વધારે સારી સમજ પડશે. જુદા જુદા ગ્રંથો મધ્યેથી મત્સ્યાવતારની કથાનો ટુંકો સાર આપણે નીચે આપીશું.

શતપથ બ્રા; કાં. ૧ અ. ૮ બ્રા. ૧.

મનુ સ્નાન કરતા હતા તે વેળા તેના હાથમાં એક મત્સ્ય આવ્યું મત્સ્ય મનુને કહે છે કે પ્રલય થશે અને તેમાં સઘળા જીવો ઘસડાઈ જશે અને તેમાંથી હું તને ઉગારી લઈશ; જ્યાં સુધી અમે ન્હાના છીએ ત્યાં સુધી અમને ભય છે, મત્સ્ય મત્સ્યનો ભક્ષ કરે છે, માટે તું મને વાસણમાં રાખજે અને હું વધું ત્યારે એક મોટો ખાડો ખોદીને તેમાં મને રાખજે, અને જ્યારે ત્યાં પણ વધીને હું મોટો થાઉં ત્યારે તું મને સમુદ્રમાં નાખજે, અમુક સમયે પ્રલય થશે માટે તું નાવ તૈયાર કરજે અને જળ ઉછળી આવતાં તું તેમાં બેશી જજે. એ પ્રમાણે થયું અને મનુએ કીધું. નાવનું દોરડું મત્સ્યનાં સીંગડાં સાથે બાંધ્યું અને નાવ પેલી મેર ઉત્તર તરફના પર્વત ભણી ગયું. પછી મત્સ્ય કહે છે કે ઝાડની સાથે નાવને બાંધી દે પણ પાણી **વહી જાય અને તેનાથી તું કેવળ જુદો પડે એમ થવા નહિં દેતો**; પાણી ઉતરે તેની સાથે તું ધીરે ધીરે ઉતરજે. એ પછી સઘળું ઘસડાઈ ગયું અને મનુ એકલોજ રહ્યો. ત્યાર કેડે તેણે પુત્ર માટે તપ કીધું અને મિત્ર તથા વરૂણનો યજ્ઞ કીધો. તે યજ્ઞમાંથી પુત્રીની પ્રાપ્તિ થઈ. મિત્ર તથા વરૂણે તે કન્યાને પુછયું કે તું કોની છે. તેણે ઉત્તર વાળ્યો કે જેણે મને ઉત્પન્ન કરી તેની. તેઓએ કહ્યું કે તું અમારી છે એમ કહે પણ તેણીએ હા પણ નહિ પાડી અને ના પણ નહિ કહી. તેણે મનુને કહ્યું કે હું તારી પુત્રી છું. ઇડા અને એજ મૈત્રાવરૂણા કહેવાય છે.

મત્સ્ય પુરાણ—

મનુ નામના રાજાએ પોતાના પુત્રને રાજ સોંપી તપ કીધું અને બ્રહ્માને પ્રસન્ન કરી તેમની પાસે એવો વર માગ્યો કે "પ્રલય કાળ પ્રાપ્ત થયો છતાં પ્રાણી માત્રનું રક્ષણ કરવા હું સમર્થ થાઉં." બ્રહ્માએ એ વરદાન આપ્યું. પછી એક સમયે તે **પિતૃતર્પણ** કરતો હતો તે સમયે એક મત્સ્ય પડયું. મત્સ્ય તેને કહે છે કે આ પૃથ્વી થોડા કાળમાં, પર્વત, નદી અને અરણ્ય સુધાંત જળમાં બુડી જશે; **દેવોએ જીવોનાં રક્ષણાર્થે આ નૌકા નિર્માણ કરી છે.** હે રાજા, **સ્વેદ, જમીન, ગર્ભાશય અને અંડ** (ઈંડુ) **એ બધાંમાંથી ઉપજેલા** સંપૂર્ણ અનાથ જીવોને આ નાવમા બેસાડીને તેઓનું તું રક્ષણ કરજે. એકસો વર્ષ સુધી દુષ્કાળ રહેશે. સૂર્યનાં સાત કીર્ણ પ્રાણીઓનો નાશ કરશે, સમુદ્રના અગ્નિ મર્યાદા છોડશે, શેષનાગના મુખમાંથી અગ્નિ નીકળશે, શિવજીનાં ત્રિજા નેત્રમાંથી અગ્નિ નીકળશે, અને પછી વૃષ્ટિથી પ્રલય થશે. આ **વેદરૂપ** નાવ લઈ **સર્વ પ્રાણીઓનાં બીજ** નાવમાં રાખી, મારી આપેલી દોરી મારે સીંગડે બાંધજે. ચંદ્ર, સૂર્ય, હું, બ્રહ્મદેવ તથા જન, મહર્ તપ અને સત્ય એ ચાર લોક સહીત, તું જીવતો રહીશ. આ પ્રમાણે કૃત યુગને આરંભે તું મન્વંતરનો અધિપતિ થઈશ. આવી રીતે પ્રાણી માત્રનો **અલ્પ પ્રલય** થયે છતે તે ચાક્ષુસ મન્વંતરમાં રહેછે.
શ્રીમદ્ભાગવત્–સ્કં. ૮, અ. ૨૪

સત્યવૃત રાજા જે સૂર્યના પુત્ર **શ્રાદ્ધદેવને** નામે પ્રખ્યાત છે અને મનુ થયો છે તે **કૃતમાલા** નદિમાં સ્નાન તથા તર્પણ કરતો હતો, તેને ભગવાન કહે છે કે સાતમે દિવસે ત્રણ લોક પ્રલયથી સમુદ્રમાં ડુબવા માંડશે ત્યારે હું નાવ મોકલીશ, તે નાવને વાસુકી નાગદ્વારા મારા શીંગડાં સાથે બાંધજે અને સર્વ ઔષધિઓ, નાના મોટાં બીજ લઇને, **સપ્ત ઋષિઓ** તથા સર્વ **જીવોની** સાથે એ મારી મોકલેલી નૌકામા તું ચડી બેસજે.

સ્કં. ૧. અ. ૩–ભગવાને મત્સ્યાવતાર ધારણ કરીને ચાક્ષુસ મન્વંતરમાં સમુદ્ર એકઠાથઈને પ્રલય થયો ત્યારે પૃથ્વિરૂપ નૌકામાં વૈવસ્વત મનુને બેસાડીને તેની રક્ષા કરી.

શ્રીમહાભારત વનપર્વ માર્કંડેય સમસ્યપર્વ અ. ૧૮૭ વિવસ્વત મનુના પુત્ર એક **મહર્ષિ** હતા. તેમણે **બદ્રીમાં** દશ હજાર વર્ષ સુધી તપ કીધું. તેને પણ નદીને કીનારે મત્સ્ય આવી મળ્યું. તે મત્સ્યને ગંગામાં અને સમુદ્રમાં તેણે મુકયું. તે મત્સ્યે તેને કહ્યું કે સ્થાવર જંગમ સર્વનો પ્રલય થશે, માટે નાવ **બાંધજે**, અને **સાત રૂષિને લઈને તેમાં** તું બેસજે અને પૂર્વે **બ્રાહ્મણોએ કહેલાં જુદા જુદા પ્રકારનાં બીજ સાથે રાખજે**—મારા સીંગડાંથી તું મને ઓળખી લેજે અને સીંગડાં સાથે દોરડું બાંધજે. સ્વર્ગ સુધાંત સઘળું જળમય થઈ ગયું કે તે સમયે મનુ, સપ્ત રૂષિઓ, અને મત્સ્ય એ ત્રણજ હતા અને બીજું કાંઈ નહોતું. પછી નાવને હીમાલયને શિખરે બાંધ્યું. મત્સ્ય વિશેષ કહે છે કે હું બ્રહ્મ છું, અને મનુ સર્વ પ્રાણીઓ, દેવતાઓ, અસુરો, મનુષ્યો અને સર્વ ચર અને અચરને ઉત્પન્ન કરશે. મનુએ તપ કરીને તેમ કીધું.

વિષ્ણુપુરાણ પ્રમાણે પુત્રની કામનાવાળા વૈવસ્વત મનુએ મિત્ર અને **વરૂણનો** યજ્ઞ કીધો અને તેમાં હોતાની ચુકથી તેને ઈડા થઈ. **મિત્ર** અને **વરૂણની કૃપાથી** તે સ્ત્રીનું રૂપ બદલી પુત્ર થઈ અને તે પુત્રનુ નામ **સુદ્યુમ્ન** હતું. શિવના શાપથી પુત્રની ફરી પુત્રી થાય છે, એ પુત્રી પાછળથી વળી પુત્ર થાય છે.

આ પ્રમાણે થોડો થોડો ફેરફાર ધરાવનારી આ કથા છે પણ એમાં જે ભિન્નતા રહી છે તેજ મર્મ દર્શાવે છે.

શ્રીમદ્ભાગવતના ઉપર ટીકા કરતાં શ્રીધરસ્વામિ કહે છે કે ચાક્ષુસ 'મન્વંતરને અંતે પ્રલય થયો નહોતો, અને રાજાને જે જણાયું 'તે માત્ર માયા હતી.

સૂર્ય સિદ્ધાંત પ્રમાણે બે મન્વંતરની વચ્ચે જ્યારે સંધી આવે છે ત્યારે પ્રલય થાય છે.

નીચે બતાવ્યા પ્રમાણે જ્યારે આપણે વિચાર કરીશું તો

ભિન્નતા ક્યાં છે અને શા માટે છે તે આપણે સમજવાને શક્તિવાન થઈશું.

સત્પથ બ્રાહ્મણમાં

૧ કલ્પ કે મન્વંતર સંબંધી કંઈજ કહેવામાં આવ્યું નથી

૨ રેલ ક્યારે આવશે તે તેમાં નથી.

૩ મનુ એકલોજ શબ્દ વાપર્યો છે, અને ક્યો મનુ તે લખ્યું ન

૪ માછલી મનુને ક્યાં મળી તે સ્થળ દર્શાવ્યું નથી.

૫ ઋષિઓ સાથે હતા એવું કથન નથી તેમજ બીજાએ ન બીજ રાખ્યાં હતાં એમ પણ કહેલું નથી.

૬ નાવ જ્યાં ઠર્યું તે પર્વતનું નામ નથી, માત્ર ઉત્તર દિશા જણાવેલી છે.

૭ નદીમાં માછલીને નાંખવાનું લખ્યું નથી.

મનુએ તપશ્ચર્યા કરીને પાકયજ્ઞ કીધા જેમાંથી ઈડા પ્રથઇ. મિત્ર ને વરૂણ તે ઇડાને મળ્યા અને તે મૈત્રા વારૂણી કહેવાઈ.

હવે મહાભારતમાં

૧ સંપ્રક્ષાલનકાળ આવ્યો હતો.

૨ જલદીથી પ્રલય થશે એમ કહ્યું છે.

૩ મન્વંતર કે કલ્પ નથી, પણ વૈવસ્વત મનુ એમ લખ્યું છે.

૪ ચીરીણી નામની નદીના કીનારા ઉપર માછલી મળી હતી.

૫ માછલીને ગંગાજીમાં નાંખી હતી.

૬ સાત ઋષિઓ અને સર્વનાં બીજ લેવાનું લખ્યું છે.

૭ હીમાલયના નૌબંધન નામના શીખરે નાવ થંભ્યું હતું.

૮ સંતતિ ઉત્પન્ન કરી નથી, પણ મનુષ્ય આદિ સર્વ પ્રાણીને ઉત્પન્ન કીધાં.

શ્રીમદ્ભાગવતમાં—

૧ સાત દિવસ પછી પ્રલય થશે.

૨ દ્રવિડ દેશનો રાજા હતો અને તેનું નામ સત્યવ્રત હતું. આ મહાકલ્પ એમ કથન કરી એ સત્યવ્રતને વિવસ્વાતનો પુત્ર કહેલો છે.

નદી દ્રવીડ દેશમાં છે અને તેનું નામ કૃતમાળા છે.

૪ સાત રૂષિ, છોડો, બીજ અને સર્વ પ્રાણીઓને લીધાં છે.

નાવ ક્યાં થંભ્યું તે નથી.

દાનવ હયગ્રીવ વેદ હરણ કરી ગયો હતો તે પાછા લાવવા ને માટે આ અવતાર હતો.

૭ મનુએ સૃષ્ટિ કરી નથી પણ તેના વંશજોનું વર્ણન છે. પુરાણમાં.

૧ સહસ્ર કીર્તિમજ અને રવિનંદન કહીને મનુ વૈવસ્વત છે.

૨ પ્રલય થતાં પ્રજાપતિ અને મન્વંતરના અધિપતિ લખ્યું છે.

૩ પ્રલય ચાક્ષુસ મન્વંતરના અંત ભાગે થયો હતો એવું છે. વિષ્ણુપુરાણમાં

વિશેષ એટલુંજ છે કે ઇડા સ્ત્રી અને પુરૂષ અને સ્ત્રી, એમ વારંવાર થયાં કરે છે.

સત્પથ બ્રાહ્મણમાં જે પ્રલયની કથા છે તે બ્રહ્માનો એક દિવસ થતાં જે મહાપ્રલય થાય છે તે પ્રલય છે. એમાં બીજ-માત્ર મનુ રહે છે, અને બીજું કાંઈ પણ રહેતું નથી.

ઇડાની કથા ત્રીજી મનુષ્ય જાતિના સંબંધમાં છે, તેમાં સ્ત્રીની ઉત્પતી ક્રીયાશક્તિ વડે હતી.

બીજી કથાઓ વૈવસ્વત મનુના સંબંધમાં છે, પણ આપણે પેઠે ધ્યાનમાં રાખવું જોઈએ કે વૈવસ્વત નામ એક વ્યક્તિનું નથી પણ વધારે વ્યક્તિનું છે. મન્વંતરના અધિપતિને એ નામથી કથન કરેલો છે, અને મન્વંતરના સમય દરમ્યાન સત્તાના ઉપાધિકારીઓ જે થયા છે તે પણ એજ નામથી પ્રસિદ્ધ છે. કલ્પ, મન્વંતર, યુગ, પેટા યુગ, ઈત્યાદિકની મર્મ અને યુક્તિમય રચના અત્યંત પરિશ્રમ વિના સમજાય તેવી નથી.

પ્રલય એટલે સાધારણ રીતે રેલની કથાઓ, સૃષ્ટિના આરંભને, આકાશ મંડળને, ભૂમંડળને, મનુષ્યજાતિનાં રૂપાંતરને અને પૃથ્વી ઉપર આવી ગયલી રેલોને લાગુ પડે છે એટલે એ સર્વનું વર્ણન એને વિશે સમાયલું છે.

જ્યારે એક ગોળો અથવા પૃથ્વી તેને માટે નિર્માણ કરેલું કાર્ય કરીને પરવારે છે ત્યારે તે લયમાં જાય છે, ને તે ઉપરના શેષ જીવોની ઉન્નતિ–વિશેષ ઉન્નતિને માટે બીજો ગોળો–બીજી પૃથ્વી થવા માંડે છે. એ સમયે પ્રકૃતિરૂપ જળનાં મોજાં, મોટાં મોટાં મોજાં જોરથી ઉછળવા માંડે છે, તે વખતે એક નાવ આવી ચડે છે, અને લયમાં જતા ગોળા મધ્યેના જીવનનાં સર્વ બીજ લઈને રૂષિઓ તે નાવમાં બેશી ને નવી ભૂમિમાં જઈને ઉતરે છે. આ રૂષિઓની સાથે બીજ **મનુ** રહે છે.

ચૈતન્યના અંશનું પ્રકૃતિમાં ઉતરવું એજ કથા દર્શાવે છે. સનત્સુજાતીયના ૪થા અધ્યાય ઉપર શ્રીમદ્ શંકરાચાર્યની જે ટીકા છે તેમાં સ્પષ્ટ કહ્યું છે કે અવ્યક્ત આદિ મૂળ પ્રકૃતિ તે જળ છે.

નાવ ગર્ભસ્થાન અર્થવાચક છે. એ અર્થ દર્શાવનાર ઊંચે અંતરિક્ષમાં ચંદ્ર છે. વિષ્ણુ અને વિષ્ણુરૂપ સૂર્ય પ્રાણપ્રેરક છે.

જ્યારે ત્રિલોકનો પ્રલય થાય છે ત્યારે ઉપલા ચાર લોક રહે છે અને પ્રલય થયલા ત્રિલોકના જીવો મહર્લોકમાં જતા રહે છે, અને નવી સૃષ્ટિ થતાં તેમાં ત્યાંથી જાય છે.

આ સઘળી રચના જીવના કલ્યાણાર્થે છે. મનુષ્યયોનિમાં અવતરીને, જીવ– ઇશ્વરી અંશ—સર્વ અનુભવો લઈને પોતાની અંતરની સર્વ શક્તિઓને જાગૃત કરીને પ્રકાશમાન કરે નહિં ત્યાં સુધી તેનું પ્રયાણ સફળ થતું નથી. જીવનનો આ પરમ હેતુ સાધવાનું ઉત્તમ સાધન માનુષી દેહ છે, એ માનુષ્ય યોનિની વ્યક્તિની પ્રથમથી રચના રચાય છે.

મત્સ્યાવતારનો આધ્યાત્મિક પણ અર્થ થાય છે. નીલકંઠ પંડિત એ અવતાર ઉપર ટીકા કરતાં કહે છે કે मनुते इति

अभिमानात्माकोऽहंकारो मनुः અભિમાનાત્મક જે અહંકાર તેજ મનુઃ विवस्वतः विशेषेण वस्ते आच्छादयति चित्प्रकाश इति विवेक ज्ञानं तद्वान विवस्वान मायावि इश्वरः+ + मायीन तु महेश्वर इतिश्रुतेः तस्य वैवस्वतस्य चरितं संचारणं મનના પ્રકાશને ફેલાણી વસ્તુથી આચ્છાદન થાય છે એવું વિવેકજ્ઞાન જેને વિશે રહેલું છે તે વિવસ્વત એટલે ઈશ્વર. મત્સ્યરૂપ તે પર બ્રહ્મનું એક સ્વરૂપ છે. એ મત્સ્યને મનુ એટલે અહંકાર તપના પ્રભાવ–બળથી પાત્રમાં, તળાવમાં નાખે છે. એ પાત્ર અને તળાવ સ્થૂળ દેહદર્શક છે. મત્સ્યનું કદ વધતું જાય છે એટલે તેની વૃદ્ધિ–તેની ઉન્નતિ થતી જાય છે. આ પ્રમાણે થતાં અંતે સમુદ્રમાં તેને નાંખવામાં આવે છે. સમુદ્ર વિરાજ દેહને સ્થાને છે. અદ્યાપિ પણ મત્સ્યરૂપ દેહધારી જીવ અહંકારને જોઈ રહેલો છે; બાળી નાખેલાં વસ્ત્રની રાખ રૂપ તે જણાય છે. પ્રાણાદિક સાત રૂષિઓ, અને પૂર્વ જન્મોનાં કર્મો રૂપી બીજ લઈને તે છેવટના દેહરૂપ નાવમાં બેસે છે અને પ્રલયકાળે વાસનારૂપી દોરડાથી તે સદ્વાસના વડે હીમાલયના ઉંચા અને અચળ સ્થાનને વિશે વિશ્રાંતિને પામે છે. મત્સ્ય અદૃષ્ય થાય છે. મનુનો પિતા વિવસ્વત ઈશ્વરને સ્થાને છે. મનુ તે અહંકાર છે. મત્સ્ય તે જીવ–દેહરૂપી ઉપાધિમાં પડેલો, પરમાત્માથી હું ભિન્ન છું એમ માનનારો છે. કલ્પને અંતનો અર્થ અજ્ઞાનનો નાશ છે.

ઉપર મત્સ્યાવતારના સંબંધમાં જે કંઈ વિસ્તારથી કહેવામાં આવ્યું છે તેની અગત્યતા મનુષ્યની જુદી જુદી જાતિઓમાં ઉત્પન્ન થયલા પ્રસંગોનાં કથનમાં સ્પષ્ટ જણાઈ આવશે. પ્રત્યેક પ્રસંગે મત્સ્યાવતારની કથા કહેવી અને પ્રસંગને અનુસરતો અને અનુકુળ અર્થ સમજાવવો તેના કરતાં પ્રથમથીજ તે કહી મનુષ્ય જાતિના વિષયમાં પછી ઉતરવું એ વધારે સારૂં છે. આ પ્રમાણે કરવામાં વાંચકવર્ગને જો કંઈ દોષ જેવું લાગે તો તે ક્ષમા કરવાની કૃપા કરશે એવી આશા છે.

પ્રકરણ ૫ મું.

આપણી આ પૃથ્વી કર્મભૂમિ છે અને તેથી ખરેખર સદ્ભાગ્ય છે તે જીવ કે જે અહિં મનુષ્યરૂપે જન્મ ધારણ કરે છે. મનુષ્ય શબ્દથી શું સમજવું. દ્દષ્ટિગોચર થાય છે જે શરીર આપણને, તેને શું માણસ–મનુષ્યની સંજ્ઞા આપીશું તો ઘટિત છે ? કહિએ છૈએ સાધારણ રીતે આપણે વારંવાર કે સર્વ વ્યક્તિ પ્રગટી છે, પુરૂષ અને પ્રકૃતિથી અને મનુષ્ય પણ છે પુરૂષ અને પ્રકૃતિમય. આ કથન કેવળ અસત્ય નથી. પણ સદાય સ્મર્ણમાં રાખવું જોઇયે કે એક ચૈતન્ય છે બીજી જડ છે. દેહ જડ અથવા પ્રકૃતિનું કાર્ય છે, અને પ્રકાશી રહ્યું છે ચૈતન્ય તેને વિશે. ચૈતન્ય અરૂપ છે, પ્રકૃતિ રૂપવાન છે. રૂપ અને અંરૂપનો સંયોગ, એ બેનું એકત્વ, શી રીતે હોઇ શકે ? રૂપ અને અરૂપ બન્નેના ગુણ જે ધરાવે તે જો મધ્યમાં આવે તોજ સંપુર્ણ સંલગ્ન શોભે. મન રૂપારૂપ છે અને તેથી તેની આવશ્યકતા છે. ત્યારે ચૈતન્ય, મન અને દેહ એ ત્રણ મનુષ્યનાં મુખ્ય તત્વ છે. મન અને દેહ ક્યાંથી આવ્યાં અને કોણે આપ્યાં ? દેહની રચના જે દેવતાથી થયલી છે તે બર્હિષદ પિતૃ નામથી વખાણાયલા છે. મનના આપનારા દેવતા અગ્નિષ્વાત પિતૃ કહેવાય છે. પિતૃ શ્રાધ્ધ અને પિતૃ તર્પણ કરવામાં આવે છે તેનું કારણ એજ છે.

જ્યારે એક પૃથ્વી અને તેની સાથે સંગળાયલા છ ગોળાઓનું કર્ત્તવ્ય સમાપ્ત થવાનો સમય આવે છે ત્યારે તેના ઉપર જીવન વિશેષકાળ નહિ ચાલતાં અટકી પડે છે. એ ગોળાઓની દેહ–તેનાં શરીર–સબવત થઈ જતાં તેઓનાં પરમાણુ ધીરે ધીરે છુટાં પડવા માંડે છે. એ મંડળના શેષ જીવોની આગળ વૃદ્ધિ થવાને સારૂ એવું સાત ગોળાનું નવું મંડળ બંધાય છે, અને તે બંધાઈ રહેતાં મૃત મંડળના જીવો આ નવા મંડળ ઉપર અવતાર લઇને આવે છે. આ પ્રમાણે આપણી પૃથ્વીના ગોળાનું અને તેના છ સોબતીઓનું બંધારણ બંધાયું અને ચંદ્રનું

એવું મંડળ જે પૂર્વે હતું અને જેનું આયુષ પુરૂં થઈ જવા પામ્યું હતું તેના ઉપર જન્મ લેનાર જીવો અહિં એટલે આપણી પૃથ્વી ઊપર ઉતરી આવ્યા. એ ચંદ્ર મંડળના કેટલાક જીવો ઉન્નતિ ક્રમમાં બહુ આગળ વધીને બર્હિષદ પિતૃની પદવીને પામ્યા હતા. બર્હિષદ પિતૃનું ધામ ચંદ્રમા અથવા સોમ છે એમ જે કહેવાય છે તે એટલાજ માટે પણ બર્હિષદ પિતૃ માત્ર એ જીવોજ નથી.

ચંદ્રમાના અધિષ્ટાતા દેવતાઓ આ પૃથ્વીના ગોળાની રચના રચાય છે તે ઉપર ઘણીજ દેખરેખ રાખે છે, કેમકે તેમની સત્તામાં રહેલા જીવોની ઉન્નતિનું કાર્ય જોવાનું કામ તેઓનું છે. જેવા પૃથ્વીને માટે બર્હિષદ પિતૃ છે તેવા સોમ અથવા ચંદ્રમંડળ માટે પણ હતા અને બીજા મંડળ માટે હોય છે. વિધવિધ રૂપોને ઉત્પન્ન કરનારા એ બર્હિષદ પિતૃ છે. તેઓ પોતાનાં રૂપની છાયા નાખે છે અને તે છાયાની આસપાસ નવિન દેહ રચાય છે.

પિતૃઓનો વિષય અતિ કઠિણ અને ગુંચવાડા ભરેલો છે. પિતૃ કોણ છે એ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર કોઈ પણ એક પુસ્તકમાંથી આપણને મળી શકતો નથી. તેઓના બે વર્ગ પડેલા જણાય છે; અમૂર્ત અને મૂર્ત. અમૂર્ત એટલે મૂર્ત–રૂપ–રહિત, અને મૂર્ત એટલે રૂપધારી. અમૂર્ત ત્રણ છે, અને મૂર્ત ચાર છે. હરીવંશના ૧૮મા અધ્યાયમાં કહ્યું છે કે સ્વર્ગમાં સાત પિતૃ રહેલા છે, તેમાં ચાર મૂર્તિવાળા અને ત્રણ મૂર્તિ રહિત છે. ધર્મની મૂર્તિ ધારણ કરવાવાળા ત્રણ પિતૃગણ છે, જે મૂર્તિ રહિત અને પ્રકાશવાળા વિરાટ પ્રજાપતિના પુત્ર છે. અને તેમનું નામ વૈરાજ છે અને તેઓનો નિવાસ સનાતન લોકમાં છે. એને દેવતાઓ પૂજે છે. **એજ પિતૃ યોગથી ભ્રષ્ટ થઇ હજારો યુગોને અંતે બ્રહ્મવાદી થાય છે અને એજ પિતૃ ચંદ્રમાને પુષ્ટ કરે** છે. પિતરોનો **એ પ્રથમ કલ્પ છે.** વળી એજ અધ્યાયમાં છે કે સોમ પદ લોકમાં વસનારા મરીચિના પુત્ર પિતરો છે **તેમને દેવતા પુષ્ટ** કરે છે. એ અગ્નિષ્વાતા નામથી

પ્રખ્યાત છે. મત્સ્યપુરાણુના અધ્યાય ૧૪ માં એજ પ્રમાણે કથન છે. અધ્યાય ૧૫માં લખ્યું છે કે સ્વર્ગમાં દેદીપ્યમાન **વિભ્રાજ** નામે લોક છે તે લોકમાં બર્હિષદ નામે પિતરો વસે છે. દેવ, અસુર, ગંધર્વ, અપ્સરા, યક્ષ, રાક્ષસ, એ સર્વે એ પિતરોને સ્વર્ગમાં પૂજે છે. એ **પુલસ્ત્યરૂષિના** પુત્રો છે અને તે તપ, યોગ સાધન કરનારા, મહાત્મા, ભાગ્યવંત ભક્તને અભય આપનારા, મંગળ કાર્યને વિશે નાંદિ શ્રાદ્ધમાં પૂજાતા પિતર છે. **વસિષ્ઠરૂષિના** પુત્રો એકરૂપી તથા સંપૂર્ણ ધર્મમૂર્તિ પિતર છે, તે **માનસ પિતર** પણ કહેવાય છે. તેઓ સર્વથી ઉપર તેજોમય લોકમાં રહે છે. **અંગિરા** રૂષિના પુત્ર **હવિષ્મંત** પિતરો સૂર્ય મંડળમાં મરીચિ ગર્ભના લોકમાં વસે છે. **સુસ્વધા** પિતરો કામદુધ નામના લોકમાં વસે છે અને **આજ્યપ** નામે પણ તે ઓળખાય છે. તેઓ **કર્દમ** પ્રજા પતિના પુત્ર છે.

વળી દેવતાઓના પણ પિતૃઓ હોય છે. તેઓ બ્રહ્માજીના પુત્ર છે અને તેમને દેવ, રાક્ષસ, મનુષ્ય આદિ પુજે છે. (હરીવંશ અ. ૧૭)
વળી કહ્યું છે કે—

ऋषिभ्यः पितरोजाताः पितृभ्यो देवमानवाः ।
देवेभ्यास्तुजगत्सर्वं चरस्थाण्वनु पूर्वश ॥
सोमपास्तुकवेपुत्रा,हाविष्मंतोऽङ्गिरःसुताः ।
पुलस्त्यस्याज्यपाः पुत्रा, वासिष्ठस्य सुकालिनः

બ્રહ્માંડના ઉપર ભાગે **માનસ** નામે લોક છે તેમાં સોમપા નામે પિતર વિરાજે છે, તે લોક સૃષ્ટિઆદિ કરીને હાલ માનસ સરોવરપર બેઠેલા છે. **એ માનસ પિતરથી મનુઓ પ્રજા** સર્ગ માટે ઉત્પન્ન થયા (મત્સ્ય પુ. અ. ૧૫) બીજે સ્થળે કહ્યું છે કે સોમપા પિતૃગણુ બ્રહ્મલોકમાં રહે છે અને તે એવા યોગિયો છે કે પોતાના તપના પ્રભાવથી બ્રહ્મમાં લીન થઈ જાય છે. એજ પિતૃગણુ કોઈક કલ્પમાં સૃષ્ટિ કરે છે.

જેમ અનેક ઝાડીઓનાં ઝુંડવાળાં જંગલમાં પાંથી ગુંછવાઇ જાય છે અને તેને કંઈ સૂઝ પડતું નથી તેમ પુરાણોનાં જુદાં જુદાં કથનો માણસને ભ્રમણમાં નાખે છે. એક પિતૃગણનું એક પુરાણમાં એક સ્થાન કથેલું છે તો બીજામાં બીજું અને ત્રીજામાં ત્રીજું. કોઈ સ્થળે દેવતાઓને પિતૃનું પુજન કરતા જોઈયે છૈએ તો બીજે સ્થળે દેવતાથી ઉતરતી પંકતીએ બેઠેલા પિતૃનું દર્શણ થાયછે.

આટલું તો નિશ્ચય છે કે એ પિતરો તે મરીચિ આદિ છે. શ્રી ભગવાને બ્રહ્માને અને દેવોને કહ્યું છે કે " વળી મરીચિ અંગીરા, અત્રી, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અને વસીષ્ટ એ સાતને મેં મન વડે નીર્માણ કર્યા છે** એ પ્રવૃત્તિ ધર્મવાળા છે, અને મેં તેમને પ્રજાપતિ કલ્પ્યા છે. વળી સન, સનત્સુજાત, સનક, સનંદન, સનત્કુમાર, કપીલ અને સનાતન એ સાતે બ્રહ્મના માનસ પુત્ર કહેવાય છે અને એ સર્વેને જ્ઞાન પ્રાપ્ત થયાથી તે સર્વે નિવૃતિ ધર્મને આસરેલા છે. (મહાભારત શાંતિપર્વ ઉ. અ. ૧૬૪) મરીચિ આદી બ્રહ્માજીના પણ માનસ પુત્ર કહેવાય છે એ વાત પ્રસિદ્ધ છે.

એજ પર્વના મો. ઉ. અ. ૧૩૬ પ્રમાણે મહામુનિ બ્રહ્મા એક સવંત્સર પછી અંડની બહાર નીકળે છે. એ પ્રજાપતિ મહાભૂત **ઉપાદાન કારણ થકી** ચાર ઉત્તમ પુત્રને સરજે છે. એ ચાર પુત્રો પિતૃઓના પણ પિતૃઓ છે. એ ચાર, **મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર છે.** મહાભૂતરૂપી પિતૃઓના ઇંદ્રાદિક દેવો પુત્ર છે.

મરીચિ આદિને માટે કહેલું છે કે પાંચ મહાભૂતોને પાંચ પ્રકારે અહંકારે સરજ્યા છે. એ મહાભૂતને સરજીને તેના ગુણોને ઉત્પન્ન કર્યા છે. એ ભુત થકી ઉપજેલા મૂર્તિમાન તે ગુણો તને કહું છું તે સાંભળ. મરીચિ, અંગિરા, અત્રિ, પુલસ્ત્ય, પુલહ ક્રતુ, મહાત્મા, વસિષ્ટ, અને સ્વાયંભૂ મનુ એ આઠ પ્રકુતિ જાણુવી (એજન અ. ૧૬૪.)

રૂપવાન અને રૂપરહિત વર્ગની આ ઉપરથી સારી રીતે સમજ મળે છે. રૂપ હોય ત્યાં પ્રકૃતિ તો ખરીજ, ત્યારે પ્રકૃતિના પરમાણુઓથી રૂપ બાંધનારા કોણુ અને જેને આપણે રૂપ સમજીએ છેયે તે રૂપ રહિત તત્વોને આપનાર કોણુ એ પ્રશ્નનો નિર્ણય કરવામાં અહિં કંઈક પ્રકાશ આપણુને મળે છે.

કાર્ય અને અધિકાર પરત્વે આ નામો છે તે ભુલવું નહિં. જુદાં જુદાં સ્થળે એ કાર્ય અને અધિકાર ઉપર જુદી જુદી વ્યક્તિઓ હોય છે. આદિ સૃષ્ટિની પછી જે જે ઉતરતી—નીચે ઉતરતી ભૂમિઓ,—કોટિઓ થઇ, તે સર્વમાં કાર્ય કરનાર આદિ સૃષ્ટિની વ્યક્તિઓ છે, અને એજ કારણુથી પિતા તે પુત્ર થાય છે, અને પુત્ર તે પિતા થાય છે. દૃષ્ટાંત લઇશું તો પ્રથમ જે બ્રહ્મા છે તે આગળ જતાં બીજી સૃષ્ટિમાં નારાયણુ થાય છે અને નારાયણુ તે સૃષ્ટિમાં પાછળથી પ્રગટ થતાં પુત્ર થઈ રહે છે. એજ શિક્ષણુ આપવા માટે શ્રી વ્યાસ ભગવાન કહે છે કે પિતૃઓનું પૂજન કરવાથી જગતના પિતા, માતા અને પિતામહ ભગવાન જે જગતૂના પતિ છે તેનુંજ પૂજન પિતૃ યજ્ઞમાં થાય છે. **પિતૃઓએ પુત્રનું યજન કર્યું હતું. પિતૃઓ પાસેથી વેદની શ્રુતિ નાશ પામી** હતી તે ફરીને પુત્રોએ ભણુાવી હતી તે દિવસથી મંત્ર આપનારા પુત્રો પણુ પિતૃપણુાને પામ્યા છે. (મહા. શાં. મો. ઉ. અ. ૧૬૯.)

ઉપર બર્હિષદ—રૂપદાતા પિતૃ ચાર પ્રકારના છે એમ કહેવામાં આવ્યું છે. સ્વર્ગલોકમાં વસિષ્ઠ પ્રજાપતિના પુત્ર સુકાલ નામના પિતૃને બ્રાહ્મણુ પુષ્ટ કરે છે. તે મરીચિ ગર્ભને ધારણુ કરવાવાળા લોકમાં રહે છે. બીજા પિતૃ અંગિરસના પુત્રને ક્ષત્રિ પુષ્ટ કરે છે, ને તે સ્વર્ગમાં વસે છે, ત્રીજા કર્દમ પ્રજાપતિના પિતા પુલહરૂષિથી ઉત્પન્ન થયલા સુસ્વધા પિતર છે તેને વૈશ્ય પુષ્ટ કરે છે; અને ચોથા અગ્નિના પુત્ર સોમપા પિતૃ છે જે મનસ લોકમાં વસે છે અને જેને શુદ્ર પુષ્ટ કરેછે. (હરીવંશ. અ. ૧૮) આનું કારણુ એ સમજાય છે કે જે રૂષિઓના કારણુ દેહનો

વિકાશ પરિપૂર્ણ થયો હતો તે કારણ દેહ તો તેઓ આપી શકયા નહિં પણ તેઓએ બ્રાહ્મણ જાતિને માટે સૂક્ષ્મ દેહ અર્પણ કીધો. માનસિક દેહનો જેમને વિશે વિકાશ થયો હતો, તેમણે ક્ષત્રીને માટે સૂક્ષ્મ દેહ–અર્પણ કર્યો, પુલસ્ત્યના પુત્રોએ વૈશ્ય માટે અને વસિષ્ટના પુત્રોએ શુદ્ર માટે એ પ્રમાણે કીધું.

આવી રીતે મનુષ્યને દેહના દાતા–તેના ઉત્પન્ન કર્ત્તા–પ્રજાપતિ પિતૃગણ છે.

આદિ બ્રહ્મપુરાણ આ વિષય ઉપર કંઈક વિશેષ પ્રકાશ પાડે છે. તેમાં એવી કથા છે કે ચંદ્રમાની એક કન્યા નામે ઉર્જા, કામથી પીડિત થયલી, પિતૃઓને મળી હતી. ચંદ્રમા તેઓ બન્નેના અપરાધથી ક્રોધે ભરાયા અને તેમણે બન્નેને શાપ દીધો. એ શાપથી **દિવ્યરૂપ** પિતર યોગથી ભ્રષ્ટ થઈ હીમવાન પર્વતની નીચે પડયા. **તેઓ જળમાં ડૂબેલા હતા,** તેઓને વારાહ ભગવાને દંષ્ટ્રાંના અગ્ર ભાગે રસાતળમાંથી ઉદ્ધાર કરી ઉપર આણ્યા. તેઓ વારાહ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે હે પ્રભુ સ્વર્ગમાં સ્થિત **ચંદ્રમાએ** અમને શાપ દીધો તેથી અમે સ્વર્ગથી ભ્રષ્ટ થઈ નીચે પડયા. **ચંદ્રમા** અમારા **અધિદેવ** છે અને તે અમોને ફરીથી યોગથી ભ્રષ્ટ નહિં કરે એવું માગીએ છીએ, વળી હે ભગવાન **સ્વર્ગ તથા પૃથ્વી**માં અમારો સદા વાસ હોજો. શૂકરરૂપ વિષ્ણુ ભગવાન તેઓને કહે છે કે "હવે તમારો અધિદેવ **યમ** થશે–અગ્નિ તમારો અધિયજ્ઞ રહેશે; અગ્નિ, વાયુ અને સૂર્ય એ તમારાં સ્થાન રહેશે અને વસુ, રૂદ્ર, અને આદિત્ય તમારી મૂર્તિ થશે. (જુઓ અધ્યાય ૧૦૫). ચંદ્રમાનું કાર્ય પરિપૂર્ણ થતાં ત્યાંથી સઘળું પૃથ્વિ ઉપર ઉતરી આવ્યું એવું જે કથન ઉપર કરવામાં આવ્યું છે તેને આ સબળ પુષ્ટિ આપે છે. સવર્ગના આરંભે ઉત્પન્ન થવાવાળી સૃષ્ટિના મનુષ્યોમાં જે સહુથી પહેલાં મરે છે અને મરણ પછી પહેલાં યમ લોકમાં જાય છે તે તે કલ્પમાં યમરાજ દેવતાના અધિકારને પ્રાપ્ત થાય છે.

यो ममार प्रथमो मर्त्यानां यः प्रेयाय प्रथमो लोकमेतम् ।
वैवस्वतं सगमनं जनानां यमं राजानं हविषा सपर्यते ॥

અથર્વ. કાં ૧૮. અનુ ૩ મંત્ર ૧૩.

આવી રીતે વિચાર કરતાં જુદા જુદા લોકને માટે જુદા જુદા પિતૃગણુ છે એમ આપણુને માલમ પડયા વિના રહેતું નથી. યજુર્વેદ વાજ ૧૮-૪૮ને। उदीरता मवर उत्परासः उन्मध्यमाः पितरः सोम्यासः મંત્ર મનન કરવા જેવો છે (અવરે) એટલે અહિં ભૂલોકમાં રહેવાવાળા પિતર ઉપર સ્વર્ગાદિક લોકને પામો (સોમ્યસઃ) શાંતિ શીતલચંદ્રલોકવાસી અથવા યજ્ઞમાં સોમપાન કરવાવાળા, (મધ્યમાઃ) મધ્યમ એટલે અંતરિક્ષ લોક પિતર ઉર્ધ્વગતિને પ્રાપ્ત થાઓ, (પરાસૂઉત) સ્વર્ગલોકવાસી પિતર, તેથી પણ ઉંચે મહલોકને પામો. વળી

उदन्वतद्यौ रवमा पीलुमती ति मध्यमा । तृतीयाह प्रद्योरिति यस्यां पितर आसते

અથર્વ સંહિતા. કાં. ૧૮. અનુ. ૨ મંત્ર ૪૮

ત્રણુ લોકમાં ભુવર અથવા જે અંતરિક્ષ લોક છે તેના અહીં ત્રણુ ભાગ કીધા છે– સૂર્ય, ચંદ્ર, નક્ષત્રાદિ જ્યોતિઓને પ્રકાશ જેમા ફેલાય છે તેને અંતરિક્ષ ઘો કહે છે, તેમાં પૃથ્વિ ભણીનો ભાગ જળ-પાણીવાળો છે. તે સૂક્ષ્મ જળરૂપ છે. અંતરિક્ષના એ ભાગને ઉદન્વતી ઘો કહે છે. જળની ઉપરના મધ્ય ભાગને પીલુમતિ ઘો કહે છે અને સહુથી ઉપરના ત્રીજા ભાગને પ્રદ્યો કહે છે. ત્રીજા પ્રદ્યો એ ભાગમાં પિતરો રહે છે.

पुत्रादीन् पान्तीति पितरः પુત્રાદિકની જે રક્ષા કરે તે પિતર. આટલા ટુંકા વાક્યમાં સઘળું સમાયલું છે.

આદિત્ય અને બીજા દેવો નાના પ્રકારના પિતૃઓ છે. (મહા. શાં. મો. પૂ. અ. ૩૫). વસુ, રૂદ્ર, અને આદિત્ય એ દેવતા છે અને તેઓ શ્રાદ્ધથી થતી તૃપ્તિ ગત જીવોને પહોંચાડે છે. પિતા, પિતામહ, અને પ્રપિતામહનું શ્રાદ્ધમાં આવાહન વસુ, રૂદ્ર, અને આદિત્યરૂપે એજ કારણુથી થાય છે. સર્વથી

આદિમાં થવાથી આદિત્ય કહેવાય છે. અંડથી આદિ દેવ આદિત્ય ઉત્પન્ન થયા જે પ્રભાતે બ્રહ્મા, મધ્યાન્હે વિષ્ણુ અને સાયંકાળે રૂદ્રરૂપે સ્થિત છે. ભવિષ્ય (પુ. ઉ. અ. ૨) આ ત્રણ, વસુ, રૂદ્ર, અને આદિત્યની ભાવના કરીનેજ તેમને ત્રણ પિંડ મુકવામાં આવે છે. એ ત્રણ પિંડનો મર્મ શું છે? એને માટે વ્યાસ ભગવાન એમ ઉચરે છે કે સમુદ્રરૂપી મેખલાવાળી પૃથ્વિ પૂર્વે નાશ પામી હતી તેને ભગવાને વારાહ રૂપે પાછી આણી**દાઢ ઉપર ચોંટેલા ત્રણ પિંડને ભગવાને એકા એક કંપાવી દર્ભ પાથરી તે ઉપર મુકયા**એ ત્રણ પિંડ, અવયવ રહિત અને ગોળાકાર છે માટે ઉત્પન્ન કરેલા **સનાતન** પિતૃઓ એવાજ થાઓ (મહા. શા. મો. ઉ. અ. ૧૯૯). આ ત્રણ પિંડ શું ત્રણ લોક દર્શક નથી? આદિત્ય, રૂદ્ર, અને વસુને તે અર્પણ કરવામાં આવે છે, તે પણ કેવું ઘટિત છે.

શ્રાદ્ધ પણ આદિ દેવતાનુંજ યજન છે. મરી ગયલા માણુસને શ્રાદ્ધથી તેઓ ગમે ત્યાં હોય ત્યાં તેઓને તૃપ્તિ કેમ થાય એ સંશયનું નિરાકરણ આથી સહજ જાઈ જાય છે. જીવ માત્ર એક મૂળમાંથી નીકળેલા છે, અને રૂપ બદલાય છે, પણ જીવન તો અખંડિત છે. મૂળની સાથેનો સંબંધ કદી પણ તુટતો નથી તો મૂળને જો તૃપ્તિ થાય તો સિંચન થયલું પાણી સર્વ શાખા, પ્રશાખા, પાંદડાંમાં ફરી વળે છે. રૂપો ભિન્નભિન્ન છતાં સર્વ મધ્યે ચાલતો જીવન પ્રવાહ તો એક અખંડિત છે.

આવી રીતે માણુસની રચના માટે કેવી કેવી ઘટિત યોજનાઓ થયલી છે તે જોઇને વિસ્મય થયા વિના રહેવાતું નથી. માણુસના શરીરની રચનામાં કેટલી કેટલી શક્તિઓ કામે લાગી છે તેનું સામાન્ય વર્ગને ભાન નથી. માણુસના શરીરની રચનામાં અત્યંત ચાતુર્ય જે વપરાયલું છે તેનું કારણ હવે આપણે સમજી શકિયે છીએ. એ શરીરની રચનામાં શું શું ફેરફાર થતો ગયો તે મનુષ્યની જે જાતીઓ થઈ ગઈ છે, તેનું અવલોકન કરતાં આપણને સહજ માલમ પડી આવશે. અરે એટલુંજ નહિ પણ એ ફેરફારમાં પણ કેવા ઉંચા હેતુ રહેલા છે તે પણ જણાશે.

પ્રકરણ ૬ ઠું.

આપણે ઉપર કહી ગયા કે માણસને વિશે જે જુદાં જુદાં તત્વો સમાયલા છે તે તત્વોના દેનારા પિતૃવર્ગ છે, એમાં કેટલાંક તત્વ અરૂપ છે, ને કેટલાંક રૂપવાળાં છે. માણસનાં શરીરની રચના અતિ આશ્ચર્ય પમાડે તેવી છે. રૂપ રહીત ચૈતન્ય અને રૂપવાન દેહ અથવા ચૈતન્યની ઉપાધિ એ બન્નેનો વિકારક્રમ કેવા પ્રકારનો છે એ વિષય ઘણોજ વિશાળ છે. પાશ્ચમના શાસ્ત્રિઓ પ્રથમ મીન રૂપ માનીને ક્રમે ક્રમે સુધરતાં મનુષ્ય સ્વરૂપ બંધાયું છે એમ કહે છે. પંડીત ડારવીનની આ શોધ નવીન છે એમ માની સાંપ્રત કાળના પશ્ચિમની વિદ્યાનેજ અનુસરનારાઓ તેને અપાર ધન્યવાદ આપીને તેની કૃતિથી ચકીત બની ગયા છે. પણ આપણે મીનાવતારનું કથન કીધું તે ઉપરથી સહજ સમજાયું હશે કે આર્યભૂમિને દિપાવનાર તેના અમૂલ્ય રત્નો રૂષિ મુની ઓએ એજ વાત પ્રકાશ પાડી દર્શાવેલી છે. પ્રથમ જળ હોય ત્યારે તે તત્વમાં નિવાસ કરનાર જીવો મત્સ્યરૂપેજ હોય. જળ અને સ્થળ બે પ્રગટ પડે ત્યારે ઉભયને માટે પાત્ર કચ્છ હોય. પૃથ્વીનો ગુણ ગંધ છે અને ગંધ દર્શક વારાહ કેવળ સ્થળ, અથવા જળથી જુદી પડેલી શુષ્ક ભૂમિ માટે છે. એજ પ્રમાણે દશ અવતારની શ્રેણિ રચાયલી છે. હવે પ્રથમ ઉત્પતિ મનુષ્યની કે વનસ્પતિ અને બીજાં પ્રાણિઓની ? આ વિશે દેખાઈતા ભિન્ન ભિન્ન મત છે. એ ભિન્નતા માત્ર પ્રથમ દર્શણે છે, ખરી રીતે નથી. ચતુર્દશ ભૂવન સંયુક્ત સૃષ્ટિ છે તેમાં કોઈ અલ્પ કનિષ્ટ રૂપ છે, અને કોઈ મોટી છે. કોઇવાર પ્રથમ આકાશની ઉત્પત્તિ છે તો કોઈવાર જળની તથા કોઈવાર પૃથ્વિ કે બીજા તત્વની છે. જ્યારે ચાર તત્વ પુર્ણ થાય છે અને પાચમુ તત્વ સર્વથી અધિક થાય છે ત્યારે તે તત્વથી પ્રજાપ્રતિ ઉત્પન્ન થઈને જગની રચના રચે છે. (જુઓ યોગવાસ્થિતિ પ્રા. સર્ગ ૪૭ મો.)

સૃષ્ટિ થાય છે તે પ્રલયની પછી થાય છે અને કોઈ પ્રલય મહાપ્રલય હોય છે અને કોઈ અલ્પ હોય છે. એ બેની પછીની રચનામાં સરખાપણું હોતું નથી. ભિન્ન ભિન્ન કલ્પમાં ભિન્ન ભિન્ન સ્થિતિનું દર્શાણુ કેવું થાય છે તે એજ ગ્રંથના નિર્વાણ પ્રા. ના. ૧૮–૧૯માં સર્ગમાં ભુશુંડે વર્ણવેલું છે. “ મન્વંતર મન્વંતર પ્રતિ જુદી જુદી સૃષ્ટિ થાય છે, કોઈ એવી થાય છે કે પુત્ર પિતા થઇ જાય છે, શત્રુ મિત્ર થઈ જાય છે, બાંધવ અબાંધવ થઈ જાય છે અને અબાંધવ, બાંધવ થઈ જાય છે.” ભુશુંડ વિશેષ કથન કરે છે કે વાલ્મીકજીએ બારવાર રામાયણ બનાવ્યું, વ્યાસજીએ બે વાર મહાભારત બનાવ્યું અને સાતવાર અવતાર લીધા, અગીઆર વાર મને રામજીનું સ્મર્ણુ આવે છે, અને પૃથ્વિનો ભાર ઉતારવાને વસુદેવને ઘેર શ્રી કૃષ્ણજીએ સોળવાર અવતાર લીધા એવું મને સાંભરે છે. ત્રણવાર હિરણ્યકશિપુ પૃથ્વિને પાતાળમાં લઈ ગયા, અને છવાર પરશુરામજી રેણુકા માતાના પુત્ર થયા હતા એમ મને સ્મરણ થાય છે. ભુશુંડ કેટલા દીર્ઘ સમયનું સ્વરૂપ દર્શાકરૂપ છે તે કહી શકાતું નથી, પરંતુ ગરૂડ, જટાયુ, સીમુર્ગ આદિ પક્ષીઓ જેમ કાળ ચક્રના ચિન્હ છે તેમ તે પણ કાળ ચક્રનું ચિન્હ છે એમાં તો સંશય નથી. આ પ્રમાણે છતાં મનુષ્ય જાતિના પ્રાગટ્યનોજ આપણે વિચાર કરીશું.

હાલમાં આપણી પાંચમી મનુષ્ય જાતિ ચાલે છે. લિંગપુરાણમાં સદ્યોજાત વામદેવ, તત્પુરૂષ, અને અઘોર એવા ચાર શિવજીના જે અવતાર વર્ણવેલા છે તે થઇ ગયલી ચાર જાતિ દર્શક છે. એ ચારે અવતાર ચાર જુદા કલ્પમાં થયા હતા અને તે પ્રત્યેક કલ્પમાં પ્રજાનો વર્ણ જુદો હતો. અધ્યાય ૨૩માં વામદેવ નામ શાથી પડયું તે બતાવવાને વિશેષ કથન છે કે, તે કલ્પમાં વર્ણ **બદલાવવાથી અને યોગનીવામતાથી** વામદેવ નામ પડયું હતું. પંચ બ્રહ્મ મધ્યેના એ ચાર છે. પાંચમા બ્રહ્મ તે ઈશાન છે. વામદેવની ઉત્પત્તિ ત્રીશમો કલ્પ જેનું નામ રક્ત કલ્પ હતું તે

કલ્પમાં થયો અને તેમણે બ્રહ્માને તેમની સ્તુતિથી અતિ પ્રસન્ન થઈ, કહ્યું કે **"સર્વ જગતનો પ્રભુ પરમેશ્વર તેમને રૂડી રીતે જાણીશે."** વામદેવની ગણના કુમાર વર્ગમાં છે. શિવજીની પહેલી મૂર્તિ ઇશાન છે જે વર્ણ રહિત છે અને તે ક્ષેત્રજ્ઞ છે, અને વામદેવ અહંકારરૂપ છે (જુઓ લિંગ. ઉત્ત. અધ્યાય ૧૪). ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞની સમજ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં સારી આપેલીછે.

इदं शरीरं कौंतेय क्षेत्रमित्यभिधीयते

एतद्यो वेत्तितंप्राहुः क्षेत्रज्ञइति तद्विदः

क्षेत्रज्ञं चापिमां विद्धि सर्वक्षेत्रेषु भारत.

શ્રીમદ્‌ભગ. ગી. અ. ૧૩.

હે કૌંતેય, શરીરને ક્ષેત્ર કરીને કહે છે અને તેને જાણનારો જે છે તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે એમ વિદ્વાનો કહે છે. સઘળાં ક્ષેત્રોને વિશે, હે ભારત, મનેજ તું ક્ષેત્રજ્ઞ જાણ.

જે પ્રમાણે પૃથ્વિ તત્વનું પ્રથમ રૂપ અત્યંત સૂક્ષ્મ હોય છે પણ પાછળથી ઘનતા તેમાં આવતી જાય છે, તેજ પ્રમાણે જીવના ઉપાધિઓના સંબંધમાં સમજવાનું છે. આકાશ તત્વ પ્રથમ છે, તે સૂક્ષ્મ છે તેમાં ઘનતા થતાં વાયુતત્વ, વાયુતત્વમાં ઘનતા થતાં અગ્નિ, અગ્નિ પછી જળ અને જળથી પૃથ્વિ એ વિકાસ ક્રમ એજ નિયમને અનુસરે છે.

જ્યારે ચૈતન્યનો અંશ, તેનું કીર્ણ, પ્રથમ પ્રકૃતિમાં ઉતરે છે ત્યારે તેની આસપાસનું આવરણ અત્યંત સૂક્ષ્મ હોય છે. શરીરના દાતા પિતૃ છે. એ પિતૃ ધ્યાનમાં કેવળ નિમગ્ન હોય છે ત્યારે તેમના સ્વરૂપની છાયા બહાર નીકળે છે, અને જીવની આસપાસ ઉપાધિરૂપ બંધાઈ જાય છે. આ ઉપાધિ તેજ શરીર છે. એ શરીર મનુષ્યના હમણાના સ્વરૂપ જેવું હોતું નથી અને તેથી એ શરીર સહિત જીવને મનુષ્ય કહેવાય કેકેમ તે પણ વિચાર જેવું છે. હમણાનાં શરીરનું મૂળ કારણ તે છે એમાં તો સંશય નથી,

અને એ વ્યક્તિને બીજી રીતે આપણે ઓળખાવી શકીએ તેમ નથી. દેવતાઓની છાયા પડતી નથી એમ આપણામાં સામાન્ય માન્યતા છે, કેમકે તેમના રૂપ–શરીરજ–છાયારૂપ છે. તેમજ આ પહેલી મનુષ્ય જાતિ છાયારૂપ હતી. એ છાયાની આસપાસ સૂક્ષ્મ પરમાણુઓ બંધાય છે. આપણા જેવી તેમાં વાચા નોતી, તેમજ તેને વર્ણ નોતો, ચૈતન્યનો અચેત અથવા જડ સાથે સંયોગ થયો એ વાત નિસ્સંશય છે પરંતુ એ સંયોગ એવો નોતો કે જેથી તેઓને અરસપરસ ઘાડો સંબંધ બાઝે, અને જે ચેતન હતું તે ઘણીજ ઉંચી કોટીએ એટલે કહિએ તો આત્મિક કોટીએ હતું, ઉચી દૃષ્ટિવાળાને નીચે નાની સાથે સંસર્ગ હોતો નથી. સૂર્યનારાયણ ભગવાનથી તેમને પ્રાણ પ્રવાહ પ્રાપ્ત થયો હતો, પણ તે પ્રાણ પ્રવાહ વિદ્યુત સમાન હતો એમ કહીશું તો ખોટું નથી. જેમાં ઘનતા થોડી તે વિશાળ સ્થિતિ સ્થાપક હોય છે. પાણી કરતાં જે વરાળથી પાણી નીપજ્યું તે વરાળ વધારે જગા રોકે. આ નિયમાનુસાર પહેલી મનુષ્ય જાતીનાં શરીર ઘણાજ મોટાં હતાં. સૃષ્ટિના આરંભે જે શરીર ઉત્પન્ન થયાં તે આભાસ માત્ર સંકલ્પથી થયાં. (યોગ. વા. સ્થિ. પ્રા. ૪ સર્ગ ૪૪). એ મનુષ્યમાં મન, બુદ્ધિ અને ઈચ્છા વ્યક્ત થયાં નોતાં, પોતાના સ્વરૂપમાંજ તે નિમગ્ન હતા. અત્યંત સૂક્ષ્મ શરીરનાં કારણથી તે શરીરની ગતિ ઉપર, નીચે, આસપાસ સઘળે હતી. તેઓને વસવાને માટે નગરો નોતાં તેમજ ઘરો નોતાં. જ્યાં ઘસારો ઓછો ત્યાં વિકાર ઓછો અને ત્યાં આયુષ ઘણું લાંબુ, આ જગત જાણીતો નિયમ છે. પહેલી જાતીના મનુષ્યો ઘણાજ લાંબો કાળ જીવતાં હતાં, ખરી રીતે બોલતાં તેઓને મર્ણજ નોતુ. તેઓને અંકુર ફુટતાં હોય તેમ તેઓ વધતા હતા અને પછી વૃદ્ધિ પામેલાં રૂપના બે વિભાગ થઈ જતા હતા. આ પ્રકારે પ્રજાનીવૃદ્ધિ થતી હતી. તેઓની એકજ ઈંદ્રિ, શ્રવણેંદ્રિ વ્યક્તિને પામેલી હતી. આકાશનો ગુણ શબ્દ છે અને તે પ્રથમ તત્વ છે. ઇંદ્રિઓની

વ્યક્તિ તત્વને અનુક્રમે છે અને તેજ અનુક્રમે મનુષ્યની જુદી જુદી જાતીની વ્યક્તિ છે.

સૂર્ય અને સંજ્ઞાની કથા પ્રથમ મનુષ્ય જાતીનું ભાન કરાવે છે. સૂર્યનારાયણ ભગવાનને વિશ્વના અધિપતિ વિષ્ણુ ભગવાનની મૂર્તિ માનેલી છે. જે આદિ સૂર્ય—માત્ર ચૈતન્ય— સર્વ વ્યાપક, સર્વ શક્તિમાન, સ્વયંપ્રકાશ અને અન્યને પ્રકાશ કર્ત્તા તેજનો ભંડાર છે, તે અનાદિ રૂપ રંગ રહીત, મન, બુદ્ધિ વાણીથી પર, બ્રહ્મ છે. જ્યારે સૃષ્ટિની રચનાનો આરંભ થાય છે ત્યારે તેનાથીજ ભિન્ન ભિન્ન ભૂમિકાઓ પ્રગટ પડે છે. પ્રથમ માનસિક રૂપો અને અંતે સ્થુલરૂપોનું દર્શન થાય છે. અરૂપી ચૈતન્યનું પ્રકૃતિમાં પડી સંકુચિત થવું એજ જગતની રચનાની ક્રિયા છે. ઉપર જે આદિ ચૈતન્ય કહ્યું તેની સ્થુલ મૂર્તિ, તેનું મુર્તિમાન સ્વરૂપ તે, જે સૂર્યભગવાન આપણને નિત્ય પોષણ આપે છે તે છે. ઉત્પન્ન કરવાનિ પોષણ કરવાની અને સંહાર કરવાની ત્રણે ઈશ્વરીશકિત સૂર્યભગવાનમાં રહેલી છે. સ્થુલ જગતમાં ઈશ્વર તે એજ છે, અને એટલા માટેજ પરાપૂર્વથી સર્વ પ્રજાઓમાં એ પુજય ગણાયલા છે. વેદનો મંત્ર.

इदंविष्णो र्विचक्रमे त्रेधानिदधे पदम्

સૂર્યભગવાન માટે પણ છે. ત્રણલોકમાં તેનો પ્રકાશ અને તેની સત્તા વ્યાપ્ત છે. પૃથ્વિ, અંતરિક્ષ અને આકાશ, એ ત્રણ સ્થળે એનાં પદ, એનાં કીર્ણ પ્રસરેલાં છે. પ્રભાતે તેનો ઉદય થવો, મધ્યાને તેનું તપવું, અને સાયંકાળે તેનુ આથમવું, એ ત્રણ સ્થિતિ દર્શક છે, તેમજ એ ત્રણ સમયનાં તેનાં સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ રૂદ્રનાં છે એમ આર્ય પંડીતો કહી ગયા છે.

સૂર્યનારાયણની સ્ત્રીનું નામ **સંજ્ઞા છે,** એ સંજ્ઞા **યોગ સીદ્ધાના** પુત્ર **વીશ્વકર્મા**ની કન્યા થાય. તે અતી રૂપવતી અને પતિવ્રતા છતાં પોતાના સ્વામિનું પ્રચંડ તેજ સહન કરી શકીત નહિ અને તેથી તે પોતાના પતિને ઘેરથી ચાલી ગઈ.

પોતાની ઘેરહાજરી માલમ નહિં પડે તેટલા માટે પોતાની છાયા ત્યાં મુકતી ગઈ. પાછળથી એ યુક્તિ પ્રગટ પડી જતાં સૂર્ય પોતાના સસરા **વિશ્વકર્મા** પાસે જાય છે. ત્યાં **સંજ્ઞા** તેને શા કારણથી મુકી ગઈ તે તેના જાણવામાં આવે છે. **વિશ્વકર્મા** તેને સમજાવે છે કે બ્રહ્માજીએ મને આજ્ઞા આપી છે કે તમારૂં રૂપ ઉત્તમ પ્રકારનું મારે કરી દેવું માટે તમારી જો રૂચિ હોય તો હું તે પ્રમાણે કરૂં. સૂર્ય ભગવાને હા પાડવાથી **વિશ્વકર્મા**એ એક ચાક ઉપર તેમને ચડાવીને પ્રચંડ તેજને છોલી નાખ્યું. પાછળથી સૂર્યનારાયણ પોતાની ભાર્યા જે અશ્વનિ રૂપે—ઘોડી રૂપે તપશ્ચર્યા કરતી હતી તેને જઇ મળે છે, બેઉનો સંયોગ થાય છે અને અશ્વનિકુમાર જન્મ પામે છે.

આ કથામાં જે જે નામો આવ્યાં છે તે તે સઘળાં અર્થ સૂચક છે એમ વિચાર કરતાં માલમ પડયા વિના રહેશે નહિં. **યોગસિદ્ધા** ત યોગથી પ્રગટ થતી એક મહાન્ શક્તિ છે. **વિશ્વકર્મા** એટલે વિશ્વનો રચનાર. **સંજ્ઞા**નો અર્થ ખુલ્લો છે. વિશ્વકર્મા સૂર્યનું પ્રચંડ તેજ કમી કરવા ચાકનો—ચક્રનો ઉપયોગ કરે છે. ચક્ર કાળ દર્શક છે. જે ચૈતન્યને આપણે ઉપર આદિ ચૈતન્ય કહ્યું તે યોગ્ય કાળ સાંપડતાં ઉપાધિથી સંકોચિત્ થઇ જાય છે. જેમ માયા પરબ્રહ્મની શકિત છે, વિદ્યા ઇશ્વરની શકિત છે તેમજ સૂર્યની સંજ્ઞા શકિત છે. **અશ્વનિકુમાર** પ્રાણ વાયુ વાચક છે. આ પ્રમાણે વિચારતાં આ કથાનો મર્મ સહજ સમજાઈ જાય છે. **યમ**ની ઉત્પત્તિ એ સૂર્ય અને સંજ્ઞાથી છે.

એ કથાનો મર્મ દિક્ષા પરત્વે પણ રહેલો હોશે એમ કલ્પના થાય છે. જીવ સ્થૂલભૂમિને પામતાં જુદી જુદી દિક્ષાના બળે શિવરૂપ થઈ શકે છે. તેમજ સૂર્ય ઉંચામાં ઉંચી ભૂમિકાની એક વ્યકિત છે. તેનું તેજ પ્રથમ છેદાઈ ગયલું હોય છે અને તેથી તે **વિકર્તન** નામથી ઓળખાય છે. નીચલા ભૂવનોમાં તેનો પ્રવેશ છતાં ત્યાં તે લોભાઇ ફસી પડતો નથી પણ ફરીથી ત્યાંથી નીકળી ઉંચે આવે છે અને **કર્મસાક્ષિ** કહેવાય છે,

કર્મસાક્ષિ એટલે માણસનાં કર્મનો દૃષ્ટા અને **ગભસ્તિમાન** સ્વરૂપે તે ઝળહળ જ્યોતિમય પ્રકાશી રહે છે. ફરીથી પોતાનાં સમસ્ત કીર્ણોને પ્રાપ્ત કીધાં છે જેણે ગભસ્તિમાન છે.

પૃથ્વિ ભૂમિકાને વિશે ઇશ્વર રૂપે બિરાજતા સૂર્યનારાયણ ભગવાનથી જે રૂપની પ્રથમ વ્યક્તિ થાય તે માત્ર છાયારૂપ હોય એ સ્વાભાવિક છે. ખરી રીતે જોતાં સૂર્ય પુરૂષરૂપ અને સોમ અથવા ચંદ્ર સ્ત્રીરૂપ છે, રૂપ આપનાર સોમ છે અને વીર્ય–પ્રાણ–દાતા સૂર્ય છે.

આ પ્રમાણે છાયા આભાસ–રૂપ માત્ર શરીર ધારણ કરનારી પહેલી મનુષ્યજાતી હતી. એ છાયા અથવા શરીર પ્રફુલ્લિત થતાં તેમાંથી બીજાં રૂપ પ્રગટતાં હતાં એ બતાવનારી વીરભદ્રની કથા છે. **સતિએ** જ્યારે પોતાના પિતા **દક્ષ** પ્રજાપતિના યજ્ઞમાં પોતાનો દેહ ત્યાગ કીધો ત્યારે શિવજીને અત્યંત ક્રોધ વ્યાપિ ગયો અને દક્ષના યજ્ઞનો વિધ્વંસ કરવાને તેમણે પોતાના ગણને આજ્ઞા આપી હતી. આ સમયે **વીરભદ્ર** ઉત્પન્ન થયા. તેમણે દક્ષના યજ્ઞને છિન્ન ભિન્ન કરી નાખ્યો. આ કથાના વર્ણનમાં **વીરભદ્રનાં રોમ** કૂપથી બીજા ગણો પ્રગટ થયા હતા જેમને **રૈમ્ય** નામથી ઓળખવામાં આવે છે.

પહેલી મનુષ્યજાતિનો સમય સત્યુગમાં હતો. તે પ્રજાને મૃત્યુનો ભયનોતો, અને સંકલ્પ માત્રથીજ સંતતિની ઉત્પત્તિ હતી, પ્રજા રોગ વિનાની હતી અને તેમના સર્વ અર્થ સિદ્ધ થતા હતા એવું શ્રી મહાભારતમાં કથન છે. (જુઓ શાંતિ. મો. ધ. પૂ. અ. ૩૪ તા. ૫૮) તે પ્રજાને માટે તપનેજ શ્રેષ્ટ ગણવાનું કહ્યુ છે. સત્યુગના ધર્મનું વર્ણન કરતાં લિંગપુરાણના પુર્વાર્ધના ૩૯માં અધ્યાયમાં લખ્યું છે કે સઘળી પ્રજા **સદાતૃપ્ત ભોગ યુક્ત**, અતિ રૂપવાન, સુખી, દીર્ધાયુ હતી; પરસ્પર પ્રીતિવાન હતી, પર્વત, સમુદ્ર આદિમાં નિવાસ કરતી હતી, **અને ઘર બનાવતી નોતી**, તે શોક રહિત પરાક્રમી, સદા

પ્રસન્ન, અને **પુણ્ય કે પાપ વિનાની** હતી. તેઓને માટે રસોલ્લાસહતા અર્થાત ઈચ્છાથીજ છએ રસ ઉત્પન્ન થતા હતા. એ પહેલી પ્રજાનાં સ્વરૂપનું ખરૂં રહસ્ય જ્યારે આપણે સમજતા નોતા, અને પૃથ્વીની તે સમયની સ્થિતિનું આપણને બરાબર ભાન નોતું, ત્યારે આ વર્ણન ઉપર આપણને શ્રદ્ધા નહિં ચોંટતાં તે વાંચીને સ્વભાવિક રીતે જરા હસવું આવતું હતું, પરંતુ જ્યારે તે સમયના સર્વ સંજોગોનું આપણને જ્ઞાન સંપાદન થાય છે ત્યારે આપણા રૂષિ મુનિઓની અદ્દભુત શકિતથી આપણે ચકિત થયા વિના રહેતા નથી. પૂર્વે થઈ ગયલી મનુષ્ય જાતીની સવીસ્તર હકીકત લખી છે એ ઈતિહાસ નથી તો બીજું શું?

પ્રકરણ ૭મું.

પહેલી અને બીજી મનુષ્ય જાતીનો ઇતિહાસ મેળવવો કઠીન છે. પહેલી મનુષ્ય જાતીનું સ્વરૂપ આપણે જોયું. તેનું શરીર–પછી તે જેવું હતું તેવું–ધીરે ધીરે વૃદ્ધિ પામતું હતું. એ વૃદ્ધિ પામેલાં શરીરના પ્રથમ બે સરખા ભાગ થઈ જતા હતા, અને પાછળથી નાના મોટા ભાગ થતા હતા. આ જુદા થયલા વિભાગોની એજ પ્રમાણે વૃદ્ધિ થતી હતી, અને એજ પ્રમાણે પ્રજાની સંખ્યા વધારેને વધારે પ્રસરતી હતી. જ્યારે બીજી પ્રજા પ્રગટ પડવાનો સમય આવે છે ત્યારે એ રૂપો, શરીરોની આસપાસ વિશેષ ઘટ પરમાણુઓ બંધાવવા લાગે છે અને જે છાયારૂપ હતાં તેજ રૂપ બીજી પ્રજાના આવરણ થઈ રહ્યાં. આવી રીતે થતાં પ્રથમના રૂપ અદૃશ્ય થયાં અને જેને આપણે મૃત્યુ સમજીએ છીએ તેને તે આધિન થયાં નહોતાં. જ્યારે નવી જાતી થાય છે ત્યારે તેને નિવાસ કરવાને માટે પૃથ્વિ ઉપર ફેરફારો થાય છે, અને એ ફેરફાર થતાં, જે નવું સ્વરૂપ પૃથ્વિ ધારણ કરે છે તે સ્વરૂપનું નવું નામ પડે છે. બીજી પ્રજાના સમયની પૃથ્વિનો જળરહિત જે વિભાગ

હતો તેનું નામ "પ્લક્ષ" હતું. પહેલી પ્રજા દિવ્ય વંશની હતી. આ બીજી મનુષ્ય જાતી **કિંપુરૂષ** નામથી ઓળખાય છે. **કિંપુરૂષ** શબ્દમાં કિં અને **પુરૂષ**ના અર્થ પ્રસિદ્ધ છે અને એ જાતીનું ખરૂં સ્વરૂપ તે સૂચવે છે. તે સમયે મનુષ્યનાં જોડાં નહોતાં. તે જાતી લિંગ રહિત હતી, અર્થાત્ પુરૂષરૂપ કે સ્ત્રીરૂપ દર્શાવનારાં ચિન્હ રહિત હતી. તેનો વર્ણ પીળાસપર હતો. જે વાણી ઉચ્ચાર કરવામાં આવતી હતી તેમાં માત્ર સ્વર હતા. એ બીજી જાતીનાં રૂપો, દોડતાં, કૂદતાં, ઉડતાં, અને એકબીજાને મધુરનાદથી બોલાવતાં હતાં. એ જાતીનો પ્રથમ ભાગ પહેલી મનુષ્યની જાતીની પેઠેજ વૃદ્ધિ પામતો હતો અને ઉત્પત્તિ પણ તે જાતીનેજ અનુસરતી હતી. પાછળથી જેમ જેમ પૃથ્વિ તત્વના વિશેષ ઘટ પરમાણુના સંજોગથી ઉપાધિ અથવા શરીરની ઘનતા વૃદ્ધિ પામી ત્યારે પ્રજાની ઉત્પત્તિ જુદીજ રીતે થવા લાગી. શરીરમાંથી એક પ્રકારનો રસ, પરસેવાની પેઠે બહાર નીકળવા માંડયો, તે નિકળતાં બિંદુઓમાં કઠિનતા આવવા માંડી, અને તેનાથી જુદી જુદી આકૃતિઓ પ્રગટ પડી. આ પ્રજા **સ્વેદજ** કહેવાય છે.

પહેલી અને બીજી મનુષ્ય જાતીનું કથન આપણા પુરાણોમાં ઠેર ઠેર જોવામાં આવે છે. માર્કંડેય પુરાણમાં **કિંપુરૂષ**ને માટે કહે છે તે સર્વે દેવલોકમાંથી પડેલા અને દેવના સરખા રૂપવાળા છે, તેમને વૃદ્ધાવસ્થા બાધ કરતી નથી, અને તેમનાં શરીર ઘસાતાં પણ નથી. ઉત્તર કુરૂનું વર્ણન એવું છે કે ત્યાં ફળ આપનારાં વૃક્ષો છે જેમાંથી વસ્ત્ર અને અલંકાર મળે છે, અને તે અભિષ્ટ ફળ આપનારાં છે, દેવલોકમાંથી પડેલા મનુષ્યોજ ત્યાં જન્મે છે, સ્ત્રી પુરૂષના જોડાં ત્યાં એકે કાળે ઉત્પન્ન થાય છે, ત્યાં વસનારા સુવર્ણ અને શંખની કાંતિવાળા, દેવલોકનો સમાગમ કરવાવાળા અને પુણ્યશાળી છે.

પહેલી મનુષ્ય જાતીનું સ્મર્ણ કરાવનારી કુંડુ રૂષિની કથા છે, વિષ્ણુ પુરાણના પ્રથમ અંશના ૧૫મા અધ્યાયમાં તે કથા

વર્ણવેલી છે. **કંડુ** નામે એક **મુનિ** હતા, તેમનો તપ ક્ષોભ પમાડવા ઇંદ્રે પ્રમ્લોચા નામની અપ્સરાને મોકલી હતી. તેણીના મંદહાસ્યથી મુનિનું મન ચંચળ અને વિષયમાં આસકત થયું. અંતે મોહની જાળમાં ફસાઈ તે અપ્સરા સાથે મુનિ રમણ કરવા લાગ્યા. એ પ્રમાણે રમણમાં નવસો સાત વર્ષ છમાસ અને ત્રણ દિવસ વીતી ગયા તોપણ **કંડુઋષિએ** તે જાણ્યું નહિં. તેમને તો માત્ર સંધ્યાકાળ થયો છે અને દિવસ પૂરો થયો છે એમજ લાગ્યું. તેમની ભુલ જ્યારે **પ્રમ્લોચાએ** ભાંગી ત્યારે તેમણે આતિ પશ્ચાતાપ કીધો અને **પ્રમ્લોચાને** તિરસ્કાર કરી કહાડી મુકી. અપ્સરા ભયની મારેલી ધ્રુજતી ધ્રુજતી ઋષિના આશ્રમમાંથી નીકળી આકાશ માર્ગે જવા લાગી. જતાં જતાં, ઋષિએ તેના દેહમાં જે ગર્ભ મુકયો હતો તે પરસેવા રૂપે બહાર નીકળતા, તેણીએ ખંખેરી નાખીને વૃક્ષોના અગ્ર ભાગ ઉપર નાખી દીધો. વાયુએ તે પરસેવાને એકઠો કર્યો અને ચંદ્રે પોતાના કીર્ણો વડે તેનું રક્ષણ કરતાં તે વૃદ્ધિ પામી તેમાંથી **મારીપા** નામે કન્યા ઉત્પન્ન થઇ. ઋષિને સમયનું ભાન નોતું એમ માલમ પડે છે, કેમકે મનનો વિકાસ સમય આવેલો નોતો. રૂષિ પિતૃના પુત્ર હતા—જે વર્ષ આપ્યાં છે તે દિવ્ય વર્ષ છે. મનુષ્યની ગણુતરી પ્રમાણે મનુષ્યના વર્ષ ૩૨૬૭૦૦ અને કંઈક ઉપર થાય છે. આ આંક કંઈક સમય દર્શાવે છે પણ કીયો સમય તે હું નિશ્ચય પૂર્વક કહી શકતો નથી. પહેલી અને બીજી મનુષ્ય જાતીઓની વચમાં જે ભાગ આવે છે તે ભાગને કદાચ એ વર્ષો સૂચવતાં હશે. એક જાતી પછી બીજી જાતી થવામાં લાખો વર્ષ વહી જાય છે એમ કહેવાની જરૂર નથી.

પ્રમ્લોચાના પ્રસ્વેદથી કન્યાનિ ઉત્પત્તિ થઇ એ વાત લક્ષમાં રાખવાની છે. **પ્રાચીન બાહુ** નામે પ્રજાપતિ થઈ ગયા હતા તેના દશ પુત્ર “ **પ્રચેતાઓ** નામે ધનુર્વેદમાં પ્રવીણ હતા. તેઓ પોતાના પિતાની આજ્ઞાથી પ્રજાની વૃદ્ધિ કરવાના હેતુથી સમુદ્રનાં જળમાં તપ કરવા ગયા. તેઓએ દશ હજાર વર્ષ

પર્યંત એકાગ્ર ચિત્તે તપ કીધું. એ દરમ્યાન તેઓના પિતા પ્રાચીન બર્હિ તત્વ જ્ઞાનનો ઉપદેશ પામીને વનમાં ગયા, અને પૃથ્વિને પાળનાર કોઈ નહિં હોવાથી તેને ઝાડીના ઝુંડોએ ઘેરી લીધી અને પ્રજાનો ક્ષય થવા લાગ્યો. **પ્રચેતાઓ** જ્યારે જળમાંથી બહાર નીકળ્યા ત્યારે આ સ્થિતિ જોઈને તેઓ ક્રોધે ભરાયા, અને તેઓના મુખથી વાયુ અગ્નિ ઉત્પન્ન થયા, અગ્નિએ વૃક્ષોને બાળી નાખ્યાં અને વાયુએ કઈકને ઉખેડી નાખ્યાં. એ પ્રચેતાઓની સાથે ઉપર કહેલી **મારીષાનું** લગ્ન ચંદ્ર કરાવે છે. આ કથા બીજા પુરાણોમાંથી પણ મળી આવે છે. વિષ્ણુ પુરાણમાં તે વિસ્તારથી આપેલી છે.

કુંડુ સ્પર્શ વાચક છે. **પ્રાચીન બર્હિષ** ઉપરથી **બર્હિષદ પિતૃનું** સૂચન થાય છે. **પ્રચેતા**માં **પ્ર** પૂર્ણતા અને **ચેત (ચેત્ત** દર્શક છે. બીજી જાતીમાં સ્પર્શેંદ્રિની વ્યક્તિની વૃદ્ધિ થઈ. પ્રચેતા દશ હતા અને તે દશે એકજ **મારીષા**ની સાથે લગ્નથી જોડાય છે, દશ ઇંદ્રિઓને માટે આ દશ કેમ નહિં હોય ?

પ્રચેતાનો અર્થ અમર કોષમાં એવો આપેલો છે કેઃ—श्वसन स्पर्शनो वायु मातारिश्वा सदा गतिः પ્રથમ રૂપ આકાશવત્, બીજું રૂપ વાયુવત્. એજ કોષમાં **મારીષા** માટે કહ્યું છે કે મારિષઃ એટલે આર્ય અને कर्त्तव्य माचरन्न काममकर्तव्य मनाचरन्। तिष्ठति प्राकृताचारो यः स आर्य इति स्मृत इति वसिष्ठः ॥

યયાતિ રાજાની કથા પણ ઘણી ઉપદેશક છે. એ રાજાને **વૃષપર્વા** દાનવની કન્યા **શર્મિષ્ઠા** અને **શુક્રાચાર્ય**ની કન્યા **દેવયાની** નામે સ્ત્રીઓ હતી. દેવયાનીથી તેને યદુ અને તુર્વસુ અને શર્મિષ્ઠાથી દ્રુહ્યું, અનુ, અને પુરૂ એમ પાંચ પુત્રો હતા. તે નિરંતર ભક્તિથી **દેવ પિતરોની** પૂજા કરતો હતો. જ્યારે તેને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ ત્યારે તેણે પોતાના પુત્રોને બોલાવીને કહ્યું કે મારી વિષયની ઇચ્છા હજી શાંત થઇ નથી માટે તમારામાંથી કોઈ મારી વૃદ્ધાવસ્થા લઇને પોતાની તરૂણાવસ્થા મને આપો.

તેના નાના પુત્ર પુરૂએ પિતાની ઇચ્છાને માથે ચડાવી અને બીજાઓએ તે માન્ય કરી નહીં. યયાતિએ પુરૂનું યૌવન પુરૂને પાછું આપ્યું અને પોતે પોતાની વૃદ્ધાવસ્થા પાછી ગ્રહણ કરી. આ પ્રમાણે પોતાની અવસ્થા અન્યોઅન્ય આપી તે **તપોબળથી** આપી હતી. (મસ્ત્ય પુ. અ. ૨૪) **દેવપિતરોની** પૂજા કરતો હતો અને **તપોબળથી** અવસ્થાની અદલા બદલી થઈ એ કથન આપણે મનુષ્ય જાતી વિશે જે ઉપર કહેલું છે તેને સંપૂર્ણ સહાયકારક છે.

દેવયાની શુક્રાચાર્ય જે ભૃગુના પુત્ર છે તેની કન્યા છે. ભૃગુ રૂષિનો નિવાસ મહરલોકમાં છે. ત્રણ લોકનો જ્યારે પ્રલય થાય છે ત્યારે મહર ચોથા લોકમાં બધા જીવો જાય છે, અને ફરીથી ત્રીલોકીની સૃષ્ટ થતાં ત્યાં પાછા તે જન્મ લે છે. મહર્લોકમાં સ્થાઇ નિવાસ કરનારાની ગતિ ઊંચે છે, અને તેથી શુક્રાચાર્યની પુત્રીનું નામ **દેવયાની** છે જે ત્રણ લોકથી ઊંચી ભૂમીમાં ગતિ સુચવે છે. દાનવની કન્યાની સાથે સંબંધ થતાં રાજાને ભિન્ન ભિન્ન અવસ્થાને આધિન થવું પડે છે. તેની સંતતિને જરા મરણનું દુઃખ આ પ્રમાણે ઊતરતું આવેલું છે. શું ઉંચા પ્રકારનો સંબંધ આપણા વિના કારણે વગોવાયલાં પુરાણોમાં સમાયલો છે!

બીજી સ્ત્રીનું નામ શર્મિષ્ટા છે જે શબ્દ શર્મ સાથે સંબંધ રાખનારો છે. શર્મનો અર્થ કલ્યાણ વાચક છે. મનુષ્યના જન્મનો હેતુ શું છે? જીવે માણસની દેહ ધારણ કરીને નાના પ્રકારના અનુભવો મેળવી એટલે ઉપરથી નીચે ઉતરી સર્વ ભૂમિમાં પ્રયાણ કરી જ્યાંથી તેના પ્રયાણનો આરંભ થયો ત્યાં નિવૃત્તિ માર્ગે ઉચાં જવું. મનુષ્યની દેહ કરનારો જીવજ આ પ્રમાણે કરી શકે છે. આ કાર્ય કરાવાવાળી—કલ્યાણને માર્ગે દોરવી લઈ જનારી એક શક્તિ તે શર્મિષ્ટા છે.

પ્રચેતાનાં મુખમાંથી, તેઓ ક્રોધાવિષ્ટ થયા ત્યારે, વાયુ અને અગ્નિ નીકળ્યા અને તેથી ઝાડીનાં ઝુંડોનો મોટો સંહાર

થયો એમ કહ્યું છે. દુષ્ટ કર્મ આચરનારાને ઝાડીનાં ઝુંડ અને વૃક્ષરૂપે પુરાણોમાં વારંવાર વર્ણવેલા છે, અને તેઓનો સંહાર અહિં સૂચવેલો છે. વળી ધ્યાનમાં રાખવાનું છે કે પ્રલય, બે પ્રકારે, અગ્નિથી અને જળથી, વારા ફરતી થાય છે, માટે આ સંહાર અથવા પ્રલય અગ્નિથી થયો હતો એમ સંભવે છે. પૂર્વે જળ પ્રલય હતો અને એની પછીનો પ્રલય પણ તેવોજ હતો એમ સમજાય છે.

યયાતિ ચંદ્રવંશનો હતો. તેનો પિતા નહુષ હતો. વૈદિક નિઘંટુના બીજા અધ્યાયમાં માણસના પચીશ નામ આપેલાં છે તેમાં " मनुष्या ः। नरः + + नहुषः । આદિ છે. વૈદિક કોષ પ્રમાણે પણ નહુષનો અર્થ માણસ થાય છે. (જુઓ કર્માદિ વર્ગના શ્લોક ૪–૬). નહુષની ઉત્પત્તિ આયુષથી છે. આયુષ શબ્દ જીવન અથવા પ્રાણ દર્શક છે. આયુષની સ્ત્રી સ્વર્ભાનુની કન્યા પ્રભા તે નહુષની માતા થતી હતી. (લિંગ. પુ. પૂ. અ. ૬૬) સ્વર્ભાનું રાહુનું નામ છે. (જુઓ સટીક અમર કોષ પ્રથમ કાંડ શ્લોક ૨૬). રાહુ પૃથ્વિનું છાયા રૂપ દર્શાવે છે અને પ્રભા તેજ વાચક છે. આવી રીતે સ્થૂળ દેહ ધારી મનુષ્યનું પ્રથમ દર્શન નહુષ કરાવે છે.

બીજી મનુષ્ય જાતી પછી ત્રીજી મનુષ્ય જાતી થવાનો સમય જેમ જેમ નિકટ આવતો ગયો તેમ તેમ પૃથ્વિ ઉપર અનેક ફેરફાર થતા ગયા. ટીબેટ, ગોબીનું રણ, અને બીજાં કંઇક સ્થળે મહાન્ સમુદ્ર હતો. તે સમુદ્રનાં પાણી ખસવા લાગ્યાં, નવી જમીન ઉપર આવી, પવિત્ર અને ગગનને ઉંચે જઈ અડતો હોય એવો ભવ્ય હીમાલય પૃથ્વીના ઉદરમાંથી બહાર નીકળી આવ્યો, અને ટુકામાં ત્રીજી મનુષ્ય જાતીના નિવાસ માટે ઘટતી રચના રચાઈ. આવી રીતે જે મહા વિશાળ ખંડ થયો તેને પુરાણોમાં **શાલ્મલી** નામથી વર્ણવેલો છે.

ત્રિજી મનુષ્ય જાતિનું કંઈક સૂચન **યમ** અને **યમીની** કથા પણ કરે છે. વેદમાં, તેને માટે એમ કહેલું છે, કે મૃત્યુ પામેલા

જીવોનો યમ અધિપતિ છે. મનુષ્યમાં મૃત્યુને આધિન જે પ્રથમ થયો તે યમ હતો, અને સ્વર્ગમાં સહુથી પહેલો જનારો પણ તેજ છે. જ્યાં સુધી મન નથી ત્યાં સુધી સ્વર્ગ કે નર્ક કાંઈ નથી. મનની વ્યક્તિ પ્રથમ ત્રિજી મનુષ્ય જાતિમાં થાય છે. યમના પિતા વિવસ્વત છે, અને વિવસ્વત તે સૂર્ય છે. યમને યમી નામે એક બહેન હતી. વંશની વૃદ્ધિને માટે યમી પોતાની સાથે લગ્ન કરવાનું વારંવાર પોતાના ભાઇને કહેતી હતી. એ બન્નેનો વર્ણ લીલો હતો અને તેઓનાં વસ્ત્ર રક્તવર્ણનાં હતાં. તેઓના નિવાસનું મંદીર ત્રાંબાનું અને લોહનું હતું. આ સઘળું શું બતાવે છે? ઉર્ધ્વ મન અને અધો મનનું આ વર્ણન છે એમ સ્પષ્ટ સમજાઈ જાય છે. વળી યમ અને યમીની કથામાં બીજો મર્મ સમાયલો છે. સૂર્ય નારાયણ ભગવાનથી તેમની પત્નિ સંજ્ઞાને એ બે સંતાન થયાં હતાં. સંજ્ઞા બુદ્ધિવાચક છે. સંજ્ઞા પોતાના પતિ પાસે, પોતાની પ્રતિમારૂપ છાયાને મુકીને ચાલી ગઈ હતી. એ છાયાને યમ લાત ઉગામે છે એ વાત પણ લક્ષમાં રાખવાની છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે દિવશ અને રાત્રિ એટલે જ્ઞાન અને અજ્ઞાનરૂપ યમ અને યમી છે.

જે પ્રમાણે મનુષ્યની જાતીની ગણના સાત છે તેજ પ્રમાણે પ્રત્યેક જાતો... સાત ઉપજાતી છે, જેને સાત શાખા કહીશું તો ખોટું નથી. ત્રીજી જાતીના આરંભે, તેના ત્રણ ભાગ અથવા ખંડ પાડતાં, પ્રથમ ખંડમાં, બે શાખાનો સમાસ થાય છે. બીજી જાતીમાંથી ત્રીજી જાતીનો ઉદ્ભવ છે, અને તેથી બીજી જાતીનાં સ્વભાવ, ગુણો અને કૃતિ એકી વેળાએ બંધ નહિં પડતાં થોડા સમય સુધી જારી રહે છે. પહેલી શાખા સ્વેદજ રહી પણ તેમાં સ્રી કે પુરૂષનું કાંઈ પણ ચિન્હ નહતું. બીજી શાખામાં માનુષી મૂર્તિ સ્પષ્ટ પ્રગટ પડી પરંતુ તે પણ સ્વેદજ રહી, ધીરે ધીરે સ્રી પુરૂષના ચિન્હ તેમાં બંધાવવા લાગ્યાં. પૂર્વની પેઠે પરસેવાના બિંદુમાંથી ઉત્પત્તિ થતી હતી ખરી પણ તેમાં ફેર પડવા લાગ્યો અને એ બિંદુઓ કઠીન અને મોટાં થઇને ઇંડારૂપે જણાયાં.

ઇંડામાંથી ઉત્પન્ન થતી પ્રજાને **અંડજ** નામથી ઓળખવામાં આવે છે.

મધ્ય ખંડમાં એટલે ત્રીજી શાખામાં જીવની વ્યક્તિ કોષમાં થવા માંડી અને જુગલીઆં ચિન્હ જણાવવાં લાગ્યાં. એ કોષ ફાટીને તે બહાર આવતાં જુગલીયું માણસ દેખાતું હતું. એવાં માણસો સારી રીતે ચાલતાં અને દોડતાં. એજ પ્રજામાં મહાન્ પુરૂષો, રૂષિઓ, ખરા જેને દૈવી જ્ઞાનના ભંડાર કહી શકીએ તેઓ પ્રગટ પડેલા અથવા અવતરેલા હતા. ચોથી શાખામાં સ્ત્રી પુરૂષનાં લક્ષણ ન્યુનાધિક થતાં અંતે સ્ત્રી અને પુરૂષનાં રૂપો ભિન્ન ભિન્ન જન્મ પામવાનો સમય આવી લાગ્યો.

ત્રીજી જાતીની વ્યક્તિ અગ્નિ અથવા તેજ તત્વને અનુસરતી છે અને તેથી એ જાતીમાં જોવાની ઇંદ્રિનો ઉમેરો થયો. પ્રથમ એકજ નેત્ર કપાળના મધ્ય ભાગમાં હતું, જેને સામાન્ય રીતે ત્રીજું નેત્ર કહેવામાં આવે છે. પછી ધીરે ધીરે તે નેત્ર ઊંડાણમાં પાછળ હટતું ગયું અને તેને બદલે બે નેત્રો થયાં.

ત્રીજી જાતીનો વર્ણ રાતો હતો પણ તે એક સરખો રાતો નોતો. છાયા ભિન્ન ભિન્ન હતી. જે વ્યક્તિઓ દેવાંશિ હતી તેનો વર્ણ તેજોમય શુદ્ધ રાતા સુવર્ણ સમાન ઝળકતો, શરીરની શોભામાં વૃદ્ધિ કરતો હતો. કદમાં એ પ્રજા ઘણી ઉંચી, વિશાળ છાતીવાળી અને અદ્ભૂત શક્તિ ધરાવનારી હતી.

ત્રીજી મનુષ્ય જાતીના મધ્ય સમય સુધી ચાક્ષુસ મન્વંતર વર્તતો હતો. દક્ષ પ્રજાપતિ હજી થયા નોતા. "દક્ષની પૂર્વે તપો બળની વિશેષતાને લીધે સંકલ્પ, દર્શન, અને સ્પર્શ માત્રથીજ પ્રજા થતી હતી." (વિષ્ણુ. પુ. અંશ. ૧. અ. ૧૫.)

ઉપર કથન કરેલી પ્રજાઓને માટે મહાભારતમાં નીચે પ્રમાણે લખ્યું છે.

સત્યુગમાં પ્રજા રોગ વગરની હતી તથા તેમના સર્વ અર્થ સિદ્ધ થતા હતાં. તેમનું આયુષ ૪૦૦ વર્ષનું હતું. ત્રેતાયુગથી

રોગ પ્રસરતો ગયો અને અર્થની સિદ્ધિ ઓછી થવા લાગી ** સત્યુગમાં તપ એજ શ્રેષ્ટ કહેલું છે, ત્રેતાયુગમાં જ્ઞાન એજ ઉત્તમ કહેલું છે, દ્વાપર યુગમાં યજ્ઞ એજ ઉત્તમ કહ્યો છે, અને કળિમાં કેવળ દાન એજ એક ઉત્તમ કહેલું છે.

(શાંતિ. પ. મો. ઉ. અ. ૫૮)

વળી તે વખતે મનુષ્યોને મૈથૂન ધર્મ હતો નહિં, પણ સંકલ્પ માત્રથી તેઓ સંતતિ ઉત્પન્ન કરતા હતા. હે નરપતિ પછી ત્રેતા-યુગમાં સ્પર્શ માત્ર કરવાથી પ્રજા ઉત્પન્ન થતી હતી, હે રાજન દ્વાપર યુગમાં મૈથુન ધર્મ પેદા થયો, અને કળિયુગમાં મનુષ્યનાં જોડાં બંધાયાં (શાંતિ. ૫. મો. પૂ. અ. ૩૪)

વાંચનારને યુગોનાં કથનમાં ઘણી ગુંછવણો આવીને નડશે. જુદે જુદે સ્થળે જુદા જુદા યુગો કહેલા છે, પણ આપણે સ્મર્ણમાં રાખવાનું છે કે સૂર્યમંડળના યુગ, ભૂમંડળના યુગ, પૃથ્વિના માત્ર એક ગોળાના યુગ, પ્રજાઓના યુગ, એ પ્રકારે જુદી જુદી ગણુતી છે વળી તેમાં પણ એક યુગના પેટામાં બીજા યુગો આવી જાય છે, એટલે કિયે સ્થળે કિયા યુગનું કથન છે તે શોધી કહાડવું અત્યંત કઠિન કામ છે. આસપાસના સર્વ સંજોગો તપાસવા અને તે મળતા આવે છે કે નહિં એટલુંજ જોઈશું તો બસ છે.

પ્રકરણ ૮ મું.

આગલા પ્રકરણમાં ત્રીજી મનુષ્ય જાતી વિશે આપણે જેટલું કહી ગયા તે ઉપરથી આપણા પૂરાણોમાં કેવાં ગહન રહસ્યો ગુપ્ત સમાયલાં છે તે જણાયા વિના રહેશે નહિં. સાતે દ્વીપ-વાળી પૃથ્વિનો પ્રખ્યાત ચક્રવર્તિ માન્ધાતા નામે જે રાજા થઈ ગયો તેના જન્મની કથા સામાન્ય જનને વિચિત્ર અને હાસ્ય ઉપજાવે એવી લાગે, અને પુરાણ ઉપરથી તેની શ્રદ્ધા

ઉઠાડે એ વાત ખરી છે. એ કથા એવી છે કે એના પિતા યુવના શ્વને ઘણા કાળ સુધી પુત્ર નહિં થયો અને તેથી તે અતિ ઉદાશી અને ચિંતાતુર રહેવા લાગ્યો. તે બહુ ધર્માત્મા હતો, અને દુઃખનો માર્યો વનમાં ચાલ્યો ગયો. ત્યાં ભ્રમણ કરતાં કરતાં કોઇક રૂષિ લોકના આશ્રમે તે જઈ ચડયો. કૃપાળુ રૂષિ લોકે તેના દુઃખનું કારણ જાણીને પુત્ર પ્રાપ્તિને માટે પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો. પછી વેદના મંત્રથી મંત્રીને, પવિત્ર જળને ઘડામાં ભરીને, તે ઘડો વેદી ઉપર મુકયો અને રાત્રિએ સર્વ નિદ્રાવશ થયા. કેટલોક કાળ વીતે રાજા તૃષિત થતાં જાગી ઉઠયો અને રૂષિઓની નિદ્રામાં વિક્ષેપ કયાં કરૂં એમ વિચારી તેઓને નહિ ઉઠાડતાં ઘડાનું મંત્રેલું જળ પી ગયો. પ્રભાત થતાં રૂષિઓએ જાગી પૂછયું કે આ કળશમાંથી જળ કયાં જતું રહ્યુ ત્યારે રાજાએ રાતની હકીકત ખરેખરી કહી દીધી. રૂષિઓ તે સાંભળી બોલ્યા કે હે પૃથ્વિપતિ. આ પાણી પીવાથી રાણીને પ્રતાપી પુત્ર થાત અને તમે જ્યારે તે પીધું છે તો તમને ગર્ભ રહેશે. પછી યુવનાશ્વના પેટમાં ગર્ભ રહ્યો અને યોગ્ય સમય થતાં રાજાની જમણી કુખ ફાડીને પુત્ર નીકળ્યો અને રાજા તે છતાં જીવતા રહ્યા. (વીષ્ણુ. પુ. અં. ૪. અ. ૨)

એજ રહસ્યનો ઉપદેશ આપનારી બ્રહસ્પતીના પુત્ર કચની કથા છે. દેવોના હીતાર્થે બ્રહસ્પતિ પોતાના પુત્ર કચને દૈત્યના ગુરૂ શુક્રાચાર્યની પાસે સંજીવિની વિદ્યા શિખવાને માટે મોકલે છે. દાનવો આથી કચવાઈ જઈ કચને મારી નાખે છે. શુક્રાચાર્યની પુત્રી દેવયાનીનો કચના ઉપર અપાર પ્રેમ હતો અને તેથી શુક્રાચાર્ય કચને જીવતો કરે છે. પછી બીજીવાર દાનવો એ કચને બાળી મુકી તેની રાખ મદિરામાં મેળવી પોતાના ગુરૂ શુક્રચાર્યને પાય છે. દેવયાની કચનો નાશ થતાં આત્મભોગ આપવા તૈઆર થઈ, તે પોતાના પિતાને એટલી તો પ્રિય હતી કે શુક્રાચાર્યે તેને માટે મોટું જોખમ ઉપાડી લીધું. તેમણે કચને કહ્યું કે હે કચ, તું પુત્ર થઈ મારા પેટમાંથી કૂખ ફાડી બહાર નીકળ

અને પછી મને જીવતો કર અને હું તને સંજી-વિની વિદ્યા આપું છું તે વિદ્યાવડે મને જીવતો કરજે. એ પ્રમાણે કચ બહાર નીકળે છે અને પોતાના ગુરૂ શુક્રાચાર્યને પોતાને પ્રાપ્ત થયલી સંજીવિની વિધા વડે જીવતા કરે છે. ગુરૂને ઘેર અભ્યાસ પૂર્ણ થતાં કચ દેવ લોક જવા નીકળે છે ત્યારે તેનામાં આસક્ત થયલી દેવયાની પોતાનું પાણિ ગ્રહણ કરવાનો તેને આગ્રહ કરે છે. કચ ઉત્તર આપતાં કહે છે કે "તેં જે **શુક્રાચાર્યની કૂખમાં વાસ કર્યો તેમનીજ કૂખમાં હું પણ રહ્યો,** વાસ્તે તું મારી ધર્મની બેહેન છે. (મત્સ્ય. પુ. અ. ૨૫-૨૬)

બહિષદ પિતૃ પહેલી મનુષ્ય જાતીને માટે પોતાની છાયા આપીને, પોતાનું કર્ત્તવ્ય પુરૂં થવાથી, પાછા મહર્લોકમાં પધારે છે. પરંતુ જ્યારે નવિન જાતી થવાનો સમય આવે છે ત્યારે તેઓ ફરીથી ત્યાંથી ઉતરી આવે છે, અને અવતાર લઈ કેટલાક કાળ સુધી પ્રજાના નિયંતા થઈ મનુ ભગવાનના કાર્યમાં સહાય આપે છે. ત્રીજી મનુષ્ય જાતીનાં રૂપોની રચનાને માટે એ પ્રમાણે તેઓએ કીધું હતું.

અત્યાર લગી સ્ત્રી પુરૂષોના સ્વરૂપ નિરાળાં નિરાળાં જન્મ પામતાં નોતાં, એટલે મૈથુની સૃષ્ટિ થઈ નોતી. એ જે ફેરફાર થયો તે પાછળથી થયો હતો. તે સમય ત્રીજી મનુષ્ય જાતીની ચોથી ઉપજાતી અથવા શાખાનો હતો. આ પ્રમાણે થવાથી પરિ-ણામ એ આવ્યું કે આગળની જાતીનો શેષ ભાગ જલદી નાશ પામ્યો. પ્રજાની આ પ્રકારે ઉત્પત્તિ થવાથી બીજું પરિણામ એ થયું કે પહેલાં બાળકનો જન્મ થતાંજ તે ચાલવાને, દોડવાને, ઉડવાને શક્તિમાન હતું તે તેની શક્તિ જતી રહી. માત્ર આપ-ણાજ દેશમાં નહિ પણ બીજા દેશોમાં પણ આ ત્રીજી મનુષ્ય જાતીની કથાઓ ચાલી આવેલી છે. એ ત્રીજી જાતીના મનુષ્યો ઘણાજ બળવાળા અને કુશળ હતા. અગરજો તેઓને થઈ ગયાને લાખો વર્ષ વીતી ગયાં છે તોપણ તેઓની કૃતિની સાક્ષી આજ પણ કેટલાંક સ્થળો પુરે છે,

આપણે જે નહુષ રાજાને માટે ઉપર કહી ગયા છેયે તે સોમ અથવા ચંદ્ર વંશનો હતો. તેનો પિતા આયુષ અને પિતામહ પુરૂરવા હતા. પુરૂરવાના પિતા બુદ્ધ હતા. આ વંશાવળી ઘણીજ ધ્યાનમાં રાખવાં જેવી છે. નહુષ શબ્દ મનુંય દર્શક છે, તે નહ ધાતુ ઉપરથી થયો છે. નહનો અર્થ બાંધવું, વસ્ત્ર ધારણ કરવું થાય છે, શરીર રૂપી વસ્ત્ર ધારણ કરે છે તે નહુષ કહેવાય. જીવને, બુદ્ધિ, મન, પ્રાણ, અને શરીર છે; બુદ્ધ બુદ્ધિ સૂચવે છે. પુરૂરવામાં પુરૂ બહુ વાચક છે અને રવનો અર્થ શબ્દ કરવો થાય છે. ઘણાને માટે જે પોકર કર્યાં કરે છે તે પુરૂરવા મનને સુચવે છે એમ લાગે છે. ત્યારે બુદ્ધિ, મન, પ્રાણ અને પછી શરીર એમ ઉતરતો સ્વભાવિક ક્રમ અહિં સિદ્ધ થાય છે. એજ વિકાસક્રમને અનુસરતી પહેલી, બીજી અને ત્રીજી જાતી છે. પહેલી જાતી તેટલાજ માટે આત્મમાં નિમગ્ન હતી. ત્રીજી જાતીમાં બીજરૂપે બુધ્ધિ અને મન હતાં પણ તેની પુર્વ ઉપજાતીઓમાં મનની વ્યક્તિ, તેનો વિકાસ નહિ સમાન કહી શકાય. ચૈતન્યને મનનો સ્પર્શ થયો નોતો. બેઉની વચ્ચે સારો સંબંધ બંધાયો નોતો.

તે ત્રીજી જાતીના માણસોનાં તેમજ બીજાં પ્રાણીઓનાં શરીર ઘણાજ મોટાં હતાં એમ સાંપ્રત સમયમાં થતી શોધથી નિશ્ચય થયું છે. આ વાતથી આપણા પુરાણ કર્તા અજાણ નોતા. કૃતયુગમાંના દેવ, અસુર, માનવ, યક્ષ, ગંધર્વ અને રાક્ષસના દેહની ઉંચાઈ અને પહોળાઈ સમાન થાય છે. જે આઠ દેવયોનિ છે તેમની ઊંચાઈ છન્નુ આંગળ અને પહોળાઇ બોતેર આંગળ હોય છે. એ તેમના દેહનું સ્વાભાવિક પ્રમાણ છે. યુગના સંધ્યાંશ કાળમાં જે મનુષ્ય હોય છે તેના દેહનું પ્રમાણ અને બીજા સામાન્ય દેવ તથા અસુરના દેહનું પ્રમાણ કલિ મનુષ્યના ઓગણ પચાસ આંગળ પહોળાઈનું અને ચોર્યાશી આંગળ ઊંચાઈનું હોય છે + + ગાય બળદ આદિ પશુની પગથી તે પીઠપરની પીંડી સુધી છોતેર આંગળ ઊંચાઇ હોય છે.

(મત્સ્ય. પુ. અ. ૧૪૫)

મનુષ્ય જાતીના નહિ પણ પૃથ્વિના—સમસ્ત પૃથ્વિના, સત્યુગમાં વિષ્ણુ ભગવાનના ચાર પ્રથમ અવતાર થયા હતા. એમાં ચોથો અવતાર નૃસિંહનો હતો. એ અવતારની કથા આય પ્રજામાં અતિ પ્રસિદ્ધ છે. હિરણ્યકશિપુ નામે જે અંત બળવાન દૈત્ય હતો, તે શ્રીહરીનો દ્વેષી હતો. તેને પ્રહ્લાદ નામે એક પુત્ર હતો કે જે હરીભક્ત હતો. પ્રહ્લાદને હરી-ભક્તિ કરવા માટે તેના પિતાએ અનેક પ્રકારે દુઃખ દીધું અને તેને મારી નાખવાને માટે તે તૈયાર થયો, પણ ભકત પ્રતિપાળ, કરૂણાનિધિ શ્રી ભગવાન પોતાના ભકતનું સદાય રક્ષણ કરે છે. ભગવાન નૃહિંરૂપે (અધું શરીર માણુસનું અને અધું સિંહનું) પ્રગટ થાય છે અને હરિણ્ય-કશિપુને ચીરિ નાખે છે. પરમાર્થ નિષ્ઠા—આત્મનિષ્ઠા—અધ્યાત્મિક બુદ્ધિનો ઉદય સૂચવનારી મુર્તિ શ્રી પ્રહ્લાદજીની છે. એના જન્મની પૂર્વે એ બુદ્ધિ નોતી. પ્રહ્લાદનું આખ્યાન ઘણા, પુરાણોમાં જોવામાં આવે છે અને તે ઘણુંજ ઉપદેશક છે. શ્રીમદ્‌ભાગવતના સાતમા સ્કંધમાં એ કથા વર્ણવેલી છે. વારાહ-રૂપે શ્રીવિષ્ણુ ભગવાને હિરણ્યાક્ષ જે હિરણ્યકશિપુનો ભાઇ થતો હતો તેનો નાશ કર્યા હતો અને તેથી હિરણ્યકશિપુ રોષે ભરાયો હતો અને વિષ્ણુભગવાનની પ્રત્યે દ્વેષ રાખતો હતો. એ હિરણ્ય-કશિપુ કુટુંબ વર્ગને શાંત પાડવા પ્રયત્ન કરે છે ને કહે છે કે "આત્મા દેહાદિકથી જુદો છે, માટે તે મરતો નથી, ઓછો થતો નથી, શુદ્ધ છે, સર્વત્ર વ્યાપક છે તથા સર્વજ્ઞ છે + + એ આત્મા પોતાની ભૂલવડે **પોતાનાં લિંગ શરીરમાં** મિથ્યા અભિમાન કરે છે તેથી તે ઉંચા નિચા દેહાદિકને ધારણ કરે છે. પાણીના હાલવાથી જેમ તેમાં પ્રતિબિંબ રૂપે પડેલાં વૃક્ષો પણ હાલતાં હોય તેમ દેખાય છે, તેમ **લિંગ શરીરના** સુખ દુઃખાદિક ધર્મો પણ આત્મા વિશે હોય તેમ દેખાય છે + + આત્માને **લિંગ શરીરનો** સંબંધ નથી" (અ. ૨) આ ઉપદેશમાં જ્યાં ત્યાં લિંગ શરીર ;;કહેલું છે, તે મનન કરવા જોગ છે,

સ્થૂળ દેહની બીલકુલ વાતજ નથી. હિરણ્યકશિપુના પક્ષના દાનવો શ્રીનૃસિંહભગવાનની સામે થયા હતા. તેઓને માટે એમ કહેલું છે કે તેઓ "ગર્ધવરૂપ, ગર્ધવ જેવા મુખવાળા, મત્સ્ય તથા સર્પ સમાન મુખના, વક્ર મુખા, વરાહ મુખા, ધૂમકેતુ જેવા મુખવાળા, સિંહમુખા, ઇત્યાદિ મુખના હતા. (મત્સ્ય. પુ. એ. ૧૬૩). આ વર્ણન ઉપ.થી સ્પષ્ટ શમજાય છે કે એ કથન માનસિક સૃષ્ટિના સંબંધનું, એટલે પૂર્વ કલ્પનું છે. આ વૃત્તાંત પુરાણુ છે, —આગલા સમયનું છે એમ પદ્મ પુરાણ સ્વર્ગ ખંડના ૧૧મા અધ્યાયમાં કહી દીધું છે

જ્યાં સુધી યોગ્ય અધિકારવાળા દેવતાઓ સહાય નહિં કરે ત્યાં સુધી પ્રકૃતિ અથવા કુદરત પોતાની મેળે નવાં યોગ્ય રૂપો રચવા માટે પ્રયત્ન કરે તો તે નિષ્ફળ થાય છે. કુદરત બીજાની સત્તાનો વિચાર નહિં કરતાં પોતેજ તે સત્તાનો ઉપયોગ કરે તો કેવાં સ્વરૂપો પ્રગટ પડે છે તેનું આ કથા સારૂં શિક્ષણ આપે છે. બીજા દેશોમાં પણ આ માન્યતા છે એટલે અહિં વિશેષ કથન અવસ્ય નથી.

સ્થૂળ ભૂમિ ઉપર જે જે પ્રસંગો પ્રગટ થાય છે તે ઉપલી કોટીના પ્રસંગોની માત્ર છાયા રૂપ છે. ઉપર કહેલાં વિચિત્ર રૂપોનો નાશ થવાની જરૂર હતી, નાશ કરનારી વ્યકિતઓ—શકિતની સાથે એ રૂપો થાય અને લડે એ સ્વભાવિક છે. એવી લડાઈ જો ઉપલી ભૂમિકા ઉપર થાય તો તેની છાયા પૃથ્વિ ઉપર પડવીજ જોઈએ.

હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બે ભાઇઓ થતા હતા. તેઓની માનું નામ દિતી હતું. તેઓનો પિતા કસ્યપ નામથી પ્રખ્યાત છે. કસ્યપની દિતી અને અદિતી બે સ્ત્રીઓ હતી. શ્રી કૃષ્ણ દર્શણમાં બતાવ્યું છે તે પ્રમાણે કસ્યપને ઉલટ વાંચતાં **પશ્યક** એટલે **દૃષ્ટા** થાય છે, **દૃષ્ટા** પરમાત્મા વાચક છે અને તેની સ્ત્રી આકાશ સૂચવે છે. એક અનંત આકાશ અને બીજી સંકોચિત. દિતીનો અર્થ વિભાગ કરવા પણ થાય છે, ત્યારે તેના

બે પુત્ર હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ હતા. **હિરણ્ય** એટલે સુવર્ણ—એ શબ્દ બન્ને નામમાં આવે છે. **અક્ષ** એટલે આંખ. હિરણ્યાક્ષ એટલે સુવર્ણ આંખવાળો. **કશિપુ**નો અર્થ વસ્ત્ર, ઢાંકણ થાય છે. સુવર્ણ ઉપાધિ—વસ્ત્રમાં જે સ્થિત છે તે હિરણ્યકશિપુ. એ બે **જય વિજય** જે વિષ્ણુ ભગવાનના દ્વારાપાળ હતા તેના અવતાર છે. વિષ્ણુ ભગવાન સર્વના અંતરમાં બિરાજે છે ને તેથી એ બે દૈત્ય તામસિક અને રાજસિક ક્રીયા દર્શક પ્રાણ છે. બુદ્ધિનો તેમજ કારણ દેહનો વર્ણ પીળો સુવર્ણ સમાન છે એ પણ લક્ષમાં રાખવાનું છે. ત્યારે મનુષ્ય જાતીઓની વ્યક્તિ પણ કેવી ક્રમે ક્રમે થઇ છે અને તેમાં કેવો ગુઢ મર્મ રહેલો છે તે આ પ્રહ્લાદની કથા આપણને સમજાવે છે. પ્રહ્લાદ આનંદ વાચક છે અને તેના ભાઈઓનાં નામમાં પણ આહ્લાદ્ શબ્દ આવે છે તે પણ મર્મ સૂચક છે. હરીની ભક્તિ આનંદ દાઇ હોય એમાં શું નવાઈ?

એજ હિરણ્યકશિપુની કથાથી માયાનું જોર તેના સમયથી વધવા માંડયું એમ બતાવે છે. એ કથા વળી પદ્મ પુરાણ સ્વર્ગ ખંડના ૧૧ મા અધ્યાયમાં તેમજ મત્સ્ય પુરાણના ૧૭૫ મા અધ્યાયમાં આપેલી છે. સર્વથી અધિક તેજસ્વિ એક ઊર્વ નામે રૂષિ હતા. દેવગણ, મુનિઓ અને દેવરૂષિઓ હિરણ્યકશિપુને સાથે લઇને ઊર્વ રૂષિ પાસે ગયા અને તેની પ્રાર્થના કરવા લાગ્યા કે "હે ભગવન રૂષિવંશમાના આ સ્થાનનો છેક મૂલોચ્છેદ થવા આવ્યો છે કેમકે આ ગોત્રમાં બીજો કોઈ પુરૂષ તમારા વિના રહ્યો નથી અને સંતતિહીન છતાં બ્રહ્મચર્ય વ્રતના આશ્રયથી (આપ) માત્ર કલેશજ ભોગવો છો + + માટે વંશ વૃદ્ધિને અર્થે પ્રવૃત્ત થઈ પોતાનું બ્રહ્મ તેજ વધારી સંપાદન કરેલા ધર્મથી પત્ની કરો." આવાં વચન શ્રવણ કરતાંજ ઉર્વ રૂષિનું મર્મ ભેદાયું. સાધુજનનું કર્તવ્ય શું છે તે કહીને રૂષિએ અંતે કહ્યું કે "હું આ શરીરમાં અંતરાત્માને પ્રદીપ્ત કરી સ્ત્રી સંયોગવિના પોતાના જેવોજ માનસ પુત્ર ઉપજાવું છું + + તે જાણે

બધી પ્રજાને બાળશે એવો તેજસ્વિ થશે.” પછી ઉર્વ રૂષએ દર્ભવડે પોતાની જંઘાનું મંથન કીધું અને તેમાંથી અગ્નિ પોતેજ પુત્રરૂપે પ્રગટ થયો અને પોતાની જ્વાળાએ જગતને દગ્ધ કરવાની ઇચ્છા કરવા લાગ્યો. તે જાંઘ ફોડીને પ્રગટ થયો માટે તેનું નામ ઔર્વ છે + + આ અદ્ભૂત કૃત્ય જોઈ હિરણ્યકશિપુએ ઊર્વ રૂષિને પોતાના ગુરૂ કીધા કે હું તમારો તથા તમારા પુત્રનો સેવક થયો જાણજો. ઉર્વ રૂષિ તુષ્ટમાન થઈ કહે છે “હે દાનવ ! અગ્નિએ જીતવા અશક્ત છતાં કાષ્ટાદિ સાધન રહિત એવી મારા પુત્રે નિર્મેલી આ અગ્નિરૂપ **માયા** તું ગ્રહણ કર. એ મારા તારા વંશને સ્વાધિન રહી શત્રુઓનો નિગ્રહ કરવામાં સમર્થ છે.” + + **મયદાનવ** પડતાં એ માયા વીર્ય વગરની થશે એમ વિશેષ કથન છે. આ જે અગ્નિ છે તે કામનો અગ્નિ છે. **મયદાનવ** પડે તો એ અગ્નિ રહેતો નથી એ પ્રસિદ્ધ સિદ્ધાંત છે. આ કથા આ સમયથી કામની વ્યક્તિ થવા લાગી એમ શિક્ષણ આપે છે.

જે હિરણ્યકશિપુની પૂર્વ કલ્પની આ કથા છે તેજ હિરણ્યકશિપુ આપણે જે મનુષ્ય જાતી વિશે વિચાર કરીએ છૈયે તેના સમયમાં ફરીથી જન્મ પામ્યો હતો. તે ઘણોજ બળવાન અને પરાક્રમી હતો, હું સ્વેદજથી નહિ મરૂં, અંડજથી નહિ મરૂં, જરાયુજથી નહિ મરૂં એવું વરદાન તેણે બ્રહ્માને સંતુષ્ટ કરી મેળવ્યું હતું. તે જીવજંતુઓથી ભય પામે એવો નોતો અને તે છતાં સ્વેદજથી, અંડજથી એમ તેણે કહ્યું છે તે મનુષ્ય જાતી દર્શાવિ છે એમ સ્પષ્ટ છે.

સત્યુગ વીતી ગયો હતો, ચાક્ષુસ મન્વંતર પણ પુરો થયો હતો અને વૈવસ્વત મન્વંતરનો આરંભ થઈ ચુકયો હતો. હમણા જે યુગ પ્રર્તમાન હતો તે ત્રેતા હતો. સ્રી અને પુરૂષનાં રૂપ ભિન્ન ભિન્ન પ્રગટ થવાનો સમય સમિપમાં આવી લાગ્યો હતો.

પ્રકરણ ૯ મું.

આપણે કહી ગયા કે જુગલીઆં રૂપો છુટાં પાડવાનો સમય નિકટ આવ્યો હતો. શ્રીમદ્ ભાગવતના ૯ મા સ્કંધના પ્રથમ અધ્યાયમાં વૈવસ્વતના પુત્રના વંશમાં સુદ્યુમ્નની કથા કહેવામાં આવી છે. **શ્રાદ્ધદેવ** મનુ પૂર્વે સંતાન વિનાના હતા. તેમની સ્ત્રી **શ્રદ્ધા** હતી. પ્રજા પ્રાપ્તિને અર્થે ભગવાન વસષ્ટિે મિત્ર વરૂણની ઈષ્ટિ કરી હતી.એ ઈષ્ટિમાં જે હોતા હતા તેમણે હોમવાના કાર્યમાં કંઈ ફેરફાર કીધો અને તેનાં પરિણામે પુત્રને બદલે **ઈલા** નામની કન્યા અવતરી. ઈલા, ઈડા, ઈરાના ઘણા અર્થ થાય છે પણ તેનું આ સ્થળે બહુ પ્રયોજન નથી. મનુ રાજાએ ગુરૂ વસિષ્ટને પૂછયું કે આ શું થયું ? વસિષ્ટજી કારણનો વિચાર કરતાં તે સત્વર સમજી ગયા અને થયલી ભુલ સુધારવાને વિષ્ણુ ભગવાનની તેમણે પ્રાર્થના કરી અને "**ઇલા** સ્ત્રી મીટીને સુદ્યુમ્ન નામનો ઉત્તમ પુરૂષ થઈ ગયો." એ સુદ્યુમ્ન મૃગયા માટે ફરતાં રૂદ્ર અને પાર્વતિના વિહારવનમાં અજાણપણે પ્રવેશ કરી ગયો. "જે પુરૂષ આ સ્થાનમાં પ્રવેશ કરશે તે અવસ્ય સ્ત્રી થાશે" એવું ભગવાન શંકરનું પ્રથમથી વચન હતું, આ કારણથી સુદ્યુમ્ન સ્ત્રી થઈ ગયો અને તેનો ઘોડો ઘોડી રૂપે થયો, પણ પાછળથી શંકરના પ્રસાદથી સુદ્યુમ્ન એક મહીનો સ્ત્રી અને એક મહીનો પુરૂષ રહેતો.

પ્રજાને ઉત્પન્ન કરવાવાળાઓ પ્રજાપતિઓ નામથી ઓળખાય છે. એ પ્રજાપતિમાં એક દક્ષ છે. ઉત્પત્તિ અને નાશ એ પ્રવાહ રૂપે નિત્ય છે. તેમજ દક્ષ આદિ મુનીઓ યુગ યુગમાં ઉત્પન્ન થાય છે. પૂર્વે સ્વાયંભૂએ આજ્ઞા કરવાથી દક્ષે માનસ ભૂતોને સરજ્યાં હતાં. તે પ્રજા વૃદ્ધિ પામી નહિં અને તેથી મૈથુન ધર્મ વડે પ્રજા ઉત્પન્ન કરવાને તેણે ઇચ્છા કરી અને **વીરણ** પ્રજાપતિની **અસિકની** નામની કન્યાથી હર્યશ્વ નામે પુત્ર ઉત્પન્ન કીધા. એ પુત્રોને નારદે ઉપદેશ કીધો અને કહ્યું કે તમે પૃથ્વિનું પરિમાણ

જાણુતા નથી તે તો જુઓ. પૃથ્વિ **લિંગશરીર દર્શક** અહિં છે. એ જાણુતાં જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ પુત્રો શોધ કરવા ગયા તે ફરી આવ્યાજ નહિં, અને તે કયાંથી અને કેમ આવે? પ્રચેતાના પુત્ર દક્ષ પ્રજાપતિએ પાછળથી મૈથુન ધર્મની સૃષ્ટિ કરી હતી. (વિ. પુ. અંશ ૧. અ. ૧૫). શરીરમાં અર્ધ ભાગે સ્રીનું અને અર્ધ ભાગે પુરૂષનું રૂપ જે હતું તે હવે રહ્યું નહિં અને એ બે ભાગ જુદા પડયા. દક્ષ પ્રજાપતિનું કથન એક નહિં પણ અનેક પુરાણોમાં જોવામાં આવે છે. પ્રજાની વૃદ્ધિને માટે બ્રહ્માજીએ તપ કીધો અને તેમના લલાટમાંથી અર્ધનારીશ્વરરૂપ પ્રગટ થયું. એ રૂદ્રરૂપ પુરૂષ હતો. બ્રહ્માજીએ તેને કહ્યું કે "તું સ્રી પુરૂષનાં રૂપે જુદો જુદો થા." રૂદ્રે તે પ્રમાણે બે રૂપ પોતાનામાંથી કર્યાં. (વી. પુ. અં. ૧ અ. ૭) અર્ધ નારીશ્વર જુગલીઆં રૂપનું સ્મરણ કરાવે છે. સ્વાયંભુવ અને સતરૂપાની કથા પણ એનેજ અનુસરતી છે, અને તે સત્પથ બ્રાહ્મણમાં આપેલી છે. (વળી જુઓ મહા શિવ પુ, વાયુ. સં. અ. ૧૫.)

દક્ષની જુદી જુદી કથાઓ, સારી પેઠે મનન કરી સમજવાની છે. પ્રથમ સતિ સાથે શીવજીનાં લગ્ન થયાં હતાં. તે સમયે સત્વગુણમય સૃષ્ટિ હતી. જીવ બહુજ ઊંચી કોટીએ સ્થિત હતો, અને સૃષ્ટિના કારણે તેને ઉપરથી ઊતારી નીચે સ્થુળ ભૂમિમાં આણવાનો હતો. આ કામ કરવાને **તમસ્** ગુણ સમર્થ હતો, અને તેથી ભૂત, પ્રેત, પિશાચાદિના અધિપતિ શિવજી સાથે સતિ જોડાય છે, અને ખનીજ ઈત્યાદિ યોનિઓની રચના થાય છે. આ પ્રમાણે કાર્ય પુરૂં થતાં જીવને ઉપર ગતિ આપવાનો સમય આવ્યો ત્યારે હીમાચળને ત્યાં સતિનો જન્મ થયો અને એ યોનિઓને ઉપર વધવાની ગતિ મળી. પ્રથમ મન્વંતરમાં જ્યારે મૈથુની સૃષ્ટિ નોતી ત્યારે દક્ષ પ્રજાપતિએ સોળ પુત્રી રૂપી શક્તિઓ ઉત્પન્ન કરી અને તેમાંથી તેર ધર્મને અને અગ્નિ

પિતૃ અને શિવ, પ્રત્યેકને એક આપી. દક્ષનો અર્થ ચતુર, બળવાળો થાય છે, અને **પ્રસૂતિ** ઉત્પન્ન કરવાની શક્તિ દર્શક છે. પુરાણો વાંચતી વેળા જે જે નામો આવે તે તે નામોના શું અર્થ છે તેનો સારી પેઠે વિચાર કરવાની આવશ્યકતા છે. દૃષ્ટાંત લેતાં સ્વાયંભુવ મનુને ત્રણ પુત્રીઓ અકુતી, દેવહુતી અને પ્રસુતિ હતી. **અકુતી**નાં લગ્ન **રૂચિ** સાથે થયાં. બંને શબ્દનો અર્થ ઈચ્છા થાય છે. દેવહુતી **કર્દમને** આપવામાં આવી હતી. **કર્દમ** પ્રકૃતિ, પદાર્થ વાચક છે અને દેવહુતી દૈવી તેજ સૂચવે છે. સંસાર માંહેલા પ્રવૃત્તિ માર્ગથી વેગળા રહેવાવાળું એ જોડું છે. એજ જોડાંથી **કપીલ**નો જન્મ છે. **કપીલ** ઇશ્વરનો અંશ અથવા તેનું સ્વરૂપ કહેવામાં કંઈ અયોગ્યતા નથી. **દક્ષ** અને **પ્રસુતી** સંસારી માર્ગ પ્રવર્ત્તનારાં જણાય છે. માણસે પોતાનું નિત્ય જીવન કેવું રાખવું, બીજાઓ સાથે, બહારની સૃષ્ટિ સાથે કેવો સંબંધ રાખવો, બીજાઓની પ્રત્યે પોતાનો ધર્મ–પોતાનું કર્ત્તવ્ય શું છે, એ માર્ગ દર્શક દક્ષ અને પ્રસુતી છે. એજ માર્ગમાં વેદ, વૈદિક કર્મ, સ્મૃતિ, અને સ્માર્ત કર્મ રહેલાં છે.

દક્ષ પ્રજાપતિ ગણાય છે. તેણે કરેલો યજ્ઞ ભંગ થતાં તેનું શીર છેદન થયું અને પાછળથી બોકડાનું માથું લાવી ચોંટાડવામાં આવ્યું એમ કથન થયું છે. બોકડાને **અજ** કહે છે અને **અજ** એટલે **બ્રહ્મા** અથવા **પ્રજાપતિ** થાય છે. ત્યારે મૈથુની સૃષ્ટિનો પ્રજાપતિ **દક્ષ** છે. એના યજ્ઞનો ભંગ શિવજીના ગણોએ કીધો એ અતિ યોગ્ય છે; કેમકે પૂર્વની સ્થિતિ પલટાઇ નવિ સ્થિતિ થાય ત્યારે પૂર્વની રચનાનો નાશ થવો જોઇયે અને તે નાશ અથવા સંહાર કરનાર રૂદ્ર અથવા શિવજી છે.

સ્રી પુરૂષનાં સ્વરૂપનું નીરાળાં થવું પુરૂષ પ્રકૃતિના જુદાં થવાની પ્રતિમા છે. આદિ શુન્ય, પછી એક, એકનાં બે અને બેથી ત્રણ અને ત્રણથી અનેક એ પ્રમાણે રચના થાય છે. આ નિયમાનુસાર સ્રી અને પુરૂષના જન્મ થવા લાગ્યા. એકજ રૂપ-માંથી પ્રથમ બે રૂપની વ્યકિત છે. એ બે રૂપ જુદાં જુદાં વ્યકત

થયા પછી તેનો જ્યારે સંયોગ થાય છે ત્યારે ત્રીજાની ઉત્પત્તિ છે. આ નિયમનો ઉપદેશ આપનારી બ્રહ્મા અને સરસ્વતીની કથા છે. એ નિયમ–સૃષ્ટિનો અચળ, સનાતન નિયમ, ગુહ્ય, માર્મિક નિયમ છે. એ કથામાં ગમે તેવો દોષ દેખો તેથી એ કથાનું રહસ્ય–પવિત્ર–જ્ઞાનદાતા રહસ્ય કિંચિત મલિનતાને પાત્ર થતું નથી. જેની આંખ નિર્મળ નથી અને કમળાવાળી છે તેને સર્વ વસ્તુમાં પીળાસ દેખાય છે, એ દોષ વસ્તુનો નથી પણ પોતાનીજ આંખનો છે. પ્રજાની ઉત્પત્તિને માટે બ્રહ્માજીએ પોતાના **શુદ્ધ** દેહના બે વિભાગ કર્યા, અર્ધો દેહ પુરૂષ અને અર્ધો સ્ત્રી. આ જે સ્ત્રી થઈ તે સાવિત્રી નામે પ્રસિદ્ધ છે. તે કન્યાને બ્રહ્મા મોહ અને આશ્ચર્યતાથી જોવા લાગ્યા. બ્રહ્માથી તે પ્રગટ પડી માટે તે બ્રહ્માની પુત્રી ગણાઇ. સરસ્વતીએ પિતાની પ્રદક્ષિણા કરી અને તે જેમ જેમ ફરતી ગઈ તેમ તેમ–તે તે દિશામાં બ્રહ્માનું મુખ થયું, અને અંતે બ્રહ્માએ સરસ્વતી જેનું બીજું નામ શતરૂપા છે, તેની સાથે વિવાહ કીધો અને તે એના સંયોગથી સ્વયંભુ મનુ, વિરાટ્ એ નામનો પુત્ર થયો. (મત્સ્ય. પુ. અ. ૩) ચોથા અધ્યાયમાં મત્સ્ય ભગવાન આ વાર્તાનો ખુલાસો કરતાં કહે છે કે જે સમયની એ કથા છે તે સમયે ઇંદ્રિઓ નોતી અને તેથી ઇંદ્રિયોનો સંયોગ નોતો થયો, વળી બ્રહ્મા વેદને સ્થાને છે, અને સાવિત્રી જે ગાયત્રી છે, તે તેની અંગભૂતા છે, અને બન્નેનું જોડું સદાય સાથે છે, બ્રહ્મા વેદનો સમુહ અને સાવિત્રી તેનું અધિષ્ટાન છે, જ્યાં પદાર્થ ત્યાં છાયા અને છાયા ત્યાં પદાર્થ અને તેથી બ્રહ્મા અને સાવિત્રી નિરંતર જોડાયલાંજ રહે છે. **શતરૂપા** નામ અનેક આકૃતિ, અનેક રૂપ સૂચવે છે એટલે તે પ્રકૃતિરૂપ છે અને પ્રકૃતિજ જગતની વ્યક્તિનું એક કારણ છે. તે નહિ હોય તો જગત પણ નહિ હોય. જ્યાં ચૈતન્ય નહિ હોય ત્યાં પ્રકૃતિ પણ નહિ હોય. આથી વિશેષ સ્પષ્ટ શું હોઈ શકે ? કેટલાકના મત પ્રમાણે આ કથા સૂર્યના સંબંધમાં છે. પુરાણની કથાઓના ઘણા અર્થ થાય છે એમ આપણે આગળ

કહી ગયા છૈયે. સ્થૂળ ભૂમિ ઉપર ચૈતન્યનો ભાસ કરાવતા સૂર્ય છે. સૂર્યથીજ સર્વ સ્થૂળ વસ્તુની ઉત્પત્તિ, સ્થિતિ અને લય છે અને તેટલાજ માટે બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રની ત્રણે શક્તિનું મૂળ સૂર્ય ભગવાન ઇશ્વિર તુલ્ય છે. રાત્રી પ્રલયનું સ્વરૂપ છે, એ પ્રલયનો સમય સમાપ્ત થતાં સૂર્ય ઉદય થાએ છે અને સૃષ્ટિને જાગૃત કરે છે. સૂર્યોદય થતાં પહેલાં સૂર્યની પ્રભા પ્રથમ પ્રગટ થઈ પ્રકાશમાન થાય છે અને તે પ્રભા ચારે દિશાઓમાં વિસ્તાર પામે છે. એ પ્રભાની પાછળ સૂર્યનાં કિરણો ચોપાસે ધાય છે. એ પ્રભા અને સૂર્ય નિરંતર જોડાયલાં છે, પણ એ સંયોગને વ્યભિચારના દોષવાળો મૂર્ખ શિવાય બીજો કોણ નીરીક્ષણ કરશે? ભવિષ્ય પુરાણમાં સૂર્ય ભગવાનનું બ્રહ્મરૂપે વર્ણન છે (જુઓ અ. ૬૩ તા. ૧૧૬.)

ચાક્ષુસ મન્વંતર પુરો થયો હતો. ચાક્ષુસનું બીજું નામ **વિશ્વકર્મા** હતું અને તેની સ્ત્રી **કૃતી** હતી. (વિશ્વકર્મ પુરાણ અ. ૧૨) બંન્ને નામ અર્થ વાચક છે. મત્સ્ય પુરાણમાં ત્રેતાયુગને આરંભે સ્વાયંભુવ મનુને કહેલા છે. (અધ્યાય ૧૪૨.) પણ વૈવસ્વત મનુ તેજ સ્વાયંભુવ છે એમ લિંગ પુરાણમાં સ્પષ્ટ કથન છે. તેમાં લખ્યું છે કે "મનુષ્યોનો અધિકાર વૈવસ્વત મનુને આપ્યો. સ્વાયંભુવ મન્વંતરમાં બ્રહ્માજીએ જેને અભિષેક કીધો હતો તેજ સાત દ્વીપવાળી પૃથ્વિનું પાલન ધર્મથી કરે છે." (જુઓ અ. ૬૩.)

વૈવસ્વત મન્વંતરમાં એટલે જે મન્વંતરના અધિપતિ એ વૈવસ્વત મનુ ભગવાન હતા તેમાંજ પાંચમો અવતાર શ્રી વામન ભગવાનનો થયો હતો. (વિ. પુ. અંશ. ૩ અ. ૧) આપણે ઉપર જે પ્રહ્લાદને વિશે કહી ગયા છૈએ તેને વિરોચન નામે પુત્ર હતો. એ વિરોચનનો પુત્ર નામે બળી મહા સમર્થ ત્રૈલોકનો રાજા બણ્યો હતો. ઇંદ્રનું પદ તેણે છીનવી લીધું હતું અને દેવો નિર્બળ થઈ શોચ કરતા હતા. બળીરાજાનો નાદ ઉતારવાને અને દેવતાઓનું પ્રિય કરવાને શ્રી વિષ્ણુ ભગવાને વામન રૂપે પૃથ્વિ

ઉપર અવતાર લીધો હતો. તેમનું શરીર ઘણુંજ નાનું–ઠીંગણ ઘાટનું હતું અને તેથી તેમનું નામ વામન હતું. બળીરાજા વિશ્વજીત નામનો યજ્ઞ ગુરૂ શુક્રાચાર્ય કરાવતા હતા, તે સમ વામન ભગવાને આવી બળી-ાજા પાસે ત્રણ પગલાં પૃથ્વિ યાચના કરી. શુક્રાચાર્યે ના પાડ્યા છતાં બળીએ સંકલ્પ ક પાણી મુકયું એટલે વામન ભગવાને પોતાનું સ્વરૂપ વધાર માંડયું અને બે પગલાંમાં ત્રૈલોક સમાવી દીધું. ત્રીજા પગલાં પૃથ્વિ માગતાં બળીએ પોતાના મસ્તક ઉપર પગ મુકવા પ્રભુને પ્રાર્થના કરી. પ્રભુએ તેમ કરી બળીને પાતાળમાં દબાવ દીધો, અને દેવતાઓએ જયની ગર્જના કરી. બળીરાજા સ્થૂ દેહનું અભિમાન દર્શાવે છે. વામનજી નાના હતા પણ બળીને પરાજય કરી તેને પોતાના પાદ નીચે દબાવી દેવા સમર્થ હત દેહ અને પરમાત્મા સ્વરૂપ જે આત્મા તેની આ કથા છે. અં રમાં જે પ્રકાશે છે, નિવાસે છે તે અતિ સૂક્ષ્મ છતાં અમિ શક્તિ ધરાવે છે. બળી જ્યારે યજ્ઞ કરે છે એટલે મોટા વિશ્ નો ભોગ આપવા તૈઆરી કરે છે ત્યારેજ આ સૂક્ષ્મ રૂપ પ્રગ થવાનો સમય આવે છે. ત્રિલોકી પણ તેને સમાવવાને બસ નથ વામનજી ત્રણ પગલાં પૃથ્વિની યાચના કરે છે. ત્યારે બળીરા કહે છે કે તેં આ શું માગ્યું–નહિ સરખું–તુચ્છ જેવું માગ્યું. વામનજી ઉત્તર વાળે છે કે જે ત્રણ પગલાંથી સંતે પામતો નથી તે ત્રણ લોકથી પણ સંતોષ નહિ પામે. બળી લક્ષ્મીથી ભગવાને ભ્રષ્ટ કીધો તેથી પ્રહ્લાદજી રાજી થઇ કહે કે **લક્ષ્મિ હોય ત્યાં સુધી પોતાનું સ્વરૂપ યથાર્થ** સ જાતું. નથી (શ્રીમદ. ભાગ સ્કંદ ૮ અ. ૨૨) દેહનું અભિમ મીટવા માંડવાનો અને અંતરના પ્રકાશનો ઉદય થવાનો સમય ર કથા સમજાવે છે. **વામન** શબ્દને ઉલટો વાંચતાં **મનવા** થાય છે જે મનુષ્યનું ખરૂં રૂપ પ્રગટ થયલું છે એવું શિક્ષણ મળે છે. સ્થૂળ અં ચૈતન્યને પ્રથમ જે સ્પર્શ નોતો, તે સ્પર્શને માટે બન્ને વચ્ચે મન સંબંધ બંધાય છે અને હવેથી માણસનું ખરૂં રૂપ જે આપ

જાણીએ છીયે તે રૂપ જોવામાં આવે છે. સુતળમાં બળિને દાબી નાખે છે તેનો મર્મ એવો છે કે દેહનું જે અભિમાન, દેહને વિશે હું-પણાની જે મતિ તેને એ પ્રમાણે દાબી દીધી છે. એ મતિ જતાં પરમાત્માની ભક્તિની વૃદ્ધિ થતાં જીવ ઉંચી ગતિને પ્રાપ્ત થાય છે. આ પ્રસંગનો સમય ત્રેતાયુગનો છે.

ત્રેતાયુગ થોડાક અતિક્રાંત થતાં સિદ્ધિઓ જતી રહી, લોભ પ્રગટયો. કિલ્લા, પુર, ખર્વશ, ઘર અને કૃષિ કર્મ થવાં લાગ્યાં. (વિ. પુ. અં. ૧ અ. ૬ લિં. પુ. ઉત્ત. અ. ૩૯) ઘણું કરીને વૃક્ષનાં ફળથી નિર્વાહ થતો હતો. વૃષ્ટિ પણ એજ યુગમાં થવા લાગી. ગ્રામ અને વનનાં વૃક્ષો રોપ્યાં વિના થવા લાગ્યાં. જમીન સ્ત્રી, ધન આદિ બળથી, એક બીજાનું એજ યુગથી હરણ થવા લાગ્યું.

ત્રીજી મનુષ્ય જાતીની છઠી તથા સાતમી જાતીએ નગ-રોની રચના કીધી. મૈથુની સૃષ્ટિ થઇ ત્યારથી ભાષાની વ્યક્તિ પણ થઈ અને સમસ્ત પ્રજા પ્રથમ એકજ ભાષા બોલતી હતી.

“ પૂર્વે મનુષ્યોનાં શરીરમાં ભગવાનનું પૂજન કરવામાં આવતું હતું, પરંતુ તે મનુષ્યોમાં પરસ્પર અપમાન થવાં લાગ્યાં તે જોઈને વિદ્વાનોએ ત્રેતાયુગથી માંડીને ભગવાનની મૂર્તિમાં પૂજન કરવા માંડયું.” શ્રીમદ્ ભાગવતના ૭ મા સ્કંધના ૧૪ મા અધ્યાયમાંના આ વાકયનું સત્ય, આટલું જાણ્યા પછી, સૂર્યના તેજની સમાન પ્રત્યક્ષ ભાસે છે.

ત્રેતાયુગના આરંભમાં પુરૂરવાથી વેદ પ્રગટ થયા છે એમ શ્રીમદ્ ભાગવતના સ્કંધ ૯ ના અધ્યાય ૧૪ થી જણાય છે. શ્રીધર સ્વામિ ટીકા કરતાં કહે છે કે સત્યુગમાં સતનું પ્રાધાન્ય હતું તેથી તે સમયની પ્રજા ધ્યાનમાં નિમગ્ન રહેતી, ત્રેતામાં રજોગુણ વર્તતો હતો અને તેથી વેદના વિભાગ થઈ કર્મ માર્ગ ચાલવા લાગ્યો. એજ ત્રીજી જાતીમાં મહર્ષિ અને રૂષિઓએ પૃથ્વિ ઉપર અવતાર લીધા હતા. (મહા. શાં. મો. પુ. અ. ૬૧) પણ તે વિશે

આ સ્થળે વિસ્તારથી વર્ણન કરવું જરૂરનું નથી. બ્રહ્માએ પોતાના માનસ પુત્રોને પૃથ્વિને વિશે અવતરી પ્રજાની વૃદ્ધિ કરવાનું કહ્યું અને તેમાંથી કેટલાકે ના પાડી તેમ કરવાથી વેગળા રહ્યા અને બીજાઓએ તે આજ્ઞાનું પાલન કીધું એવી જે કથા કથેલી છે તે કથા આ ત્રીજી મનુષ્યની જાતીના સમય માટે છે.

ત્રીજી જાતીના મનુષ્યોની છઠ્ઠી અને સાતમી ઉપજાતી મનુષ્યો દાનવ નામથી ઓળખાય છે.

ત્રીજી મનુષ્ય જાતીમાં સ્થૂળ અને ચૈતન્યનો સંબંધ **મનથી** બંધાયો ત્યાર પહેલાં વિવેકના અભાવને લીધે ઘણો અનાચાર થયો હતો. કામવૃત્તિથી દોરવાઈ જતા પુરૂષો પશુઓનીમાં મોહથી નિરીક્ષણ કરતા હતા અને એ અયોગ્ય સંયોગનું પરિણામ ઘણુંજ માઠું આવવા લાગ્યું. આજ કારણથી **મનનો** વિકાસ શિઘ્ર કરવા માટે દેવતાઓ તરફથી પ્રયત્ન કરવામાં આવ્યું.

ચોથી મનુષ્યજાતીનો જન્મ થવા માંડયો ત્યારે તેના હીતાર્થે પુથ્વિ ઉપર અનેક ઉત્પાતો થઈ ફેરફાર થવા લાગ્યા. નવી પ્રજાને માટે નવો ખંડ થવાનાં ચિન્હો વખતે વખત બહાર પડવા લાગ્યાં, શાલ્મલી વર્ષ અંતે પ્રલયથી નાશ પામ્યો. આ પ્રલય અગ્નિથી હતો એમ લક્ષ દઇને પુરણો વાંચશે તેને તરત સમજાયા વિના રહેશે નહીં. ત્રીજી જાતીના સમયમાં વારંવાર ઉથલ પાથલ અને ફેર ફારો થયા હતા અને તે સર્વ પ્રલયથી સૂચવેલા છે.

એ શાલ્મલીદ્વીપને હમણાના વખતમાં **"લેમુરીઆ"** નામ આપવામાં આવ્યું છે. જે સ્થળે પાસિફીક મહાસાગર છે તે સ્થળે તેનો કેટલોક ભાગ હતો અને તેનો નાશ થતાં જે કકડાઓ બચી ગયા હતા તે ટાપુઓ રૂપ હજી સુધી જોવામાં આવે છે.

પ્રકરણ ૧૦ મું.

શાલ્મલી દ્વીપ ધીરે ધીરે નાશ પામવા લાગ્યો તેની પૂર્વેથીજ ચોથી મનુષ્ય જાતીને માટે તૈઆરીઓ થવા માંડી હતી. જુની ભૂમિ નાશ થવા લાગી અને નવી નીકળવા લાગી. જ્યારે જ્યારે નવી જાતી થવાનો સમય આવે છે ત્યારે ત્યારે તે જાતી માટે યોગ્ય સંસ્થા કરવા સારૂ મનુ ભગવાન પુથ્વિ ઉપર અવતાર ધારણ કરે છે. તે પોતાની દીર્ઘ દૃષ્ટિથી કેટલાક જીવોને પસંદ કરી જુદા રાખે છે, અને નવી પ્રજાને જે જે ગુણોની આવશ્યકતા હોય છે તે તે ગુણો તેઓને વિશે ખીલવા માંડે છે. ત્રીજી મનુષ્ય જાતી ચાલતી હતી તે સમયેજ તેમાંના અમુક જીવોને આ પ્રમાણે ભેગા કરી જુદા રાખવામાં આવ્યા હતા અને તેથી ચોથી મનુષ્ય જાતીનો જન્મ ત્રીજી મનુષ્ય જાતીના સમયમાંજ થયો હતો, અને તે પણ શાલ્મલીમાં થયો હતો. એ ચોથી મનુષ્ય જાતીનો જન્મ મૈથુન્ય ધર્મથી થયો હતો.

ચોથી મનુષ્ય જાતીનો જે પૃથ્વિ ઉપર નિવાસ હતો તેને સાંપ્રત સમયના વિદ્વાનો **"આટલાંટીસ"**ના નામથી ઓળખે છે. પુરાણોમાં તેનું નામ **કુશદ્વીપ** આપેલું છે. એ જાતીમાં પણ સાત ઉપજાતી હતી. એ દ્વીપ અથવા ખંડ વિસ્તારમાં ઘણોજ વિશાળ હતો અને હાલ જ્યાં **આટલાન્ટીક** મહાસાગર છે ત્યાંથી છેક ચીન સુધી તેની સીમા હતી. **અમેરિકાનો** પણ કેટલોક ભાગ, તેમજ **અફ્રિકાનો**, તેમાં આવી ગયલો હતો. પ્રત્યેક ઉપજાતી ક્યારે થઈ તે પશ્ચિમના કેટલાક વિદ્વાનોએ શોધ કરીને કહ્યું છે, અને એ સમય નિશ્ચય કરવાને માટે પુરાણોમાં સાધન છુપાયલાં હશે પરંતુ તે સાધનોથી આપણ કેવળ અજ્ઞાન છૈયે તેથી વર્ષોની ગણતરીને આપણે પડતી મુકવી એજ સારો માર્ગ છે.

પહેલી ઉપજાતીમાં **અસુરો** અવતર્યા હતા. જે અર્થ વાચક **અસુર** શબ્દ આપણે સમજીએ છૈયે તે અર્થ અહિં ગ્રહણ કરવાનો નથી, પ્રથમ ઘણા કાળ પૂર્વે તે નબળા અર્થનો

સૂચક નોતો. **અસુરો** તો દેવ ઉપર ભક્તિ રાખી તપશ્ચર્યા કરતા હતા, રાવણ સરખો પણ શ્રી મહાદેવનો ભક્ત હતો અને વેદ ઉપર તેણે ટીકા લખી છે જેને માટે પંડીતો બહુ ઉંચો મત ધરાવે છે. અસુનો અર્થ પ્રાણ થાય છે. બ્રહ્માથી પ્રથમ અસુર પ્રગટ થયા અને પછી દેવતા. એ અસુરો મહા સમર્થ હતા. અસુર શબ્દનો અર્થ પાછળથી બદલાયો છે. **સુર** એટલે દેવતા અને તેથી **ઉલટા** તે **અસુર** એમ પાછલા સમયમાં કથન કરવામાં આવ્યું. અસુરની સાથે **દૈત્ય** અને **દાનવ** શબ્દના અર્થ શું છે તે જાણવાની જરૂર છે. **કશ્યપ** ૠષિની સ્રી **દિતીથી** જે જન્મ પામ્યા તે દૈત્ય છે. તેમની પત્નિ **અદિતીથી** થયા તે આદિત્ય. **દિતી,** અને **અદિતી** અને તેમના સ્વામિ **કશ્યપ** શું છે? તેનાં ખરાં સ્વરૂપ શું છે તે અન્ય સથળે દર્શાવેલું છે અને પુન રૂકિતનું કંઇ ફળ નથી; તોપણ એટલું તો કહીશું કે જે ધાતુ ઉપરથી દિતી શબ્દ થયલો છે તેનો વિચાર કરતાં દિતીનો અર્થ જે જુદું પાડે છે તે થાય છે. એ શબ્દની આગળ **અ** જોડવાથી જે જુદું નહિ પાડે તે **અદિતી** છે. સર્વ વસ્તુમાં એકજ જીવન તત્વ રહેલું છે તે છતાં વિભાગોનું જીવન ભિન્ન ભિન્ન છે એમ માનવું એજ અજ્ઞાન છે. અજ્ઞાન ધરાવનાર દિતીના વંશજો છે અને નાના પ્રકારના અનુભવો લઈને વિકાસ ક્રમમાં એ અજ્ઞાન મીટાડવું એ તેઓનું કર્તવ્ય છે. આવી રીતે દનુ નામની સ્રીથી જે જન્મ પામ્યા તે દાનવ છે. દૈત્ય અને દાનવ એ ઉભય અસુર વર્ગમાં છે.

ભેગા કરેલા પહેલી ઉપજાતીના જીવોને મનુ ભગવાન પ્રથમ ઉત્તરમાં લઈ જાય છે. ત્યાં ઘણા કાળ સુધી રહ્યા પછી તેઓ દક્ષિણમાં ઉતરે છે, અને જેમ જેમ તેઓ નીચે ઉતરતા જાય છે તેમ તેમ આગલી ત્રીજી જાતિની પ્રજાને ત્યાંથી ખસેડી દુર રવાને કરી દે છે. આપણા જેવાં બે નેત્રો તેમને થયાં હતાં તે છતાં ત્રીજું નેત્ર છેક જતું રહ્યું નોતું અને તેથી ભુવર્લોક

અથવા અંતરિક્ષ લોકમાં તેઓ દૃષ્ટિ કરવાને શક્તિમાન હતા. તેઓના ઉપર જે રાજ્ય કર્તા થયા તે દેવાંશિ હતા. ત્રીજી મનુષ્ય જાતીની છઠી અને સાતમી ઉપજાતીઓની પ્રજા સાથે તેઓને વારંવાર લડાઈ થયાં કરતી હતી. સમય જતાં ત્રીજી મનુષ્ય જાતીની સ્રીઓ સાથે કેટલાક જોડાવવા લાગ્યા પણ આનું પરિણામ નબળી–ઉતરતી પ્રજાની ઉત્પત્તિ હતું.

આટલાન્ટીક મહાસાગરના સ્થળે જે ભૂમિભાગ હતો ત્યાં બીજી ઉપજાતી થઈ. તેના ઉપર દિવ્યસત્તા જારી રહી, તે સત્તાને તેઓ પ્રસન્ન ચિત્તથી આધિન હતા. ખેતી અને બીજા કારીગીરીના હુન્નરોમાં સુધારો કરવાને એ પ્રજા પ્રયત્ન કરતી હતી. પહેલી ઉપજાતીમાં મોટાં નગરો બંધાયાં હતાં અને સંસારિક કેટલીક સંસ્થા સ્થાપન થઈ હતી. બીજી ઉપજાતી શરીરે બળવાન હતી. પર્વત અને ડુંગરોમાં તે પ્રજાનો નિવાસ હતો, તે ધીરે ધીરે જેમ જેમ ઉંચે વધતી ગઈ તેમ તેમ પહેલી ઉપજાતીની પ્રજાને વિશેષ ને વિશેષ ઉત્તર ભણુવી હટવું પડયું. બીજી ઉપજાતીની વૃદ્ધિ થતાં તે ચારે દિશામાં પ્રસરતી ગઇ. પશ્ચિમે છેક **અમેરિકામાં** કેટલા માણસોએ જઇને નિવાસ કીધો, કેટલાક હિંદુસ્તાનમાં આવી વસ્યા એટલુંજ નહિં પણ અહિં પ્રથમથી નિવાસ કરનારી ત્રીજી જાતીની જે પ્રજા હતી તેની સાથે ભેળાઈ ગયા અને એ મિશ્રણથી દ્રાવિડો જન્મ પામ્યા. બ્રહ્મદેશ અને શિઆમના રહેવાશીઓમાં પણ બીજી ઉપજાતીના રૂધિર વા અંશ રહેલા માલમ પડે છે.

ત્રીજી ઉપજાતી જે **ટોલ્ટેક** કહેવાય છે તે બળવાન હતી. તે પ્રજાની જાવજલાલી જેવી તેવી નોતી. એ પ્રજા થઈ તે અરસામાં એવો મોટો પ્રલય થયો કે તેમાં કુશદ્વીપના જુદા જુદા વિભાગ થઈ મોટા સાત બેટો થઇ ગયા. એથીજ પહેલી અને બીજી ઉપજાતિની પ્રજા વીખેરાઇ ગઈ અને ઘણે અંશે નાશ પામી. ત્રીજી ઉપજાતી દેખાવમાં ઘણી ખુબસુરત હતી. એ પ્રજા

હાલની મનુષ્ય જાતી કરતાં ઘણી વધારે ઉંચી હતી. એ ઉંચાઈ સત્તાવીશ ફુટ કહેવાય છે. તેના શરીરનો બાંધો ઘણો મજબૂત., એટલો કઠીન હતો કે લોઢાનો ગજીઓ તેને માર્યો હોય તો તે તરત વળી જાય. તેઓનાં શરીરમાં એક એવો ગુણ હતો કે રણ સંગ્રામમાં કે બીજે સ્થળે તેમને જો કંઈ વાગવાથી ઘા પડયો તો તે એટલો વહેલો રૂઝાઈ જતો કે જેથી આપણે આશ્ચર્ય થઈયે. તેમનાં જ્ઞાનતંતુઓ તિવ્ર નોતાં. સ્વાદેંદ્રિ પૂર્ણ ખીલી નોતી, અને તેથી કોહેલું અને સડેલું ખાવાને માણસો આચકો ખાતા નહિં. ઘ્રાણેંદ્રિ તો વ્યકત થઈજ નોતી અને તેથી તેઓને સારી માઠી ગંધનું ભાન નોતું. આપણે જરા પણ નહિં ઠરી શકીએ તેવાં સ્થળોમાં તેઓ સુખેથી રહી શકતા હતા. આટલું છતાં ઉંચા વર્ગના લોકો સ્વચ્છતા પાળતા હતા. ત્રીજા નેત્રની પાછળ ગતિ થતાં શક્તિ છેક ઘટી ગઇ હતી, અને અંતે એ ત્રીજું નેત્ર અદ્રશ્ય થઈ ગયું. તે અદ્રશ્ય થયું ખરૂં પણ તેની શક્તિ જાગૃત કરનાર તેનો છુપી રીતે ઉપયોગ કરી શકતો હતો. આનું પરિણામ બીજું શું આવે પણ જાદુ. એ પ્રજાનો વર્ણ શ્વેત, રાતો, પીળો અને કૃષ્ણ હતો. તેની ભાષા જેને આપણે રાક્ષસી ભાષા કહીએ છીએ તે હતી. એ જાતીને આપણા પુરાણોમાં દૈત્ય નામથી વર્ણવેલી છે. અગ્નિશ્વાત પિતૃ ભૂતળ ઉપર અવતાર લઇ લોકના કલ્યાણ અર્થે પ્રજાનું સારી રીતે પાલન કરી શીક્ષણ આપતા હતા. હવે એ પ્રજા નવી નવી શોધ કરવાને શકિતમાન થાય એમાં શું નવાઇ ? વિમાનની કળાથી લોકો જાણીતા હતા અને લડાઈમાં વિમાનો વાપરતા હતા. સંહારકારી અનેક શસ્ત્ર તેઓએ બનાવ્યાં હતાં. બોંબ જેવાં સાધનો નોતાં એમ નહિ. એ પ્રજાએ પ્રથમ ખેતી સુધારવામાં, જાનવરોની જાતી સુધારવામાં, જુદાં જુદાં પ્રકારનાં અનાજ, ફળ ફળાદિક વૃક્ષો સુધારવામાં, અનેક પ્રકારના રંગો ખીલવવામાં, લક્ષ આપ્યું હતું. કીમીઓ ફતેહમંદિથી કરવામાં આવ્યો હતો. કેળવણી લોકમાં સર્વ કોઈ લેતું હતું, પણ બધા એક સરખી નહિ. જેની જેવી

વૃત્તિને જે અનુકુળ શિક્ષણ હોય તે શિક્ષણ તેને આપવામાં આવતું હતું.

શિલ્પશાસ્ત્ર ઉંચા પ્રકારનું હતું. એ પ્રજાએ ઘણાંજ સુંદર અને મોટાં નગરો બાંધ્યા હતાં. એમાં સર્વથી શ્રેષ્ઠ **હિરણ્યપુર** અથવા જેને સુવર્ણના દ્વારનું નગર કહેવામાં આવે છે તે હતું. એજ નગરમાં સુવર્ણ જડિત ભભકાદાર સૂર્યનારાયણ ભગવાનનું મંદિર હતું. સૂર્ય અને અગ્નિનો મહિમા જ્યાં ત્યાં વખણાતો હતો. પૂજાનો વૈભવ માણસને આશ્ચર્ય પમાડે તેવો હતો. પૂજારીઓ અને સેવકો, બ્રાહ્મણો અને બીજા ભકતોની ગણના નોતી. એની સાથે ઊત્પન્ન કર્તા, પાલન કર્તા, અને સંહાર કર્તા ત્રણ મહાનશકિતની, ત્રિમૂર્તિની માન્યતા સામાન્ય હતી. સૂર્યબિંબ એજ ઇશ્વરની મૂર્તિ છે એ વિચારથી કોઇ પણ બીજા પ્રકારની પ્રતિમાનો પ્રચાર નોતો. એ જાતીના પાછલા સમયમાં આદિ પરમપુરૂષની પૂજાને અર્થે પુરૂષાકૃતિની મૂર્તિની પૂજા કરવામાં આવતી હતી.

આ ઉપજાતિની પ્રજાનો સૂર્ય જ્યારે મધ્યાન કાળનો પ્રતાપી પ્રકાશ્યો ત્યારે ત્યાં સુધી જે દિવ્ય, મહાન રૂષિ આદિકની, સહાય તેને મળતી હતી તે બંધ થઈ કેમકે તે પવિત્ર મંડળે જોયું કે એ પ્રજા હવે આપબળનો પોતાના હિતાર્થ ઉપયોગ કરવાને શકિતમાન છે, અને ઉન્નતિક્રમનો સર્વ આધાર આપબળ ઉપર રહેલો છે. દિવ્ય સહાય સમાપ્ત થઈ, અને મહાનૂપદ અને સત્તા સંપાદન થયાં. પદ અને સત્તાનો નિશો જેરવવો ઘણોજ કઠીન છે. અહંકાર પ્રગટ થયો અને દિવ્ય સત્તાને ઠેકાણે તેની સત્તા ચાલી. સારી પણ મન રહિત સુંદરીઓનો મોહ વિશેષ પ્રસર્યો, તેની સાથે ઉંચા વર્ગના મનુષ્યોનો સંબંધ સંધાયો, અને વિકૃતાકૃતિ, કરાળ રૂપો, રાક્ષસરૂપો જન્મને પામ્યાં.

એ દરમ્યાંનમાં ચોથી ઉપજાતી **તુરાનીઅન** નામની જન્મ પામી વધે વધતી હતી. પૂર્વ દિશામાંથી તેને પગ થયા, અને

પશ્ચિમમાં તે આવી લાગી. ત્રીજી જાતીનું રાજ્ય વિસ્તીર્ણ હતું, પણ જુદે જુદે સ્થળે તેની સત્તા નીચે મંડળીક રાજાઓ રાજ કરતા અને તેને ખંડણી ભરતા. દક્ષિણના નિવાસીઓ સ્વતંત્ર થવા ઈચ્છતા હતા અને વારંવાર માથુ ઉંચકતા. તેમની સાથે તુરાની ટોળીઓ મળી ગયા. તેઓ ઉદ્ધત અને તોફાન ફીતુર કરવામાં તૈયાર હતા. બળવાખોરોનું જોર દહાડે દહાડે વધવા લાગ્યું, અને મૂળ ગાદીની સાથે લડાઈઓ થવા માંડી. સત્તાના લોભી આ અસુરો જાણતા હતા કે જ્યાં સુધી ઉપર કહેલું સૂર્યનારાયણ ભગવાનનું ભવ્ય મંદીર ઉભું છે ત્યાં સુધી તેઓની સત્તા સંપૂર્ણ સ્થાપન થઈ શકવાની નથી. આ અડચણ દુર કરવા માટે નવું નગર—નવી રાજધાની કરવાનો વિચાર થયો અને તે અમલમાં મુકાયો એટલુંજ નહિ પણ રાજય મહેલની સાથે નવા મંદીરની રચના પણ થઈ. ક્ષુદ્ર વ્યક્તિઓ-ભૂત, પ્રેત, પિશાચાદિની આરાધનાનો આરંભ થયો, અને અનેક પ્રકારના દુરાચારો પ્રસર્યા. એ આસુરી રાજા મદાંધ બની કહેવા લાગ્યા કે અમેજ ખરા રાજા છૈયે, અને દેવ રૂપ પણ અમેજ છૈયે. પોતાની પ્રતિમાઓ સ્થાપન કરાવી તેની પૂજા તેઓએ કરાવવા માંડી. આવાં આવાં પાપોથી પૃથ્વિ કાંપવા લાગી અને ઠેર ઠેર ત્રાસ વર્તિ રહ્યો. તેનો સામો પક્ષ નિબંળ પડતાં તેનું પરીબળ વૃદ્ધિ પામ્યું. દેવનો પરાજ્ય થયો અને અસુરનો જયનાદ ગાજી રહયો, પવિત્ર મંદીરમાં ત્રાસદાયક અપવિત્રતાથી વાતાવરણ બગડી ગયું. પૃથ્વિ ઉપર મોટા મોટા ફેરફારો થાય છે તે એકદમ કવચિત્ર થાય છે. આપણને જે હજારો વર્ષનો લાંબો સમય લાગે છે તે ઉપલી કોટીમાં તેટલો હોતો નથી. ત્યાં તે અલ્પ સમય છે. મંદિરની આ સ્થિતિ થયા પછી હજારો વર્ષ વીતે મહાન જળ પ્રલય થયો અને એક રાત્રિમાં આ વિશાળ ખંડનો મોટો ભાગ નાશ પામ્યો.

સીમાઇટ નામની પાંચમી ઉપજાતી, સ્કોટલેંડ, આયર્લેંડ અને તેની આસપાસનાં સ્થળોમાં પ્રથમ ઉત્પન્ન થઈ. સેંકડો વર્ષ સુધી તેણે સ્વતંત્રતા ભોગવીને દેશના ઘણા ભાગને

પોતાની સત્તા નીચે લીધો. એ જાતીની પ્રજાના કેટલાક જીવોને પસંદ કરી મનુ ભગવાને, મનુવૈવસ્વતે પાંચમી મનુષ્યની જાતીની તૈયારી કરવાનો આરંભ કીધો પરંતુ મનુભગવાનને એ પાત્ર પોતાની ઇચ્છા પ્રમાણે કામમાં આવે તેવાં જણાયાં નહિં, અને તેથી તે પડતાં મુકયાં. યાહુદી લોકોના મુળ પુરૂષ એ રદ ગયલાં પાત્રો હતાં.

આકાડીયન નામે છઠી ઉપપ્રજા થઈ તે ત્રીજી ઉપ-જાતીનો બે ત્રત્યાંશ ભાગ નાશ પામ્યો ત્યાર પછી થઈ. જે પ્રજા બચી હતી તેનો કેટલોક ભાગ ઉત્તરે જઈ વસ્યો અને કેટલો ભાગ પાંચમી જાતી જે ઉધરતી હતી તેની સાથે મળી ગયો.

સાતમી ઉપજાતી **મોંગોલિઅન** કહેવાય છે તે છે. જેમાંથી અંતર પ્રદેશના ચીનાઓ, મલાયાના લોકો, ટીબેટના લોકો અને બીજાઓ જન્મ પામેલા છે. જાપાની લોક એજ ઉપજાતીમાં પાછળથી થયા. આજ ઉપજાતીથી એશિઆ મેનર, ગ્રીસ, વગેરે દેશો વસાયલા હતા.

ચોથી ઉપજાતિમાં કામનો વિકાર સંપુર્ણ થયો હતો અને કામનાની પ્રવાહમાં ગમે ત્યાં ઘસડાઈ જઈને લોકો ઘણા અના-ચાર કરતા હતા.

એ જાતીના સમયમાં બે ત્રણ વાર જળ પ્રલય જેવું થઈને ઘણા જીવોનો સંહાર થયો હતો અને તે કારણથી જળ ત્યાં થળ અને થળ ત્યાં જળ એવું જોવામાં આવતું હતું.

કામનું પરિબળ વધી ગયું હતું એમ આપણે ઉપર કહી ગયા છૈએ. કામનું બળ વધ્યું એટલે ઇંદ્રીઓનું બળ વધ્યું. તેનો સ્વામિ ઇંદ્ર છે. કશ્યપ પ્રજાપતિની સ્રી દિતી ઇંદ્રને જીતે એવા પુત્રની પ્રાપ્તિ થવાનો વર માગે છે. પ્રભુ કૃપાથી તે ગર્ભ ધારણ કરે છે. આ સમાચાર શ્રવણ કરીને ઇંદ્રિ ભય પામે છે. તે દિતીની સેવા ઉઠાવવાને નિમિત્તે તેની પાસે રહે છે અને બરાબર લાગ જોઈને ગર્ભના

સાત કકડા કરી નાખે છે. એ સાત કકડા રૂદન કરવા લાગ્યા અને ઇંદ્રે તેઓને કહ્યું કે "મા રૂઓ." તે ઉપરથી તેમનું નામ **મરૂત** પડયું. જે જીવો દેહ રૂપી કારાગ્રહમાં સપડાઈને અનેક પ્રકારની વેદના સહન કરે છે, અને અશ્રુશ્રાવ કરતાં–રડતાં, મુકિતને ઇચ્છે છે, અને મુકિત પ્રાપ્ત કરવાને મહાન્ મથન કરે છે તેઓ યોગી અને મહાત્મા છે. સાતનો આંકડો વર્ગ દર્શક છે તેમજ સાત ઉપજાતી દર્શક છે. ઇંદ્રિઓ અને ઇંદ્રિઓના સ્વામિ ઇંદ્રનો પરાજય કરવા તેઓ સંપૂર્ણ રીતે સમર્થ છે. પુરાણુની આ માર્મિક કથા પ્રસિદ્ધ છે.

પ્રલયો થવાથી જે જે ટાપુઓ થયા એમ ઉપર કહ્યું છે તે મધ્યે રૂત, દૈત્ય, આટલાન્ટીસ અને પોશીદન, એમ ચાર જગતની જાણુમાં આવેલા છે.



પ્રકરણ ૧૧ મું.

આગલા પ્રકરણમાં ચોથી મનુષ્ય જાતીનું જે વર્ણન કરવામાં આવેલું છે તે પશ્ચિમ દિશાના પંડિતોની શોધને અનુસરીને કરવામાં આવ્યું છે. એ વિષયમાં આપણા પુરાણો કંઈ પ્રકાશ પાડે છે કે નહિં તે આપણે જોઈશું. એ ચોથી મનુષ્ય જાતી હતી એમ લક્ષમાં રાખવાનું છે. આપણે સારી પેઠે જાણીએ છીયે કે મહાદેવજીને પાંચ મુખ છે. શ્રીમહાભારતમાં વનપર્વના ૧૭૩મા અધ્યાયમા નિવાત કવચ યુદ્ધની કથામાં ત્રણ મસ્તક. નવ નેત્ર. ત્રણ મુખ અને છ હાથના મહાદેવનું કથન છે. આદિ પર્વમા હિરણ્યકશિપુના વંશમાં થયલા નિકુંભદાનવના બે પુત્રોના ઇતિહાસ આપેલા છે. એ બે ભાઈઓએ બ્રહ્માજી પાસે વરદાન મેળવ્યું હતું અને મહાબળવાન અને મદોન્મત થઇ, દેવ, ગંધર્વ, યક્ષ, નાગ. અને રાક્ષસોની સર્વ સમૃદ્ધિ લઇ લીધી હતી તેઓ માહો માંહે લડે તોજ તેઓનુ એક બીજાને હાથે મરણ હતું. બીજી રીતે તેઓ મૃત્યુ પામે એમ નોતુ. તેઓના વિનાશાર્થે બ્રહ્માજીની આજ્ઞાથી વિશ્વકર્માએ **તિલ્લોતમા** નામની અપ્સરા—અદ્ભૂત અને અપૂર્વ સૌંદર્યની મૂર્તિ, ઉત્પન્ન કીધી. એ સ્રીને નિરખતાંજ બન્ને ભાઈઓ મોહાંધ બની ગયા અને તેને માટે પરસ્પર લડીને મરી ગયા આ કથામાં **તિલ્લોતમાને** ફરતી જોતાં શિવજી ચારે દિશાઓ ફર્યા અને તેથી તેમને ચાર મુખ થયા એમ કથન કરેલું છે. ત્રણ અને ચાર મુખ ત્રીજી અને ચોથી જાતી દર્શાવે છે એમ સમજાય છે. વળી સ્રીના અપાર મોહવાળી પ્રજા ચોથી મનુષ્ય જાતી હતી એ પણ સ્મરણમાં રાખવાનું છે. (જુઓ અ. ૧૦૦ થી ૧૦૪).

આ બે ભાઈઓ જે **પૌલોમ** અને **કાળકેય** દૈત્યના નામથી ઓળખાય છે તેમાંના હતા. કસ્યપને વૈશ્વાનરની કન્યા **પુલોમા** અને **કાળકાથી** સાઠ હજાર દાનવ પુત્રો થયા હતા, અને તેથી એ દાનવો ઉપલા નામથી ઓળખાય છે. એ દાનવોની સાઠ

હજારની સંખ્યા આટલાન્ટીસની અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયલી દંત-કથાને અનુસરતી છે. એ દાનવો જે નગરમાં રહેતા હતા તે નગરનું નામ **હિરણ્યપુર** હતું. હિરણ્ય એટલે સુવર્ણ. સુવર્ણના દ્વારનું નગર જે કહેવામાં આવ્યું છે, તેજ નગર આ હોવું જોઇએ એમ સબળ અનુમાન થાય છે (જુઓ મત્સ્ય. પુ. અ. ૬) હિરણ્યપુરનું કથન એકમાં નહિં પણ ઘણા પુરાણોમાં જોવામાં આવે છે. વિશ્નુ પુરાણ, અંશ. ૨, અધ્યાય ત્રણમાં જંબુદ્વીપનું વર્ણન કરતાં લખ્યું છે કે તે ક્ષાર સમુદ્રથી વીંટલાયલો છે, તેના નવ ભેદ છે, જેમાંના બે **વારૂણ** અને ભારતદ્વીપ છે, આ દ્વીપની પૂર્વ દિશામાં ભીલ લોકો, પશ્ચિમે યવનો, અને દેશના મધ્ય ભાગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય, ને શુદ્ર વસે છે, ચાર યુગો ભરત ખંડમાં છે અને બીજે કયાંહી નથી, જંબુદ્વીપમાં પણ ભરતખંડ શ્રેષ્ટ છે કેમકે તે કર્મ ભૂમિ છે, અને બાકીની તો ભોગ ભૂમિ છે. કુશદ્વીપ વિશે એની પછીના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે તેમાં દૈત્ય દાનવો સહિત માણુસો, દેવ, ગંધર્વ, યક્ષ તથા કિંપુરૂપ આદિ વસે છે, તેમાં પણ ચાર જાતી દમી, શુષ્મિ, સ્નેહ અને મંદેહ નામથી બ્રાહ્મણ ક્ષત્રી આદિને અનુક્રમે રહેલી છે, અને પોતાનો સંસાર ક્ષય થવાને તેઓ શાસ્ત્રમાં કહેવા પ્રમાણે કર્મ કરે છે.

જંબુદ્વીપ આજકાલનો નથી પણ હજારો વર્ષથી છે, અને તેવીજ ભારત ભૂમિ છે. ઉપલા દ્વીપોમાં **વારૂણદ્વીપ** ધ્યાનમાં રાખવાનો છે. એકજ સ્થળને માટે ભિન્ન ભિન્ન પ્રસંગે ભીન્ન ભીન્ન નામથી જે કથન કરવામાં આવેલું છે તે વાંચનારને ગુંછવી નાખ્યા વગર રહેતું નથી. આસપાસની હકીકત જોઈને અર્થ શોધવાનું જો પ્રયત્ન થાય તો તે પ્રયત્ન નિષ્ફળ જતો નથી. દૃષ્ટાંત લેતાં, વાયુ પુરાણ પ્રમાણે શંખાસુર, એક નાના શંખદ્વીપનો રાજા હતો. એ દ્વીપ નીલપર્વતની પાસે હતો અને તેમાં મ્લેચ્છ લોક વસેલા હતા. શંખાસુરે આસપાસના દેશોને ઉજડ વેરાન કરવા માંડયા. એક તરફથી તે એમ કરતો હતો અને એજ પ્રમાણે બીજી બાજુએથી

ક્રૌંચદ્વીપનો રાજા કરતો હતો, તેથી લોકોને ત્રાસથી ઉગારવા માટે સમુદ્રમાંથી મહાદેવજી જેનું એક નામ **મૃડ** છે તે પ્રગટ થયા, અને બરબર દેશ, મિશ્રસ્થાન, અને અર્વસ્થાનમાં તેમની કૃપાથી શાંતિ થઈ ગઈ. **ક્રૌંચ** નામ અહીં એક દ્વીપને આપ્યું છે. એ નામથી બીજા સ્થળનું ભિન્ન વર્ણન છે. અહીં લખવાની જરૂર છે કે શંખદ્વીપ **આફ્રિકામાં** મોરોકોની દક્ષિણે પશ્ચિમ કીનારા ઉપર હતો અને જ્યાં હમણાં **સારાહનું** રણ છે ત્યાં તે સમયે સમુદ્ર હતો.

પ્રત્યેક મનુષ્ય જાતીને માટે નિવાસ કરવાની ભૂમિને ભિન્ન ભિન્ન નામો આપ્યાં હતાં તે છતાં પણ આપણી આ પૃથ્વિને સામાન્ય ભાષામાં ભારત વષ કથેલી છે. ભારતવર્ષના દશ દ્વીપ અથવા ટાપુઓમાં મ્લેચ્છ, પુલિંદ, કિરાત, સબર આદિ જાતની પ્રજા વસે છે, તેના મધ્યભાગમાં બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય અને શુદ્ર રહે છે. એ દશદ્વીપના જે નામ આપેલાં છે તેમાં એક નામ **વરૂણ** છે.

(લિંગ. પુ. પૂ. અ. ૫૨)

આગલા પ્રકરણમાં આપણે કહી ગયા છૈયે કે ચોથી મનુષ્ય જાતીના સમયમાં જળ પ્રલયથી સંહાર થઈ દ્વીપો નીકળી આવ્યા હતા. એ દ્વીપો કેટલાક કહે છે કે સાત હતા અને કેટલાક કહે છે કે દશ હતા. આ દશની સંખ્યા આપણું ધ્યાન ખેંચે છે. એ દશમાં એક **પોસીડોનીસ** હતો. એ શબ્દ ગ્રીક ભાષાનો છે. સમુદ્રના અધિપતિ દેવને તે ભાષામાં **પોસીડન** કહે છે; એ દેવ તેજ વરૂણ છે. માટે **પોશીડોનિસ** અને **વરૂણ** બન્ને એકજ સ્થળ દર્શાવે છે. બીજા દ્વીપોનાં નામ શું અર્થ વાચક છે, તે ગ્રીસ ભાષાના જાણનારા જાણી શકે છે અને આ લખનાર ને તે માલમ નથી. તોપણ એમ તો અનુમાન થાય છે કે **એટલેન્ટીસ**નો ટાપુ જે હતો તે, જેને પુરાણોમાં **અતળ** કહે છે, તેજ હશે. પાપનું સ્થાન દર્શાવનાર અતળ છે અને તે ટાપુમાં અઘોર પાપ થવા લાગ્યાં ત્યારેજ તેનો નાશ થયો. મોટાખંડનું

નમ પણ એજ હતું પરંતુ જળ પ્રલયથી તે ખંડ નાશ પામતાં જે દ્વીપ પાછળથી પ્રસિદ્ધિમાં આવ્યા તેમાના **એકનું** નામ નાશ પામેલા ખંડની સ્મૃતિને અર્થ, આટલાન્ટીસ રાખવામાં આવ્યું.

ચોથી મનુષ્ય જાતીની પહેલી ઉપજાતીનું નામ **રમોહલ** હતું અને બીજીનું નામ **ત્લાવ્રતલી** હતુ. અગરજો આ ઉપજાતી વિશે આપણે ખાતરીથી નહિ બોલીશું તો પણ, વંશ વર્ણનમાં, મહારોમા, સુવર્ણરોમા એવાં નામો આવે છે. (વિ. પુ. પૂ. અ. ૫). એમાના કોઈ દર્શક તો રમોહલ નહિ હોય ?

હવે સૂર્યનારાયણ ભગવાનની ભક્તિયોથી મનુષ્ય જાતીમાં હતી તે વિષય આપણે તપાસીશું. ભિન્ન ભિન્ન દ્વીપો થયા તેમાં એકનું નામ શાકદ્વીપ હતું. સૂર્યનારાણ ભગવાનનું ભવ્ય અને અતિ પવિત્ર મંદીર ત્યાંજ હતું. **શતાનીક** નામનો એક સમર્થ રાજા પૂર્વે થઈ ગયો છે તેને બ્રહ્માજીએ સૂર્યનારાયણ ભગવાનની આરાધના કરવાનું કહ્યુ હતું, અને તેથી તે રાજાએ **શાકદ્વીપમાં** જઇને શ્રેષ્ટ ઉપચારોથી સૂર્યનું પૂજન કીધું હતું. (ભવિષ્ય પુ. પૂ. આ. ૧૧૬). એજ પ્રમાણે સૂર્યનિ ભક્તિનો ઉપદેશ **યયાતિના** વંશના **સત્રાજીતને પરાવસુએ** કીધો હતો. એ સત્રાજીત પૂર્વ જન્મે ખેતી કરનારો હતો (એજન. અ. ૧૧૨) ખેતી કરવાનુ કહેલું છે તેથી સમયનું સૂચન થાય છે, કેમકે સૃષ્ટિના આરંભમાં ખેતી નોતી શાકદ્વીપમાં જે મંદીર હતું તે **પ્રીયવ્રતના** પુત્રે બંધાવ્યું હતું અને તે મંદીરમાં જે પ્રતિમા હતી તે સુવર્ણની બનાવેલી હતી. તે દ્વીપમા પૂજા કરવાને બ્રાહ્મણો નોતા, પણ ક્ષત્રી, વૈસ્ય અને શુદ્ર ત્રણ વર્ણજ હતી, અને તેથી **ભોજકોની** ઉત્પત્તિ થઈ. (એજન. અ. ૧૧૩) એ પ્રતિમા કલ્પવૃક્ષના કાષ્ટથી **વિશ્વકર્માએ** બનાવી હતી, અને પાછળથી એજ પ્રતિમા વિશ્વકર્માએ નદીમાં બુરાડી દીધી હતી.

(એજન અ. ૧૨૩) એ પ્રતિમા શાકદ્વીપમાંથી શ્રી કૃષ્ણ ભગવાનનો પુત્ર શાંબ લાવે છે. તેની પ્રતિષ્ઠા કરવાને **મગ** લોકોને તે બોલાવી લાવે છે. એ લોક પણ શાકદ્વીપમાં નિવાસ કરતા હતા. અહિં જેવી ચાર વર્ણ છે તેવી તે દ્વીપમાં, **મગ, મગસ, માનસ** અને **મંદગ** નામથી ચાર વર્ણ હતી. શાલ્મલિદ્વીપમાં ભગવાનનું પૂજન શક્ર (ઈંદ્ર) રૂપે થતું હતું. (એજન અ. ૧૩૩) મગ લોકોનું વિસ્તારથી વર્ણન એ પુરાણમાં કરેલું છે અને તે વર્ણન ઉપરથી એ લોક પારશીઓના પૂર્વજો હતા એમ માલમ પડે છે.

હવે પુરાણો મધ્યેની ક્ષત્રિય જાતની વંશાવળી ઉપર કંઈક દ્રષ્ટિ કરવી અવસ્ય છે. એ ક્ષત્રિઓમાં મુખ્ય **હૈહય** અને **તાલજંઘ** હતા. તેઓની કથાનો મર્મ સમજવો સુગમ પડે તેને માટે **વૃત્રાસુરનું** આખ્યાન આપણે પ્રથમ જોઇશું. અસુરનું વૃત્ર નામ શા ઉપરથી પડ્યું. ?

एनावृताइमेलोकास्तमसात्वाष्ट्रमूर्तिना
सवैवृत्र इतिप्रोक्तः पापः परमदारुणः ભાગ. સ્કં. ૬ અ. ૯.

(અર્થ. આ પ્રમાણે ત્વષ્ટાના પુત્ર રૂપી ગાઢ અંધારાએ સર્વ લોકોને ઢાંકી દીધા તેથી તે પાપી અને પરમ દારૂણનું વૃત્ર એવું નામ પડ્યું.)

અહિં અંધારાને માટે **તમસ** શબ્દ વાપર્યો છે. એ શબ્દ તમો ગુણ દર્શક છે. અધ્યાય ૧૪માં.

रजस्तमः स्वभावस्य वृत्रस्य

કહેલું છે. એટલે વૃત્રાસુરની પ્રકૃતિ રજોગુણી અને તમોગુણી હતી. એ અસુર કેવળ સ્વાર્થિ, હુંનો અભિમાની, હુંનેજ જોવાવાળો હતો. આવી વૃત્તિ એક સમયે લોકોમાં પ્રસરી ગઈ હતી, તેનો નાશ માત્ર **આત્મભોગ**થી થાય. આત્મભોગ આપનાર દધિચિ મુની છે જે લોકાના કલ્યાણને અર્થે ઇંદ્રની યાચના સ્વિકારી પોતાની દેહ પાડે છે, અને તેની દેહના અસ્થિના શસ્ત્ર બનાવી

તે શસ્ત્ર વડે ઇંદ્ર વૃત્રનો વધ કરે છે. આથી આત્મભોગનું શિક્ષણ મળે છે. વૃત્રાસુરનો વધ વૈવસ્વત મન્વંતરમાં થયો હતો.

લોકોને ધર્મ માર્ગે દોરવવાને રૂષિઓએ મહાન્ પ્રયત્ન કીધાં હતાં. ત્રેતા યુગને આરંભે **પુરૂરવા રાજાથી** ત્રણ વેદ થયા હતા અને તે રાજા અગ્નિ રૂપી પુત્ર વડે ગંધર્વના લોકમાં ગયો હતો. (ભાગ. સ્કં. ૯. અ. ૧૪). **શ્રીધરસ્વામિ** કહે છે કે વેદના વિભાગ થતાં કર્મનો માર્ગ દર્શાવવામાં આવ્યો. **પુરૂરવાની સ્ત્રી ઉર્વશી** હતી અને તે અપ્સરા છતાં મનુશ લોકમાં આવી હતી. **ઉર્વશી** અંતરની ઇચ્છા વાચક છે. પુરૂરવાને ગંધર્વથી શિક્ષણ મળ્યું એમ અહિં મર્મ છે. અગ્નિ પુત્ર જન્મ્યો કહેલું છે તે અગ્નિ ત્રણ પ્રકારનો હતો. દેવ પ્રત્યે પોતાનું કર્ત્તવ્ય કરી સ્વર્ગ પામવું, પિતૃ પ્રત્યે કર્ત્તવ્ય કરી તેને પ્રસન્ન કરવા, અને ગૃહસ્થના સર્વ ધર્મ પાળવા. યજ્ઞ કરવાના તે એજ હતાં અને છે. એક અગ્નિથી રાજા પુરૂરવાએ આ મન્વંતરમાં ત્રણ અગ્નિ ઉત્પન્ન કીધા. (વિ. પુ. અં. ૪ અં. ૬) આ ત્રણ અગ્નિ તે **દક્ષિણાગ્નિ, ગાર્હપત્ય,** અને **આહવનીય** પણ છે.

પ્રથમ ચોથી મનુષ્ય જાતીની પ્રજા શ્રદ્ધાવાન અને ધર્મ માર્ગે જનારી હતી. એમાં ઘણા ભક્તજનો અને સાધુ પુરૂષો થઇ ગયા છે. હરિશ્ચંદ્ર રાજાનો સમય વેદોના સન્માનનો હતો. વિશ્વામિત્ર અને તેમના શિષ્યો એજ સમયમાં હતા. કોઈ પણ એક સ્થિતિ સદા સ્થાઈ હોતી નથી. લોક ધર્મ માર્ગથી વેગળે ખસતા ગયા, અને અનાત્મનું અને **અહં** ભાવનું બળ વૃદ્ધિ પામતું ગયું. કામનાની પ્રગતિનો રોધ કરવા માટે યજ્ઞાદિક નિયમો રચાયા. પણ કાળની કૃતિને એથી અટકાવી શકાઇ નહિં. આવૃત્તિ વિષ રૂપી હતી. હરિશ્ચંદ્રના વંશમાં થયલો **બાહુક** આ વિષથી સપડાઈ ગયો અને તેથી તેનું નામ **સગર** પડયું. **ગર** એટલે વિષ અને **સ** એટલે સહિત. વિખ સહિત જે જન્મ્યો હતો તે એમ **સગર** શબ્દ દર્શાવે છે. સગરનો પિતા વ્યસની હતો અને

તેનું રાજ્ય હૈયય, તાલજંઘ, શક, આદિએ લઇ લીધું. તે રાજા સ્ત્રીને સાથે લઇને વનમાં ગયો અને ત્યાં દુઃખ પામી મરી ગયો. એને બે રાણી હતી, તેમાંની એકે પોતાની શોક્યને તેના ગર્ભમાં રહેલા જીવનો નાશ કરવાના હેતુથી વિખ આપ્યું. એ ગર્ભવતી રાણીએ પોતાના ધણી પાછળ બળી મરવાનો નિશ્ચય કીધો, પણ ઔર્વમુનિએ તેને તેમ કરતાં અટકાવી. તેને જે પુત્ર થયો તે સગર. મુની કૃપાથી મોટો થતાં શક, યવન, કાંબોજ, પારદ, પલ્હવ, નામના ક્ષત્રીઓને તે મારવા લાગ્યો અને તેઓએ વસિષ્ઠજીને શરણ જઈ રક્ષણ માગ્યું. એ શિવાય ચોલમદ્ર, કિષ્કંધક શાલ્વ કોંકણ આદિ દેશના રાજાઓનો પણ તેણે પરાજય કીધો હતો અને ધર્મ પ્રર્વતાવ્યો હતો. પછી તેણે રાજસુય યજ્ઞ કરવાનો આરંભ કરી અશ્વ છોડી મેલ્યો હતો. તે અશ્વના રક્ષણ માટે તેની એક સ્ત્રીના સાઠ હજાર પુત્ર તેની પાછળ ગયા હતા એ અશ્વ, હરી વંશના ૧૪ મા અધ્યાય પ્રમાણે “ પૂર્વ દક્ષિણ સમુદ્રની સમીપમાં ” ગેબ થઇ ગયો અને સગર રાજાના સાઠ હજાર પુત્રો સમુદ્રમાં પ્રવેશ કરી તેને શોધવા લાગ્યા અને તેમ કરતાં **કપીલમુની** પ્રતિ અપરાધ કરતાં તે મહાત્માના નેત્રથી નીકળેલાં તેજથી ભસ્મ થઈ ગયા. સગર રાજા ધર્મ માર્ગે જનારો હતો અને ધર્મને તેણે પોતાના રાજ્યમાં પુનઃ સ્થાપન કીધો. તેના પુત્રો કહ્યા છે તે તેની પાછળ થનારી પ્રજા સૂચવે છે. વૃહન્નારદીય પુરાણના આઠમા અધ્યાયથી માલમ પડે છે કે એ પુત્રો યજ્ઞાદિક કર્મો કરવાવાળાઓને વિઘ્ન કરનારા, લોકોને ઉપદ્રવ કરવાવાળા, બ્રાહ્મણોને દમનારા અને લુંટી લેનારા, સ્ત્રીઓનું માન ખંડન કરવાવાળા, સ્વપિંડને પોષનારા, અતિ દુરાચારી હતા. આવા કુકર્મીથી ત્રાસ પામી વિષ્ણુ ભગવાનનું શરણ મંગાયું અને ઉપર પ્રમાણે એ પાપી પુરૂષો નાશ પામ્યા. આટલાન્ટીસમાં થયલા એક પ્રલય સમયે સાઠ હજાર મનુષ્યોનો નાશ થયો હતો એમ કહેવાય છે. એ સાઠ હજારની સંખ્યા અહિ પણ છે. સગર રાજાની કથા ઘણા પુરાણોમાં છે. સગરે પરાજય પમાડેલા ક્ષત્રી-

ઓનાં વર્ણનમાં જે ચિન્હો આપેલાં છે તે મનન કરવા યોગ્ય છે એ ચિન્હથી તે રાજાઓની પ્રજા તરત પરખાઈ જાય છે.

સગર રાજાનો એક પુત્ર **અસમંજસ** હતો. એનું નામજ કહી આપે છે કે તે સાધારણ લોકથી ઉંચી કોટીના ગુણો ધરાવતો હતો. તે યોગી હતો અને તેથી અધ્યાત્મિક વૃત્તિને આગળ ગતિ આપનાર હતો. તેનો પુત્ર **અંશુમત** હતો. એના નામનો અર્થ કીર્ણ જેને વિશે રહેલું છે તે. કપીલમુનિને શાંત તે પાડે છે. આ ઉપરથી સહજ સમજાય છે કે સગરરાજાની પાછળ કંઈક કાળ સુધી જે ધર્મને તેણે સતેજ કીધો હતો, તે ચાલતો રહ્યો હતો. અમુક કાળ પછી અધર્મની પ્રવૃતિ ફરીથી પ્રસરી હતી અને તેનો ઉપર કહ્યા પ્રમાણે અંત આવ્યો.

સગર રાજા ઔર્વે રૂષિના આશ્રમમાં જન્મ પામી ત્યાંજ ઉછર્યો હતો અને શિક્ષણ પણ તે રૂષિથીજ પામ્યો હતો એમ કથન કરવાનો હેતુ એમ જણાય છે કે વૈદિક કર્મકાંડનો તે પ્રતિપાદન કર્તા હતો.

ઉપર **હૈહય** ક્ષત્રી જે કહ્યા તે હૈહયના વંશજો હતા. યયાતિ રાજાએ સર્વ ભૌમપતિ પોતાના પુત્ર પુરૂને નીમીને, પોતાના બીજા પુત્રોને તેની સત્તા નીચે મંડળીક રાજા સ્થાપ્યા, એવી રીતે કે દક્ષિણ અને પુર્વ દિશામાં **તુર્વસુ**, પશ્ચિમમાં દ્રુહ્યુ દક્ષિણ માર્ગમાં **યદુ**, અને ઉત્તરમાં **અનુ** વિ. પુ. અં. ૪ અધ્યાય ૧૦ રાજા **તુર્વસુને** પુત્ર નોતો તેથી વિષ્ણુ ભગવાને તેને આપવાને એક બાળક ઉત્પન્ન કીધો હતો. એક સમયે સાગર પુત્રી શ્રી લક્ષ્મીજીએ પોતાના ભાઈ રેવંતને આવતાં જોયો અને તેમ કરવામાં તેમનું એક લક્ષ થઈ ગયું અને અંતે પરિણામે વિષ્ણુ ભગવાનના શાપથી પોતે ઘોડી થઇ પૃથિવ ઉપર આવ્યાં અને ઘણો કાળ તેમણે તપશ્ચર્યામાં કહાડયો. પ્રભુએ અશ્વ રૂપે આવીને તેમનો સંગ કીધો જેથી એક બાળક જનમ્યો. એ બાળકને ચંપક વિદ્યાધર લઇ જાય છે પણ પાછળથી વિષ્ણુ ભગવાનની આજ્ઞાથી

તે બાળકને છોડી દે છે અને **તુર્વસુ**ને તે બાળક મળે છે. સમુદ્ર-સુતાનો ભાઈ કહેતાં સમુદ્રની સાથેનો સંબંધ બતાવ્યો છે. વળી વિદ્યાધર લઈ ગયો હતો તે ઉપરથી આગલી મનુષ્ય જાતીમાંથી તે ઊતરી આવ્યો હતો એમ સમજાય છે. વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે સહસ્ત્રજિતનો શતજિત અને શતજિતના હૈહય, વેણુ અને હય એ ત્રણ પુત્ર હતા. એ હૈહયના વંશમાં **કૃતવીર્ય** અથવા જેને **સહસ્ત્રાર્જુન** કહેવામાં આવે છે તે સપ્તદ્વીપવાળી પૃથ્વિના પતિ થયા હતા. (વી. પુ. અં. ૪ અ. ૧૧) એ રાજાને જય-ધ્વજ નામે પાંચ મુખ્ય પુત્ર હતા અને જયધ્વજથી **તાલજંઘ** પુત્ર થયો અને તાલજંઘને તેજ નામના સો પુત્ર થયા હતા. (એજન. અ. ૧૧.)

એ કાર્તવીર્ય્ય અતિ ધર્મિષ્ટ, અનેક યજ્ઞ કરવાવાળો, અને દાન આપવામાં ઘણો પરાયણ હતો. ભૃગુવંશના બ્રાહ્મણો તેની દક્ષિણા લઇને ધનાઢય થઈ ગયા. એ રાજા સ્વર્ગમાં ગયો ત્યાર પછી ઘણે કાળે તેના વંશજ હૈહય ક્ષત્રી દરિદ્ર થતાં ધનપ્રાપ્તિને અર્થે અનેક પાપ આચરવા લાગ્યા. ભૃગુવંશિઓને તેઓએ લુંટી લીધા, તેના ઘરબારો ખોદી નાખ્યાં, અને બ્રાહ્મણો પર્વતોની ગુફામાં નાશી ગયા. વિપ્રપત્નિઓને પણ એ ક્ષત્રીઓએ અત્યંત ત્રાસ આપ્યો, અને ગર્ભપાત અનેક થઈ ગયા. એમાંથી નાશી છુટેલી એક સ્ત્રીને એક પુત્ર, તેની જાંઘ ફાડી જન્મ પામ્યો. તે મહા તેજસ્વિ અને અંશિ બ્રહ્મ પુત્ર હતો અને તેના તેજથી ક્ષત્રીઓ અંધ બની ગયા. બ્રાહ્મણનો ગુણ ક્ષમાનો છે અને તેથી ક્ષત્રીઓએ કાલાવાલા કરવાથી એ બાળકે પાછી દૃષ્ટિ આપી. આ બાળક તે ઔર્વરૂષિ છે.

આવા દુષ્ટ ક્ષત્રીઓનો, સગર રાજાની પેઠે, શ્રી ભગવાને પરશુરામ અવતાર ધારણ કરી એકવીશ વાર મારીને નાશ કીધો. બ્રાહ્મણ આ પ્રમાણે કરે તે આશ્ચર્ય જેવું છે. ક્ષત્રીઓ કર્મકાંડનો તિરસ્કાર કરવા લાગ્યા હતા. બ્રાહ્મણોનું શ્રેષ્ટપણું તેઓથી સહન થતું નોતું, અને તેમાંના કેટલાએક કર્મકાંડને કોરે મુકીને ઉપ-

નિષદના માર્ગને વિશેષ માનનારા હતા. પરશુરામના જન્મની કથા આજ હેતુ પ્રગટ કરે છે. ગાધી રાજાની દીકરી નામે સત્યવતી ભૃગુવંશના ઋચીક નામે રૂષિને વરી હતી. તેને સંતતિ નહિ થવાથી તેણે પોતાના સ્વામિની પુત્ર પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી. રૂષિએ તે પ્રાર્થના સ્વિકારી યોગ્ય પ્રયોગ આરંભ્યો અને ખીર તૈઆર કરવાને સત્યવતીને કહ્યું. સત્યવતીએ તેને ભાઈનોતો તેથી પોતાના પતિને વિનતિ કરી કે થોડી ખીર વધારે કરી તેમાંથી મારી માને પણ જો આપવા કૃપા કરો તો ઘણું સારૂં. રૂષિએ ખીરનાં બે પાત્ર તૈઆર કીધાં. એકમાં શ્રેષ્ઠ બ્રાહ્મણનું વીર્ય મુકયું અને તે પોતાની સ્રીને ખાવાનું કહ્યું અને બીજામાં ક્ષત્રીનું વિર્ય મુકયું ને તે પોતાની સાસુને આપવાનું કહ્યું. રૂષિની આજ્ઞા પ્રમાણે નહી ચાલતાં તેણે પાત્રની અદલાબદલી કરી નાખી. એનું પરિણામ એ આવ્યું કે ગાધીને વિશ્વામિત્ર રૂષિ થયા અને સત્ય વતીને જમદગ્નિ અને જમદગ્નિને પરશુરામ થયા. ક્ષત્રીમાં બ્રહ્મતેજ આવ્યું અને બ્રહ્મણમાં ક્ષત્રીતેજ. ચોથી મનુષ્યજાતીનો સમય ઉપનિષદનો હતો. સર્વથી પૂરાતન કઠોપનિષદ તે સમયથી ચાલ્યું આવ્યું છે. વિશ્વામિત્ર અને વસિષ્ટનાં દર્શન ચોથીજ મનુષ્યજાતીમાં પ્રથમ થાય છે. શુક્રાચાર્ય ત્રીજી ને ચોથી મનુષ્યજાતીને માટે છે. ક્ષત્રીઓ બ્રહ્મજ્ઞાન માટે—અધ્યાત્મવિદ્યાને માટે બ્રાહ્મણો સાથે સ્પર્ધા કરવા લાગ્યા અને બ્રાહ્મણો પોતાનું જે કર્ત્તવ્ય તેમાંજ મચ્યા રહેવાને બદલે બીજી જાતીનાં કર્મ કરવા લાગ્યા. પરશુરામજીએ એકવીશ વાર નક્ષત્રી પૃથ્વી કરી રાજ્યની પ્રાપ્તિ કરી પણ પૃથ્વિનું પાલન ક્ષત્રિનો ધર્મ છે એમ જાણી પૃથ્વિ ક્ષત્રીને ફરીથી સોંપી દીધી.

મદ્રાસના નિવાસી એક વિદ્વાન પી. વાઈ ગોવિંદસ્વામી આયર, મલબારના પૂરાતન ઈતિહાસના વિષય ઉપર ન્યુ ઈન્ડીઆ નામના દૈનિક અંગ્રેજી વર્તમાન પત્રમાં કહે છે કે મલબારના કીનારાને વસાવનાર અગસ્ત્ય રૂષિ હતા. પ્રથમ બ્રાહ્મણને આણીને વસ્તી કરી પણ તે વસ્તી વૃદ્ધિ પામતાં બ્રાહ્મણો યોગ્ય રાજ્યાવસ્થા કરી

શક્યા નહી અને તેથી ત્યાં ક્ષત્રીઓને આણવાની ફરજ પડી. આ કથનની પુષ્ટિમાં ભૂગોળપુરાણ આદિ મદ્રાસમાં પ્રસિદ્ધ પુસ્તકો બતાવવામાં આવ્યાં છે. અગસ્ત્ય રૂષિએ સમુદ્રનું પાન કીધું એવી જે કથા છે તે કથાનો મર્મ જળમય પૃથ્વીમાંથી કોરી ભૂમી ઉપર આવી, એવો હશે એમ મનાય છે. મલબાર કિનારા ઉપર લોકોને વસાવ્યા હતા એમ કહેવામાં આવે છે, તે પ્રમાણે થવાનો સમય મનુષ્યની ચોથી જાતીનો છે.

અમેરીકા અથવા પાતાળ આપણા ગ્રંથોમાં જેને કહેલ છે તે સ્થળે પણ એ જાતીનાં મનુષ્યો જઇ વસ્યાં હતા. આના પ્રમાણ અનેક છે. પીરૂ દેશના ઇતિહાસનું પ્રેસ્કોટ નામના વિદ્વાને જે પુસ્તક લખ્યું છે તેમાંથી માલમ પડે છે કે જેમ આપણે સૂર્ય વંશના રાજા કહીએ છઈએ તેમ ત્યાંનો રાજા ઇંકા સૂર્યનો પ્રતિનિધી કહેવાતો. મનુષ્યજાતી સૂર્યનારાયણની પ્રજા છે, સૂર્યનારાયણે પોતાના બે સંતાનને જગતનાં કલ્યાણાર્થે પૃથ્વી ઉપર મોકલ્યાં હતાં અને તે બે ભાઈ બેન તેમજ ધણી ધણીઆણી હતાં, સૂર્યનારાયણનું ભવ્ય મંદીર હતું, અને તેની પૂજા થતી હતી, તારાઓના અધિષ્ટાતા દેવો છે, ઈશ્વર એકજ છે, જે ઉપર છે તેનીજ પ્રતિમા અથવા છાયા પૃથ્વિ ઉપર હોય છે, અને જે ઉપર નથી તે અહીં પણ નથી ઈત્યાદિ માન્યતા છે. મેકસીકોની જુની પ્રજામાં પણ એવીજ માન્યતા ચાલતી હતી. અમેરીકામાં મહાપુરૂષોનો નિવાસ હતો એમ સાંપ્રત સમયમાં સ્વિકારવામાં આવ્યું છે. આપણા પુરાણોમાં નાગોનું નિવાસસ્થાન પાતાળમાં કથન કરેલું છે, અને પાતાળ તેજ અમેરિકા જે આપણા પગ નીચે ભૂમિ છે. પૂર્વ દિશાથી દિવ્ય પુરૂષોએ આવી અમેરિકામાં નિવાસ કીધો હતો એવી દંત કથા છે, અને અમેરિકાની પૂર્વ દિશામાંજ ચોથી મનુષ્ય જાતીનાં મોટાં ધામ હતાં.

ત્રીજી અને ચોથી મનુષ્યજાતિના સમયમાં અગ્નિ અને જળથી પ્રલય વિશે જે કહેવામાં આવ્યું છે, તે વિશેની સારી સમજ ત્રિપુરાસુરના આખ્યાનથી મળે છે. એ આખ્યાન ઘણું

મોટું છે, પણ તેનો આપણને ઉપયોગી, અગત્યનો સાર એવો છે કે મયાસુરને સ્વપ્ન થયું કે તેણે રચેલાં ત્રણે પુર સમુદ્રમાં ડુબી ગયાં. દૈત્યોને ચેતાવ્યા હતા પણ તેઓ ચેત્યા નહિં. તેઓ ધર્મથી ભ્રષ્ટ થઇ ગયા હતા. એ મયાસુર વિશ્વકર્મા મયાસુર કહેવાય છે. તે બ્રહ્માને કહે છે કે પૂર્વે તારકાસુર સંગ્રામ થયો ત્યારથી દેવતા–દૈત્યને વેર છે. ત્રણપુર શિવાય અનેકપુર તેણે પશ્ચિમમાં રચ્યાં હતાં–ત્રિપુરના દરવાજા અને ઘરો, કોટ અને બીજું બધું ધબકારા સાથે સમુદ્રમાં બુડયું. હજારો શિખરવાળા પર્વતો હોય એમ ત્યાં દેખાવ થઈ રહ્યો. દાનવો સહિત શહેર સમુદ્રમાં બુડયું, ફક્ત મયાસુરનું મંદિર બચ્યું. (મત્સ્ય–પુ. અ. ૧૩૦–૧૩૧ તથા ૧૪૦)

આ વિષય ઉપર જેટલું કહીએ તેટલું થોડું છે. ચોથી મનુષ્યજાતીના સંબંધમાં પુરાણોમાં બીજી ઘણી કથાઓ છે જે સર્વનું નિરીક્ષણ વિસ્તાર પૂર્વક થવાને મોટા ગ્રંથની આવશ્યકતા છે. અહીં એટલુંજ કહેવું બસ છે કે આપણા વગોવાયલાં પુરાણો ઐતિહાસિક કથાથી ભરપુર છે અને એનાં જેવાં ઊંચા શિક્ષણ આપનાર બીજા ઇતિહાસ ભાયગેજ હશે. એના કર્તા શ્રી વ્યાસ ભગવાનને વારંવાર નમસ્કાર છે.

પ્રકરણ ૧૨ મું.

હવે આપણી આ પાંચમી મનુષ્યજાતી જે આર્યજાતી નામથી પ્રસિદ્ધ છે તેના ઉપર આપણે દ્રષ્ટિ કરીશું. ઉપર ત્રણ મુખવાળા અને ચાર મુખવાળા મહાદેવજીનું આપણે કથન કરી ગયા છૈયે. ચાલતા સમયમાં શ્રી મહાદેવજીની જે મૂર્તિ પૂજાય છે તે **પાંચ મુખવાળી** છે. એ **પાંચ મુખ** પાંચ મનુષ્ય જાતિદર્શક છે. શ્રી મહેશ્વર મહિમામાં સદ્યોજાત આદિક પંચ મુખનું, લિંગપુરાણને આધારે જે વર્ણન કરવામાં આવેલું છે તે ઉપર વાચકવંદનું સવિનય લક્ષ ખેચીશું. આ પાંચમી મનુષ્ય જાતીના અધિપતિ ઈશાન દેવ છે.

પૂર્વની પેઠેજ મનુભગવાને ચોથી મનુષ્યજાતી ચાલતી હતી ત્યારથીજ પાંચમીની ધીમે ધીમે તૈઆરી કરવા માંડી હતી. જે જે જીવોનાં લક્ષણ પોતાનાં કાર્ય પરત્વે યોગ્ય લાગ્યાં તે તે જીવોને પોતાનાં રક્ષણ નીચે લઈને તેમને મનુભગવાને કેળવવા માંડ્યા. તેઓના નિવાસ માટેનો **ક્રૌંચ** દ્વીપ પ્રગટ થયો નોતો. એશિઆ, યુરોપ, આફ્રિકા, અમેરિકા ઈત્યાદિ, જે સ્થિતિમાં આપણે હમણા જોઈયે છેયે તે સ્થિતિમાં હતાજ નહિં. કુશદ્વીપ ક્ષેમ કુશળ હતો. તેનું સ્વરૂપ ધીરે ધીરે બદલાવવા લાગ્યું. જળ પ્રલયનો સમય નિકટમાં છે એમ જાણીને મનુભગવાને કેટલાક જીવોને ઉગારી લીધા. તેઓને પહેલાંથીજ પૃથ્વિનો જે ભાગ પ્રલયથી નાશ પામવાનો નોતો ત્યાં તેઓ લઈ ગયા. આ જળ પ્રલય વિશ્વ વિખ્યાત છે, તે ઐતિહાસિક છે. તેની દંતકથા માત્ર આજ દેશમાં છે એમ નથી. ખ્યાલડીઆ, બ્યાબિલન, મિડિઆ, ગ્રીસ, સ્કેન્ડીનેવિઆ, ચીન, મેક્સિકો, પીરૂ આદિ પ્રદેશોમાં એની દંતકથા પરાપૂર્વથી ચાલી આવેલી છે. **માયા** લોકના યુકાટન નામના ગ્રંથના કર્તા **લેપ્લોનૂજીઅન** કહે છે કે એ પ્રલયમાં છ કરોડ ચાળીશ લાખ માણસોનો સંહાર થયો હતો. આ પ્રલયનો સમય દ્વાપર યુગ હતો. ચોથી ઉપજાતીના સંબંધમાં કળિયુગ અને પાંચમી ઉપજાતીના સંબંધમાં સત્યુગનો તે સમય હતો. પાંચમી મનુષ્યજાતીનો આરંભ થયા પછી હજારો કે લાખ વર્ષે એ પ્રલયે સંહાર થયો હતો. કેટલાક અંગ્રેજી ગ્રંથોમાં કેટલાં વર્ષ ઉપર તે બતાવ્યું છે પણ પુરાણોનાં વર્ષની ગણતરી બરાબર રીતે કરવાને આપણે શક્તિમાન થયા નથી ત્યાં સુધી એ વર્ષોની સંખ્યા ઉપયોગી થઈ પડે એમ નથી.

દ્વાપર યુગ પ્રત્યેક પ્રજા અને ઉપ પ્રજાને માટે ભિન્ન ભિન્ન હોય છે એ વાત પણ આપણે વીસરી જવાની નથી.

ત્રીજી મનુષ્યજાતીના જીવોની યોગ્યતા જોઇને તેમાંથી ચોથી મનુષ્યજાતી થઈ અને તેજ પ્રમાણે ચોથીના જીવો પાંચમી મનુષ્યજાતીનાં બીજ રૂપ બન્યા. જીવોની ઉન્નતિને અર્થે સૃષ્ટિ છે, અને એક

પછી એક નવી જાતી તેઓની વૃદ્ધિ માટે છે. આનું પરિણામ એ છે કે એકના એક જીવો ભિન્ન ભિન્ન રૂપે ભિન્ન ભિન્ન સમયે અહીં દૃષ્ટિ ગોચર થાય છે. જે પ્રમાણે એક નાટક મંડળી જુદા જુદા ખેલો ભજવી બતાવે છે પરંતુ તે સર્વ ખેલોમાં પાત્રનો વેશ ભજવનારા તો તે મંડળીના જે માણુસો છે તેજ છે તેજ પ્રમાણે આ સૃષ્ટિનો ખેલ જોવામાં આવે છે. સૃષ્ટિ ભગવાનની લીલા માત્ર છે એમ જે કહ્યું છે તે સત્ય છે. સૂર્ય, ચંદ્ર, ગૃહ, નક્ષત્ર, પૃથ્વિ, જ્યાં દૃષ્ટિ કરીશું ત્યાં પ્રત્યેક પરમાણુમાં ઈશ્વરની અદ્ભુત કૃતિ, તેની અદ્ભૂત શક્તિ, ચાતુર્ય, ડહાપણ અને ચમત્કારોથી ભરપુર, પૂર્ણ પ્રકાશથી આપણને મોહ પમાડે છે. પૃથ્વિ ઉપર જે વ્યક્તિઓ પ્રગટ થાય છે તે ભુવર્લોકથી ઊતરી આવેલી છે. ભુવર્લોકમાં જે આવે છે તે સુવર્લોકમાંથી આવે છે. જે નીચે છે તે ઉપર છે અને ઉપર છે તે નીચે છે. સ્થાન પરત્વે નામ અને રૂપ, જુદાં છે. આ વાતનો ઉપદેશ કરવાના હેતુથીજ આપણા પુરાણોમાં ભિન્ન ભિન્ન સ્થળે રમનારી વ્યક્તિઓનાં એકજ નામ કાયમ રાખ્યાં છે અને સ્થળની ભિન્નતાથી નામ રૂપની ભિન્નતા દર્શાવવામાં આવી નથી. આ પ્રમાણે છે તેથીજ પ્રત્યેક જીવની વૃદ્ધિ, ક્રિયા ક્રિયા સંજોગોમાં કેવી કેવી રીતે થાય છે તેની સમજ માણુસ મેળવી શકે છે. એક કથા સ્વર્ગ માંહેલો પ્રસંગ સમજાવે છે, તો તેની તેજ કથા ભુવર્લોકનો પ્રસંગ સમજાવે છે, તેમજ તેવા જુદી જુદી જાતીઓમાં થતા પ્રસંગને પણ સમજાવે છે એ અવશ્ય લક્ષમાં રાખી મુકવાનું છે. વ્યક્તિઓ અનેક છે અને તે સર્વને માટે આ પ્રમાણે કરવું અશક્ય છે એ પણ ધ્યાનમાં રાખવાનું છે.

જે પૃથ્વિના ગોળા ઉપર આપણો નિવાસ છે તે ભૂમંડળ અથવા ભૂવન કોષમાં મધ્યસ્થાને છે અને તેથી તેને નાભી વર્ષને નામે ઘણે પ્રસંગે ઓળખાવવામાં આવે છે. નાભીનો અર્થ ડુંટી થાય છે. એ ડુંટી શરીરના મધ્ય ભાગમાં છે તેમજ એ આખી પૃથ્વિને ભારત વર્ષ પણ કેટલેક સ્થળે કહે છે.

ભરત રાજા થઈ ગયો છે તેના નામ ઉપરથી **ભરતખંડ** આપણા દેશનું નામ પડેલું છે.

પાંચમી મનુષ્યજાતી આર્યજાતી નામે પ્રસિદ્ધ છે. આર્ય શબ્દ સન્માન પ્રતિષ્ઠા, ઉંચગુણ દર્શક છે. મહાભારતમાં એક જગે કહ્યું છે કે

"वृत्तेन हि भवत्यार्यो न धनेन न विद्यया"

ઊંચાં લક્ષણ, ઊંચી વૃતિ જે ધરાવે તેજ આર્ય નામને પાત્ર છે. ખરૂં છે કે સાધારણ માન્યતા પ્રમાણે આ અર્થ છે. પરંતુ ચાલતી પ્રજાને આર્યનું ઉપ નામ આપવામાં વિશેષ મર્મ રહેલો છે. શ્રીમદ્ ભગવતગીતાના ૧૦મા અધ્યાયમાં पितृणामर्यमाचास्मि એવું શ્રી કૃષ્ણ ભગવાનનું વચન છે (પિતૃમાં **અર્યમા** હું છું.) પિતૃઓની સાથે મનુષ્યજાતીનો સંબંધ શું છે તે વિશે આગળ આપણે કહી ગયા છેયે. **અર્યમા** નામના પિતૃ સાથે પાંચમી જાતીનો નિકટનો સંબંધ દર્શાવનારો **આર્ય** શબ્દ છે. અર્યમાંની ગણના **આદિત્યમાં** છે, અને **આદિત્ય** પ્રકાશદાતા છે. પૂર્વે થઈ ગયલી મનુષ્ય જાતિમાં મન વિકાસને પામ્યું નોતું. ચોથી મનુષ્ય જાતીમાં **કામ**નું પરિબળ હતું, તેનો સમય પુરો થતાં મનની ખીલવણી થવી જોઇયે, અને તે આ પાંચમી જાતમાં થાય છે. **મન**નું સામર્થ્ય અત્યંત છે. આકાશ તત્વથી છેવટે પૃથ્વિ તત્વ વ્યક્તિને પ્રાપ્ત થાય છે. એ પાંચ તત્વમાં પ્રત્યેકનો ગુણ જુદો છે. પૃથ્વિતત્વ અસ્તિત્વમાં આવતાં પાંચે તત્વ પરિપૂર્ણ થાય છે. એને અનુસરિને પ્રત્યેક મનુષ્ય જાતીમાં અકેક ગુણની વૃદ્ધિ થતી ગઇ, ઇંદ્રિની વૃદ્ધિ થતી ગઇ, અને એમ થતાં પાંચમી મનુષ્યજાતીમાં પાંચ ઇંદ્રિઓ વ્યક્તિને પામી. એ પાંચમાં પાંચમી ઈંદ્રી પૃથ્વિતત્વના લક્ષણની છે. પૃથ્વિનો ગુણ ગંધ છે. ઘ્રાણ ઈંદ્રિયોથી મનુષ્યજાતીમાં નોતી અને તેથી તેઓને ગંધની પરીક્ષા નોતી. પાંચ તત્વ પરીપૂર્ણ થતાં, પંચ કોષ, પંચ ઇંદ્રિઓથી, પાંચમી મનુષ્યજાતીનું બંધારણ પણ

પરીપૂર્ણ થયું, અને તે થતાં એ પચ ઇંદ્રિના અધિપતિાં મનની સત્તા પ્રકાશમાં આવવા લાગી.

ચોથી મનુષ્યજાતીના સંહારથી આપણે એમ સમજવાનું નથી કે તે જાતિ સમુળી જતી રહી છે. ચીન, જાપાન, બ્રહ્મદેશ, શિઆમની પ્રજા અને બીજી કેટલીક નાની પ્રજા હુજી સુધી રહેલી ચોથી મનુષ્યજાતી માંહેલી છે. એથી મનુષ્યજાતી ઉપર જે મનુભગવાન સત્તા ધરાવતા આવેલા હતા તે અદ્યાપિ સુધી તેમનું રક્ષણ કરે છે. પોતાનું પ્રથમથી ઈચ્છિત કાર્ય કિયે પ્રકારે પાર પડતું જાય છે તે એ મનુભગવાન જોઇ રહેલા છે એટલુંજ નહીં પણ તે પાર પડે તેને માટે જે જે યોજનાઓ ઘટિત જણાય તે તે યોજનાઓનો તે ઉપયોગ કરે છે. આખા સૂર્ય મંડળ ઉપર અધિકાર ધરાવતા મનુ ભગવાન હોય છે. તેમજ ભૂ મંડળ માટે હોય છે, તેમજ પ્રત્યેક મનુષ્યજાતી માટે હોય છે. આપણી પાંચમી મનુષ્ય જાતીના મનુભગવાન વૈવસ્વત છે. ચોથી મનુષ્યજાતીના મધ્યાન કાળથી તેમણે પાંચમી મનુષ્યજાતી માટે ગોઠવણ કરવા માંડી હતી. અંતે ઈ. સ. ની પહેલાં ૧૦૦૦૦૦ એક લાખ વર્ષ ઉપર જ્યાં આટલાન્ટીક મહાસાગર છે ત્યાં આવેલા એક ટાપુમાંથી તૈઆર કરવા માડેલા લોકોને બીજા લોકોથી જુદાજ રાખ્યા અને ઈ. સ. પૂર્વ ૭૯૭૯૭માં તેઓને આફ્રીકાને માર્ગે અરબસ્તાનમાં આણ્યા. કેટલોક સમય વીત્યા પછી ટીબેટના ઉતર દેશમાં જ્યાં મોટું રણ છે ત્યાં ગોબીના રણને સ્થળે જે સમુદ્ર હતો તે સમુદ્રના કીનારા ઉપર લાવીને તેમણે વસાવ્યા, એવું હાલના વિદ્વાનોનું કહેવું છે. આટલે દૂરથી માણસોને લઈ આવવામાં અનેક વિઘ્ન આવ્યાં હતાં. એનું પરીણામ એ થયું કે સમુદ્રના કીનારા સુધી આવતામાં માણસની સંખ્યા ઘણીજ ઓછી થઈ ગઈ. એ સમુદ્ર ઉત્તરમાં ઉત્તર ધ્રુવ આગળ જે સમુદ્ર છે ત્યાં સુધી પહોંચેલો હતો. તે સમયે ઉત્તરમાં પર્વતો પણ હતા. જે પ્રજાને કુશ દ્વીપમાંથી ચુંટી કહાડી હતી તેને પર્વતો બહુ રૂચતા અને તેથી જેઓ અહીં સુધી સહી સલામત

આવી પહોંચ્યા, તેઓને છેક ઉત્તરના ભાગમાં રાખવામાં આવ્યા. તેઓનાં અહીં આવવાથી દુર પ્રદેશમાં પ્રલયથી જે મોટો સંહાર થયો તેથી તેઓ બચી ગયા. ધીરેધીરે એ સંખ્યામાં વધારો થતો ગયો અને અંતે તેથી સબળ મોટી આર્ય પ્રજા થઇ. વારંવાર પૃથ્વિનાં પૃષ્ટ ઉપર મહા પ્રલય ને અલ્પ પ્રલયથી જે ફેર ફાર થતા ગયા તેમાં ગોબીનાં રણવાળો સમુદ્ર જતો રહ્યો અને જળ હતું ત્યાં થળ થયું, અને હીમાલય પણ ઉંચો આવ્યો-એ રણનું સ્થળ જ્યાં છે ત્યાં આગળ શંભલનગર એ આર્ય પ્રજાએ રચેલું હતું જેની શોભાનું યથાયોગ્ય વર્ણન થવું અશક્ય છે. ગોબીનાં રણની નીચે દટાઈ ગયલું હજી સુધી તે કાયમ છે એમ કહેવાય છે. એ નગરમાં આ પ્રજા મહાન્ રૂષિઓ અને કુમારો તથા મનુભગવાનના આશ્રય નીચે રહીને વૃદ્ધિ પામતી હતી. ચોથી મનુષ્યજાતી ઘણે સ્થળે હજી સુધી હતી. પ્રત્યેક પ્રજા એક ગ્રહની સત્તા નીચે રહે છે. ચોથી પ્રજાનો ગૃહ ચંદ્રમા હતો, પાંચમીનો બુધ છે. બુધ ચંદ્રનો પુત્ર છે. પાચમી પ્રજામાં મનની વ્યક્તિ વિશેષ થવા લાગી તેનું કારણ એજ છે. એ પ્રજાએ પોતાની સત્તાનો વિસ્તાર વધારવા માંડયો અને ચીન, જાપાન, શિઆમ આદિ દેશોમાં પોતાની સત્તા સ્થાપન કરી. સુમાત્રા, આસ્ટ્રેલિઆ, જાવા વગેરે ટાપુઓમાં પણ તેમાંથી કેટલાક જઇને વસ્યા. પણ એ પ્રજાનો મોટો ભાગ ઉત્તરથી દક્ષિણમાં આપણે જેને હિંદુસ્થાન કહીએ છૈયે ત્યાં ઉતરી આવ્યો. મનુભગવાનના આશ્રય નીચે જ્યારે પ્રથમ મંડળ આ આર્યાવૃતના ઉત્તર પ્રદેશમાં આવ્યું ત્યારે તેની સાથે મરીચી, અત્રિ, વસિષ્ઠ, ભૃગુ, નારદ આદિ રૂષિઓ હતા એવી પંડિતોની માન્યતા છે. તે સમયે આ દેશના દક્ષિણ ભાગમાં ચોથી મનુષ્યજાતીની પ્રજા વસ્તી હતી અને રાજ પણ તેમનુંજ હતું. તે પ્રજાની **ટોલટેક** ઉપજાતીના માણસોને અસુર અને કોઇકિવાર **નાગ** નામથી પણ ઓળખવામાં આવે છે. **દસ્યુ** તે **ત્લાવત્લી** છે, અને ત્રીજી મનુષ્યજાતી, **શાલ્મલિદ્વીપ**વાળીના જે વંશજો કૃષ્ણ વર્ણના રહેલા હતા,

તેને **દૈત્ય** અને **તક્ષક** નામથી કેટલેક સ્થળે કથન કરેલા છે. પ્રથમ મંડળ આર્યાવૃતમાં ઉતરી આવ્યું ત્યાર પછી બીજાં મંડળો પણ આવ્યાં. ધીરે ધીરે વૃદ્ધિ પામતાં, વિશેષ વિસ્તારમાં, બીજાઓનો પરાજ્ય કરી પોતાની સત્તા સ્થાપન કરતાં આર્યનોએ સમસ્ત આર્યાવૃત ભરી નાખ્યો અને તેને પોતાનો દેશ કહેવાડયો.

આપણે ઘણાક સાધુઓને કહેતાં સાંભળીયે છૈયે કે જાત્રા પુખાત્રા કરકે અમ ઉત્તરાખંડમે જાયગે. ઉત્તરાખંડની દંતકથા હજારો વર્ષથી ચાલી આવેલી છે. તે પરમપવિત્ર ભૂમિ ગણાય છે અને ત્યાં જે જાય તે નિશ્ચય કલ્યાણ કરીને જન્મ મરણના ફેરામાંથી મુક્ત થઈ પોતાનું જીવન સફળ કરે છે એમ ઘણાઓનું માનવું છે. આપણે સંભલનગર વિશે ઉપર જે કથન કર્યું છે તે ઉપરથી ઉત્તરાખંડનો પ્રદેશ કિયો તે સહજ સમજાઈ જાય છે.

પ્રત્યેક મનુષ્યજાતીનું **સાંકેતિક ચિન્હ** અથવા રૂપ હોય છે. ત્રીજી મનુષ્યજાતીનું ચિન્હ **અર્ધનારી** હતું, ચોથીનું **સિંહ**, અને પાંચમીનું **ગૌ—ગાય** છે--દ્વીજ જાતીને જનોઈને પ્રસંગે ગાયની અગત્યતા જણાય છે. પહેલાં બે ચિન્હની યોગ્યતા વિશે કથન કરવું એ સમયનો વ્યર્થ વ્યય કરવા જેવું છે. અર્ધનારી **યુગ્મ** સ્વરૂપ દર્શક છે. સિંહ **અહંકાર** અને શરીર સામર્થ્ય સૂચવે છે. મોટી બડાઈ મારવી હું હુંના પોકાર કરવા, એ સિંહની ગર્જનાની ઉપમાને માટે પાત્ર છે. ચોથી મનુષ્યજાતીનાં લક્ષણ શું આ સિંહનું ચિન્હ પ્રગટ કરતું નથી ? જેવી સિંહની ગર્જના તેવીજ ગાયની દીનતા. ગાય જે આત્મ ભોગથી સ્વાદિષ્ટ પય આપી પ્રાણીમાત્રનું પોષણ કરે છે, જે તેના પુંછડાના આશ્રય લેનારને અગાધ જળમાંથી પાર ઉતારે છે, તે ગાય જે પ્રજાને પૂજ્ય છે તે પ્રજા કેવી હોવી જોઇયે તે, સુજ્ઞ વાંચનાર, વિચાર કરી લેજે. એનું પય અમૃત સમાન છે. જે પય દેવકીપુત્રને અતિ પ્રિય હતું, જે પય સમસ્ત દેવતા વર્ગને અતિ પ્રિય છે, જે શુદ્ધ **સાત્વિક** તત્વનું સ્વરૂપ છે, તે પય આપનારી ગાય કલ્યાણ કરનારી માતાની તુલ્યે ગણાય

અને પૂજાય એમાં શું આશ્ચર્ય ! કામદુઘાની પુત્રી **નંદિની, આનંદ આપવાવાળી**, ગાયને માટે ક્ષત્રી રાજા **વિશ્વામિત્રે** રૂષિવર **વસિષ્ટજીને** ઘણીએ લાલચ આપી સમજાવ્યા, તોએ તેમણે તે નહિં આપી. વિશ્વામિત્રે વિચાર કીધા વિના જ્યારે અસહ્ય ત્રાસ આપ્યો ત્યારે બ્રહ્માંડોને ડોલાવવાને સમર્થ એવા બ્રહ્મદંડનો વસિષ્ટજીને ઉપયોગ કરવો પડયો. ગાયનું ખરૂં સ્વરૂપ ઘણું ઊચું છે. **ગૌ** શબ્દ **પૃથ્વિ** વાચક છે, **શરીર** વાચક છે, અને **પ્રકૃતિ** વાચક છે. ઉપનયન સંસ્કારમાં તેના સંબંધની વિધિ મહાન્ અર્થ ઉપદેશક છે. એ સંસ્કારની અધિકારી માત્ર ત્રણ વર્ણ છે. એ ત્રણ વર્ણને એ સંસ્કાર થતાં **દ્વીજ** જાતી કહેવાય છે. દ્વીજ શબ્દથી બીજીવાર જે જન્મ ધારણ કરે છે તે એમ સમજાય છે. બાલકનો પૃથ્વિ ઉપર માને પેટે જન્મ થાય છે તે **પ્રથમ** જન્મ છે પણ એના કરતાં અધિક શ્રેયકર જન્મ બીજો છે, અને તે ઉપનયન સંસ્કાર સમયે થાય છે. એ સંસ્કારવિધિમાં ગાયના ઉદર વિશે જવાની ભાવના છે—આનો મર્મ શું ? પૃથ્વિ ઉપર આવીને જીવ બહારની સૃષ્ટિથી મોહ પામી તેમાં ને તેમાંજ રમણ કર્યાં કરે છે. મનુષ્યા દેહ જે મળી છે તે એ પ્રમાણે કરવા માટે નથી પણ જન્મ મરણના, ચોર્યાસી લાખના ફેરામાંથી મુક્ત થઈ જીવે પોતાની પૂર્વ—આદિ સનાતન સ્થિતિ પુનરપી પ્રાપ્ત કરવા માટે છે. એ કેમ થાય ? સંસારથી વિમુખ થઇ સર્વ વૃત્તિઓને અંતરમાં વાળી પોતાના સ્વરૂપમાં સ્થિત થવું. પ્રથમ **હિરણ્યગર્ભ** તેજસ્વિ, મહાન્ તેજોમય અંડ પ્રગટ થયું અને તેના બે વિભાગ થતાં ઉપર આકાશ અને નીચે પૃથ્વિ થયાં. એ હિરણ્યગર્ભ પ્રકૃતિનું સૂક્ષ્મ સ્વરૂપ છે. એ **પ્રકૃતિ** તેજ **ગૌ** છે. એમાં જે **ચૈતન્ય** સ્થિત છે તે ચૈતન્યના બહાર નીકળેલા **સ્ફુલીંગે** પાછા વળીને તેમાં ભળી જવાનું છે. એજ પ્રમાણે **બુદ્ધિરૂપી** ઉપાધિમાં જે **ચૈતન્ય** પ્રકાશે છે તેમાંથી બહાર પ્રસરી ગયલી સર્વ વૃતિને આકર્ષિને સ્થિત થવું એજ પરમ હેતુ છે. આ શ્રેષ્ટ હેતુ

સાધવાનાં પ્રયત્નનો આરંભ ઉપનયન સંસ્કારથી છે. ઊંચી અધ્યાત્મિક સ્થિતિ દર્શક ગૌનું સાંકેતિક ચિન્હ છે. એ ચિન્હવાળી આર્ય પ્રજા બીજી સર્વ પ્રજાને ઉપદેશ આપનારી, ગુરૂની પદ્ધિ પામે એ કેવળ સ્વભાવિક છે. જે પ્રજા પૃથિવ ઉપર નિવાસ કરનારા સર્વ મનુષ્ય માત્રનાં મન ઉપર પોતાની સત્તા પ્રર્વતાવી મનુષ્ય માત્રનું કલ્યાણ કરે છે તે પ્રજાને ધન્ય છે. સમગ્ર પૃથિવનું ચક્રવર્તિ સ્થૂળ રાજ્ય આ માનસિક સૃષ્ટિનાં રાજ્ય આગળ કેટલું તુચ્છ છે એ કહેવાની જરૂર નથી.

પાંચમી જાતીની જે પ્રજાએ આર્યાવૃતમાં આવીને નિવાસ કીધો તે પોતાનાં સર્વ કર્મના પ્રારંભમાં ગણુપતિનું પુજન કરે છે. આને માટે એક વિદ્વાનનું કહેવું એવું છે કે એ દેવ મનના વિકાસનું સ્વરૂપ છે. મન અત્યંત ચંચળ અને સંકલ્પ વિકલ્પાત્મક છે અને એક ક્ષણ પણ સ્થિર રહેતું નથી. મનને માતંગની ઉપમા અપાય છે. **માતંગ** તે મસ્ત હાથી છે. હાથીની સુંઢ આણીમેર તેણીમેર સદાય ઘુમતી ને ઘુમતી જોવામાં આવે છે. માણુસના બરડાની નળિકા જે છેક નીચેથી મસ્તક સુધી ઊંચે ગયલી છે તેની સાથે જ્ઞાનતંતુઓની અદ્‌ભૂત રચના રચાયલી છે. એ રચનાની આકૃતિ સુંઢ સહિત હાથીના મસ્તકને મળતી છે. આ સ્થુળ આકૃતિ અથવા રૂપ **મન પ્રદેશ** દર્શક છે. મન એજ સર્વનો કર્તા છે, માટે નામરૂપ પ્રપંચ દર્શક **ગણુપતિની** મૂર્તિ છે. બરડો એ બ્રહ્મદંડ છે, એની નીચે **મૂળાધાર** ચક્ર છે. એ ચક્રના ઉપર સત્તા મેળવીને સંચાર થતા પ્રાણુને પ્રાણુયામથી રોકવો અને પ્રાણુનો નિરોધ થતાં મનનો નિરોધ અને મનનો નિરોધ થતાં યોગની પ્રાપ્તિ. પાંચમી મનુષ્યજાતીનું જે કાર્ય છે તે એજ છે અને તેટલાજ માટે ગણુપતિ પૂજન સર્વ કર્મમાં પ્રથમ છે.

એ **સિદ્ધિબુદ્ધિપતિ** શ્રી વિનાયક આર્યાવૃતમાં મહાન્ દૈવી પુરૂષોએ આણીને વસાવેલી આર્ય પ્રજાને શ્રેષ્ઠ બુદ્ધિ આપી,

તેનું નિર્માણ થયલું કર્તવ્ય કુશળતાથી તેની પાસેથી કરાવીને જીવના પરમ કલ્યાણના હેતુની સિદ્ધિ સત્વર આપો એજ પ્રાર્થના આપણે શુદ્ધ અંતઃકરણથી કરીશું.

પ્રકરણ ૧૩.

આપણે ઉપર કહી ગયા કે પાંચમી મનુષ્યજાતીના મનુષ્યો આર્યાવૃતમાં પ્રથમ ઉત્તરના પ્રદેશોમાં વસ્યા અને પછી ધીરે ધીરે નીચેના પ્રદેશોમાં પોતાની સત્તા બેસાડતા ગયા. આ કાર્ય સુગમ નોતું. આગલી પ્રજા–મનુષ્યજાતીના જે લોક પ્રથમથી વસેલા હતા તેઓની સાથે વારંવાર તેઓને લડાઈમાં ઉતરવું પડયું. આપણો ઋગ્વેદ જે કુબેરના ભંડાર જેવો અખૂટ અમુલ્ય રત્નનો ભંડાર છે, અને જેની તુલના કરનારૂં એક પણ પુસ્તક પૃથ્વિનાં પૃષ્ટ ઉપર પ્રગટ પડેલું નથી તેને આધારે પશ્ચિમના પંડીતો આ આવેલાં આર્ય મંડળનો સમય સમયનો માર્ગ નિશ્ચય કરી કહી બતાવે છે. એ વેદમાં ઇંદ્રની પ્રાર્થના કરવાના ઘણા મંત્રો છે. તેમાં રક્તવર્ણના અને ભયંકર ચીસો પાડનારા પીશાચોનો અને રાક્ષસોનો અને કૃષ્ણ વર્ણના દસ્યુનો નાશ કરવાનું માગવામાં આવેલું છે. ચોથી મનુષ્યજાતીની ઉપજાતી એ વર્ણની હતી. સમય જતાં એ પ્રજાની સાથે આર્ય પ્રજાને સમાગમ વધતો ગયો તેથી ભવિષમાં ઈચ્છિત હેતુની સિદ્ધિમાં નહીં મિટાડી શકાય એવાં વિઘ્ન નહીં પડે તેને માટે ઘટિત યોજનાઓ થવા લાગી. દૈવી પુરૂષોથી રક્ષિત અને તેઓના સમર્થ આશ્રય વાળી પ્રજા અન્ય પ્રજાઓ કરતાં અધિક ગુણવાળી અને અગ્રેસર હોય એમાં સંશય નથી. તેનો વર્ણ શ્વેત હતો. જે સ્થળે તે ઉછરીને કેળવાઈ હતી તે સ્થળનું એ મહાત્મ હતું. **ટોલટેક** અથવા **અસુર** સાથે કેટલીક આર્ય પ્રજાનો સંબંધ ગાઢો જોડાયો ત્યારે એ સંબંધથી જન્મ પામેલા જીવોનો વર્ણ રક્ત થયો, એથી ઉતરતી પ્રજાના સંબંધથી પીળા વર્ણની નવી

સંતતિ થઇ, આ પ્રમાણે ત્રણ વર્ણ બણી રહી. શુદ્ધ આર્ય જનો તે બ્રાહ્મણ, શ્વેત વર્ણના, બીજા ક્ષત્રી રક્ત વર્ણના, અને ત્રીજા વૈશ્ય પીત વર્ણના. શુદ્રો પાછળથી થયા. જેઓનામાં આર્ય રૂધિરનો અંશ નોતો તેઓં શુદ્ર જાતીમાં ગણાયા. આવી રીતે ત્રણ જાતીઓ અનુક્રમે બંધાઈ અને શુદ્રજાતી ઘણી પાછળથી થઇ.

શ્રીમદ્‌ભગવદગીતાના ચોથા અધ્યાયના ૧૩મા શ્લોકનાં પ્રથમ દર્શાણે ચારે વર્ણ, કર્મ અને ગુણને અનુસરીને સાથે ઉત્પન્ન કરવામાં આવી હતી એમ સમજાય, તેમજ પુરૂષ સૂકતને માટે પણ કહેવાય. તેમ છતાં અહિં આપણે જુદું કથન કરીએ છૈયે એ કદાચ કેટલાકોને નહિં રૂચે, પણ આર્ય પ્રજા પાંચમી મનુષ્યજાતી છે, પંચજના શબ્દથી આપણા રૂષિવરોએ એ વાત સૂચવી દીધેલી છે. એ પાંચમી મનુષ્યજાતીમાં—આર્ય જાતીમાં જે ચાર વર્ણ સાંપ્રત કાળમાં ગણાય છે તે વર્ણ કેવે પ્રકારે થવા પામ્યા તે અહિં સમજાવ્યું છે. પૂર્વે બ્રાહ્મણ, ક્ષત્રી નોતા એમ કહેવાનું હાર્દ નથી, ચોથી મનુષ્યજાતીના ક્ષત્રીઓનો સંહાર બ્રાહ્મણ પરશુરામજીએ કીધો હતો. પુર્વે નીચી યોનીમાંથી ઘણા પુરૂષો રૂષિ એટલે બ્રાહ્મણ વર્ગમાં ચડયા હતા.

પહેલી મનુષ્યજાતીમાં આવો ભેદ પાડવાનું કારણ નોતું, આવો ભેદ પાડવાનો પ્રસંગ આવે ત્યારેજ ભેદ પડે છે. એ ભેદ જે પડે છે તે પણ માત્ર ઉપલી ભૂમિકાના ચિત્રની છાયા છે. બ્રહ્માજી તો સૃષ્ટિને સરજતાં પહેલાં આખું ચિત્ર પોતાના મનમાં ધારી મુકે છે, અને તે પ્રમાણે બધી ભૂમિકાઓ ઉપર થતું જાય છે. ઇંદ્ર, વરૂણ, સોમ, પરજન્ય આદિ ક્ષત્રી વર્ગ બ્રાહ્મણની પછી થયો. વસુ, રૂદ્ર, આદિત્ય, વિશ્વદેવા, આદિ વૈશ્ય ગણ ક્ષત્રી વર્ગ પછી થયો, અને પુષન એટલે શુદ્ર સર્વથી છેલ્લે (જુઓ સત્પ. બ્રા. ૧૪–૪–૨–૨૩૧ તથા વૃહદા. ઊપ. ૧–૪–૧૧) ઉપલી ભુમિકાની એ રચનાને અનુસરીને અહિં આર્યાવૃત્તમાં જાતીઓ બંધાઇ. શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા તેમજ પુરૂષસૂકતનું

ઉચ્ચારણ એવું નથી કે ચારે જાતીઓ એકી વેળાએ થઇ. આપણા વૈવસ્વત મનુ કંઇ પ્રથમ મનુ નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૦મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાનના શ્રી મુખનું વચન છે કે महर्षयःसप्तपूर्वेचत्वारोमनवतथा. આર્યજાતીની પુર્વે બીજી પ્રજાઓ થઈ ગઈ છે એમ માર્કંડેય પુરાણના ૪૬, ૫૯ અને ૬૦ અધ્યાય જે અતિ મનનને પાત્ર છે તે સ્પષ્ટ રીતે બતાવી આપે છે. પ્રત્યેક પ્રજાનાં પોષણ તથા નિર્વાહ માટે જુદી જુદી સંસ્થા હતી. ઈચ્છા સિદ્ધિ, રસોલ્લાસ સિદ્ધિ, વાર્ક્ષિસિદ્ધિ અને હસ્તસિદ્ધિના સમયો એ વિશે સારી સમજણ આપે છે. હાથપગની મહેનત કરીને જીવન તથા સર્વ વ્યવહાર કરવાનો આ સમય છે અને એ સમય હસ્તસિધ્ધિનો છે.

પ્રત્યેક જાતીનો રંગ જુદો છે માટેજ જાતીને વર્ણ કહે છે. વર્ણ શબ્દનો અર્થ રંગ થાય છે. એ વર્ણ અથવા રંગ ખરી રીતે જોતાં લિંગ શરીરનો છે. વિશ્વામિત્રાદિક કેટલાક રૂષિઓનો જન્મ નીચી-ઉતરતી જાતીમાં થયલો છતાં પાછળથી તે બ્રાહ્મણ વર્ગમાં ગણાયા એ વાત ખરી છે, પણ તેનું કારણ શું ? લિંગ દેહની રચના દેવતાઓ કરે છે. તેનો વર્ણ નિશ્ચય કર્તા તેઓ છે, એ દેવતા જ્યાં સુધી એ દેહનો વર્ણ બદલે નહિં ત્યાં સુધી જાતી પણ બદલાય નહિજ. ઊંચેથી નીચે ઉતરવું સહેલું છે પણ નીચેથી ઉપર ચડવું કઠીન છે. બ્રાહ્મણમાંથી શુદ્ર સહેલથી થઇ શકાય પણ શુદ્રને બ્રાહ્મણ થવું એ તો મહાન્ કષ્ટનું કામ છે. નઠારા થવું એતો સહુ કોઈના હાથમાં છે, સારા થવા માટે અન્ય સહાયની આવશ્યકતા છે. વિશ્વામિત્રે કેટલીવાર મહાન્ તપ કીધો અને કષ્ટ વેઠયું ત્યારેજ દેવતાઓ પ્રસન્ન થયા અને પ્રસન્ન થઈ લિંગ દેહની નવિન રચના કરી તેઓએ વર્ણ બદલ્યો. સાંપ્રત સમયે એવું થઈ શકતુંજ નથી, અને તેથી બ્રાહ્મણ નહિં હોય તેને બ્રાહ્મણ કરવાનાં પ્રયત્ન ફોગટ ફાંફાં છે. હોમ કરાવ્યાથી, સુતરનો તાંતણો પહેરાવ્યાથી જો બ્રાહ્મણ થવાતું હોતે તો પુર્વે જેઓ અન્ય જાતીમાં જન્મ પામી બ્રાહ્મણ

વર્ગમાં ચડયા તેઓએ તપશ્ચર્યા કરવાની લેશ આવશ્કતા નોતી આ ઉપરથી શિઘ્ર સમજાશે કે મનુભગવાને બ્રાહ્મણ જાતી શુધ્ધ રાખવાને પોતાની ઊછેરેલી અને કેળવેલી આર્ય પ્રજાને માટે કઠીન નિયમો શા માટે બાંધ્યા. એ ઉછરેલી પ્રજા તે બ્રાહ્મણ જાતી હતી—મનુભગવાનના નિયમો જેણે નહિં પાળી બીજા સાથે સંબંધ જોડી વ્યવહાર રાખ્યો તે એ બ્રાહ્મણ જાતીમાંથી નીકળી ગયા અને અન્ય વર્ણમાં ગણાયા—જાતી અથવા વર્ણ સર્વ દેશમાં છે, પણ તેના અન્યોઅન્ય વ્યવહારમાં માત્ર ભિન્નતા છે—જાતી બંધનની વિરૂધ્ધ થનારાઓ કેવું અશકય કામ લઇ બેઠા છે તે કહેવાની જરૂર નથી. જાતીનું બંધારણ જીવની અધ્યાત્મક ઊન્નતિમાં કેટલું અવશ્ય અને ઉપયોગી છે તે સારી રીતે મનન કરનારને સહજ સમજાયા વિના રહેશે નહિં.

અનાત્મ વૃત્તિ અથવા જડવાદનો સમય વહી ગયો હતો. હરીશ્ચંદ્રના સમયમાં વિશ્વામિત્ર આદિ રૂષિઓએ વેદનો પ્રચાર કરવા માંડયો. સ્વર્ગનાં સુખનો સમય લંબાવવાને માટે યજ્ઞાદિક કર્મનો ઉપદેશ વારંવાર થતો હતો અને તે ઉપદેશ લોકો સ્વિકારી લઈ યજ્ઞો કરતા હતા. ત્રિશંકુ ચોથી મનુષ્યજાતીનો હતો. તે દેવ રૂપ થયો હતો એટલે તેની શક્તિ દેવતાના જેવી સબળ હતી પણ તેની વૃત્તિ આસુરી હતી. તેને સદેહ સ્વર્ગમાં ચડાવવાનું વિશ્વામિત્રે પ્રયત્ન કીધું પણ તે વ્યર્થ થયું અને ત્રિશંકુને અધર નીચે મસ્તકે લટકી રહેવું પડયું. નીચી વૃત્તિ આસુરી વૃત્તિ દર્શાવવાને માટેજ નીચે મસ્તકે લટક વાનું કથન છે. ત્રિશંકુ એવો છતાં પણ વૈદિક યજ્ઞ કરવા લાગ્યો હતો એ વાત ભૂત અને ભવિષ્ય કાળની સંધિ દર્શાવે છે. હરીશ્ચંદ્રનો સમય વૈદિક સમય હતો. વૈદિક કર્મકાંડ પરમ અર્થની પ્રાપ્તિને માટે બસ નથી. એ પરમ અર્થની પ્રાપ્તિના માર્ગને પ્રકાશમાં લાવવાનું કામ પાંચમી આર્ય પ્રજાનું છે.

આર્ય પ્રજાનો ઉદય થયા પછી પણ પાછલી મનુષ્ય જાતિના વિનાશથી બચી ગયલા લોકો પૃથ્વિ ઉપર નિવાસ કરતા હતા.

તેનાં પ્રમાણ આપણા પુરાણોમાં પુષ્કળ છે. **માન્ધાતા** જેને વિશે ઉપર કહેવામાં આવી ગયું છે તેના વંશનો **મુચકુંદ** શ્રી કૃષ્ણ ભગવાનનાં સાક્ષાત દર્શણ કરવાને સદ્‌ભાગી થયો હતો એમ શ્રીમદ્ ભાગવત ઉપરથી જણાય છે. કંસને માર્યા પછી **કાળયવને** મથુરાં નગરીને ઘેરો ઘાલ્યો હતો. એ **કાળ યવન** નામ ચોથી મનુષ્ય જાતિનો કોઈ રાજા હતો એમ સૂચવે છે. શ્રી કૃષ્ણ મથુરાથી નાસી જતાં એક ગુફા જેમાં **મુચકુંદ** ગાઢ નિદ્રામાં સુતો હતો ત્યાં જઈ સંતાઇ બેઠા. **કાળ યવન** ત્યાં આવીને ભુલથી **મુચકુંદને** લાત મારી જગાડે છે અને **મુચકુંદને** એ પ્રમાણે કરવાથી તે બળીને ભસ્મ થાય છે. **મુચકુંદની** દીર્ઘ નિદ્રા દીર્ઘ સમાધિ વાચક છે. તે સમર્થ યોગ સાધક અને તેની સહાયતાથી શ્રી કૃષ્ણ ભગવાને **કાળ યવનનો** નાશ કીધેલો એમ સબળ અનુમાન થાય છે. કાળ યવન કોઈ યવન રાજાની સ્ત્રીને પેટે એક **ગર્ગ** નામના બ્રાહ્મણનાં વીર્યથી જન્મ પામ્યો હતો અને **મ્લેચ્છોની** ભારી સેના લઈને શ્રી કૃષ્ણની સાથે યુદ્ધ કરવા આવ્યો હતો (વિ. પુ. ૫ અ. ૨૩) બ્રાહ્મણનો અન્ય જાતિ સાથેનો સંબંધ આથી સિદ્ધ થાય છે. એજ પ્રમાણે શ્રી કૃષ્ણના જેષ્ટ બંધુ **બળરામના** વિવાહની કથા એવોજ ઉપદેશદાતા છે. **શર્યાતિ** રાજાના વંશમાં **રેવતનામનો કુશસ્થળીનો** રાજા હતો. તેને **રેવતીનામે** કન્યા હતી. કીયા વરસાથે તેને પરણાવવી તે પૂછવા બ્રહ્મલોકમાં **બ્રહ્માની** પાસે તે રાજા ગયો હતો. તે બ્રહ્મ લોકમાં એક ક્ષણ બેઠો અને બ્રહ્માજીને પછી પૂછતાં તેને ઉત્તર મળ્યો કે હે રાજા તેં ધારી રાખેલા વરો તો શું પણ તેના પુત્રો, પૌત્રો અને ગોત્રો પણ આજ રહ્યાં નથી. અહીંના એક ક્ષણમાં પૃથ્વિ ઉપર સત્તાવીશ યુગ વહી ગયા છે, હમણા પૃથ્વિ ઉપર **શ્રીકૃષ્ણના** ભાઇ **બળદેવ** છે તેને તારી કન્યા આપ (ભાગ. સ્કં. ૯, અ. ૪) એ કન્યાનું કદ ઘણુંજ મોટું હતું તે બળદેવજીએ પોતાના હળના સ્પર્શથી નાનું કરી નાખ્યું. આ કથા પૂર્વજાતીનું સ્મરણ કરાવે છે.

કુશસ્થળીની જે ભૂમિ તેજ શ્રીકૃષ્ણ ભગવાનની **દ્વારિકાં** નગરી હતી. તે સમુદ્રની મધ્યે હતી. શ્રીમદ્‌ભાગવદ્ પ્રમાણે **રૈવત** રાજાએ એ કુશસ્થળી નગર બંધાવ્યું હતું અને તેજ સ્થળે દ્વારકાં નગરીની રચના થઈ. વિશ્નુપુરાણમાં સહજ પાઠા ફેર છે. તેમાં લખ્યા પ્રમાણે કુશસ્થળી ઉપર સમુદ્રનું જળ ફરી વળ્યું હતું અને તેથી સમુદ્રની પાસે શ્રીકૃષ્ણ ભગવાને દ્વારકાં નગરી બાંધવા માટે જોઈતી જમીન માગી લીધી. ગમે તેમ હોય પણ આ ઉપરથી આટલું તો નિશ્ચય છે કે **કુશસ્થળી** ઘણું પુરાતન નગર હતું અને તે જળ પ્રલય પહેલાંથી હતું. બીજી દંતકથા એવી છે કે કુશસ્થળી એક રાક્ષસની નગરી હતી. તેના રાજાનું નામ **કુશેશ્વર** હતું, તેણે **દુર્વાસા** રૂષિનો કંઈક અપરાધ કરવાથી શ્રીકૃષ્ણ ભગવાને તેની સાથે લડી તેના સો જોડ હાથ હતા તેમાંથી એક જોડ રહેવા દઈને બાકીના કાપી નાખ્યા હતા.

પાંચમી મનુષ્યજાતીના પ્રતિનિધી શ્રીરામચંદ્રજી હતા. શ્રીમદ્ ભાગવતમાં રાજાઓની જે વંશાવળીઓ આપેલી છે તેથી ઘણું શિક્ષણ લેવાનું છે, જે સર્વ અહિં લખતાં આ ગ્રંથની નિર્મિત મર્યાદા કાએમ નહિં રહેતાં વધી જાય. સૂર્યવંશ જેમાં હરીશ્ચંદ્ર જેવા મહાપુરૂષો થઈ ગયા છે તેમાં એમનો જન્મ થયો હતો. એમના પિતા દશરથ, પિતામહ અજ અને પ્રપિતામહ રઘુ હતા. પરશુરામજીએ જ્યારે પૃથ્વિને નક્ષત્રી કરવા માંડી ત્યારે વસિષ્ટની કૃપાથી એક બાળક ઊગરી ગયો હતો, તેનું નામ **બાલિક** હતું. ક્ષત્રીવંશ સમુળો નાશ પામશે તો પછી એ જાતીનું નામ પણ નહિં રહે એમ જાણીને કેટલીક સ્ત્રીઓએ નવસ્ત્રી થઈને એ બાળકને પોતાની મધ્યે રાખી તેનું રક્ષણ કર્યું. આ પ્રમાણે કરવાનું કારણ એ હતું કે એવી સ્થિતિમાં જે સ્ત્રી હોય તેની પાસે પરશુરામજી જેવા મહાપુણ્યાત્મા કદી પણ જાય નહિં. એ બાળકને તેથી **નારીકવચ** કહે છે. પાછળથી ક્ષત્રી જાતીની જે વૃદ્ધિ થઇ તે એનાથી થઈ અને તેથી એ **મૂળક** નામથી પ્રસિદ્ધ છે. એના વંશમા **ખટવાંગ** જેનું બીજું

નામ **દિલીપ** હતું તે થયો. તેના **દીર્ઘબાહુ**, દીર્ઘબાહુના **રઘુ**, રઘુના **અજ**, અજના **દશરથ** અને દશરથના **શ્રીરામચંદ્રજી** થયા. દશરથના પીતા અજ **અજાપાળ** નામથી પણ ઓળખાય છે. તે ધર્માત્મા **અદૃષ્ય શસ્ત્રથી** સર્વનું રક્ષણ કરતો હતો. મંત્રવડે આધિ વ્યાધિરૂપ **બકરાંની** રક્ષા કરતો. તેણે **સત્યુગ** વર્તાવ્યો, યમપુરી ખાલી થઈ ગઈ અને યમે શંકરને જઇને પ્રાર્થના કરી અને કહ્યું કે એ રાજાને હજી પંચાવન હજાર વર્ષ બાકી છે અને માત્ર પાંચ હજાર વર્ષ થયાં છે અને તેટલામાં આવું થવા લાગ્યું છે માટે આપ કંઈ ઉપાય કરો. (સ્કંદ. પુ. નગરખંડ અધ્યાય ૯૫ થી ૯૮ સુધી) અજાપાલ શબ્દમાં **અજા** બકરાંને કહે છે. તેથી બકરાંની રક્ષા કરતો હતો એમ કથન છે. **પ્રકૃતિ** અથવા **માયાને** પણ અજા કહે છે, (न जायते इत्यजा) તેમજ તે જીવ જે આત્મા રૂપે અજન્મા છે તે દર્શક પણ છે. (જુઓ આપ્ટેનો સંસ્કૃત અંગ્રેજી કોષ) **અજ** પ્રજાપતિ વાચક છે. જીવ માત્રની ઉત્પત્તિ માયા અથવા પ્રકૃતિથી છે, અને તેઓનું પાલન અને રક્ષણ તેજ કરે છે. એ રાજાનો સમય સત્યુગનો હતો, તે વાત તથા વર્ષની સંખ્યા અને તેમાંથી કેટલાં વર્ષ વીત્યાં હતાં અને કેટલાં બાકી રહ્યાં હતાં તે ધ્યાન ખેંચે છે. આપણે ઉપર કહી ગયા છૈયે કે વર્ષો નક્કી કરવા માટે આપણી પાસે હજી પુરતાં સાધન નથી.

રામચંદ્રજીના પિતા દશરથ હતા. દશરથ શબ્દનો મર્મ પ્રકાશ કરવાનું પ્રયત્ન શ્રી રામાયણ રસ બિંદુમાં કરવામાં આવેલું છે, તેમજ રામ શબ્દના અનેક અર્થનું તેમાં વિવેચન કીધેલું છે. તેનું તે ફરીથી અહીં કથન કરવું એ કાળનો અને શ્રમનો વ્યર્થ વ્યય છે. દશરથ શબ્દમાં **દશ** લક્ષ આકર્ષક છે. માણુસને પાંચ જ્ઞાનેંદ્રિ અને પાંચ કર્મેંદ્રિ છે. ચોથી મનુષ્ય-જાતી સુધી એ સર્વની વ્યક્તિ નોતી. આપણી પાંચમી મનુષ્ય-જાતીમાં એ સર્વ વ્યક્તિને પામેલી જોવામાં આવે છે.

શ્રીરામચંદ્રજીની કથાથી કોણ અજાણ છે? ચોથી મનુષ્યજાતીના પ્રતિનિધિ **રાવણ**નો તેમણે પરાજય કરી રાક્ષસોનો સંહાર કર્યો હતો. **પુલસ્ત્ય** રૂષિના વંશમાં **રાવણ** અને તેના ભાઇ **કુંભકર્ણ** અને **વિભિષણ** થયા હતા. **પુલસ્ત્ય** રૂષિને **વિશ્રવા** નામે પુત્ર હતો. એ **વિશ્રવાને ભરદ્વાજ**ની કન્યાથી **વૈશ્રવણ** નામે પુત્ર થયો હતો જે ધનપતિ કુબેર નામથી પ્રસિદ્ધ છે. તેણે પોતાના પિતા પાસે કોઇની માલીકી વગરનું નિવાસ કરવા યોગ્ય એવું સ્થળ માગ્યું કે જ્યાં કોઈ પ્રકારની પીડા ભોગવવી નહિ પડે. તેના પિતાએ **લંકા** નગર બતાવ્યું કેમકે રાક્ષસો પાતાળમાં વિશ્નુ ભગવાનના ભયથી જતા રહ્યા હતા અને ત્યાં આવવાને હિમ્મતવાન નોતા. એ નગર સમુદ્રની મધ્યે હતું. કુબેર જે **યક્ષ** તથા **કિન્નર**નો રાજા હતો તે ત્યાં ઘણા કાળ સુધી રહ્યો. પછી સુમાલી રાક્ષસની એ નગરી ઉપર દૃષ્ટિ થઈ તેથી તેણે પોતાની કન્યા **કૈકસ્તને** તજવીજથી વિશ્રવાની પાસે મોકલી. એ વિશ્રવાથી તેણીને રાવણ આદિ સંતતિ થઈ. એ રાવણ કુબેરને લંકામાંથી જતા રહેવાની ફરજ પાડે છે અને લંકા રાક્ષસોથી ભરાઇ જાય છે. આનો મર્મ ખુલ્લો છે કે ચોથી મનુષ્યજાતીની પહેલાંની જાતી પ્રથમ લંકામાં વસ્તી હતી અને રાક્ષસોએ ત્યાં આવીને તે પ્રજાને ત્યાંથી ખસેડી મુકી. ભરદ્વાજ જેનું સ્થાન મહર્લોક છે, તેની કન્યા, પુલસ્ત્યના પુત્ર વિશ્રવાના પુત્ર વૈશ્રવા જેનું બીજું નામ કુબેર હતું તેની સાથે પરણાવી એ સર્વ મર્મમય છે. શ્રવ એટલે નીચે પડવું, ટપકવું એ ધાતુ ઉપરથી વિશ્રવા શબ્દ થયો છે. કુબેરની નગરી—તેનું સ્થાન અંતરિક્ષ લોકમાં છે, આ સઘળું ધ્યાનમાં રાખવાનું છે.

સૂર્યવંશ—એટલે ઇક્ષ્વાકુના વંશજો સારી સમૃદ્ધિથી શોભી રહ્યા હતા તેજ અરસામાં ચંદ્રવંશ ઉદય પામવા લાગ્યો એમ સંભવે છે. **ચંદ્ર** અને બ્રહસ્પતિની સ્ત્રી **તારા**નો સંબંધ થતાં **બુધ**નો જન્મ થયો. એ બુધ ચંદ્રવંશનો મૂળ પુરૂષ છે. બુધથી **પુરૂરવા** જે **ઉર્વશી** અપ્સરાની સાથે પરણ્યો હતો તે થયો.

પુરૂરવાને છ પુત્રો હતા. તેમા આયુ નામના પુત્રથી સામાન્ય મનુષ્ય જાતીનો વિસ્તાર થયો. મહાભારતમાં જે પ્રલયની કથા આપેલી છે તે આપણી પાંચમી મનુષ્યજાતી સાથે સંબંધ ધરાવે છે. પાંચમી મનુષ્યજાતી માટે તેમાં કથન કરેલા મનુભગવાનનું મનુભગવાન મત્સ્યરૂપે રક્ષણ કરી તેમને ઉગારી લે છે. બુધની સ્ત્રીનું નામ ઇડા હતું. ઈડા અને ઈલા તે એકજ છે. વૈવસ્વત મનુની ઉપદેશ, શિક્ષણ આપનારી, તેમજ તેની પુત્રી તે એજ ઈડા છે. પૃથ્વિની અધિષ્ટાતા દેવી પણ એજ છે એમ સાયનાચાર્ય કહે છે. ઈડાની ગુંચવણ ભરેલી ચર્ચાને બાજુએ રાખી સોમ અને તારાના સંયોગનો આપણે વિચાર કરીશું, કેમકે બુધની ઉત્પત્તિ તેથી છે. સ્થુળ રૂપધારી ચંદ્રમા જે ઇંદુ કહેવાય છે તેનાથી બુધનો જન્મ નથી, પણ સોમ શબ્દથી જે ચંદ્રમા પૂજાય છે તેનાથી છે. બ્રહસ્પતિ, જેને ઋગ્વેદમાં બ્રહ્મણસ્પતિ નામે વખાણેલા છે, તે દેવતાના પુરોહિત અને કર્મકાંડમાં અતિ કુશળ છે. તેમની સ્ત્રી તેમની ભક્તિથી સેવા કરનારી તારા છે, બહારના કર્મકાંડથી ઇચ્છિત ફળની તેને પ્રાપ્તિ થઈ નથી. સોમ (ચંદ્ર) તેનું હરણ કરે છે. સોમ શબ્દ સોમવલ્લિ રસનું સ્મરણ કરાવે છે. એ રસના પાનથી સમાધિ જેવી સ્થિતિ થઇ જાય છે, અને તે સ્થિતિમાં અંતર્દૃષ્ટિ પુષ્કળ પ્રફુલ્લ થઈ નવિન ગુપ્ત જ્ઞાનના—ગુપ્ત રહસ્યના અનુભવ લે છે. આ ગુપ્ત રહસ્ય અને જ્ઞાનરૂપે સોમ છે. તેના સંયોગથી તારાને બુધ એટલે બુદ્ધિ પુત્રરૂપે ફળ પ્રાપ્ત થાય છે, ગુપ્ત વિદ્યા—બ્રહ્મવિદ્યા જાણનારાની એક મહાન્ શક્તિ તે તારા છે.

બુદ્ધિની પછી મન છે, મનની વ્યક્તિ બુદ્ધિથી છે માટે મનનો પિતા બુદ્ધ છે. એ બુધની સંતતિ એટલે મનની વ્યક્તિ જેમાં ઉદય થવાની છે તે પાંચમી મનુષ્યજાતી છે.

શ્રીરામચંદ્રજીના સમયનું સુંદર ચિત્ર રામાયણાદિક ગ્રંથોમાં લક્ષથી નિહાળતાં આનંદમાં નિમગ્ન થઇ જવાય છે. આર્ય પ્રજાની તે વખતે કેવી અનુકરણ કરવા જેવી ઊંચી વૃત્તિ હતી તે ઉપર-

ટપકે જોનારને પણ જણાઇ આવે છે. પોતાનું ખરૂં કર્ત્તવ્ય શું છે તે માણસો સારી પેઠે સમજતા હતા. રામચંદ્રજીએ પોતા-નાંજ વર્તનથી પ્રજા સમસ્તને ઊંચામાં ઉચું શિક્ષણ આપ્યું હતું. ભિન્ન ભિન્ન સંસ્થાઓની અને વ્યવહારોની કેવી ચાતુર્યથી રચના રચાયલી હતી તે વાંચનારને માલમ પડી આવ્યા વિના રહેતું નથી. તે સમયના અત્યંત મનોહર અને ચિત્ત આકર્ષક ચિત્રનું દર્શન કરીને માણસ સાંપ્રત સમયના સુધારા વધારા, વિદ્યા, કળા કૌશલ્ય ઈત્યાદિનું અભિમાન ભુલી જઈ પોતેજ ચિત્રવત થઇ રહે છે.

શ્રીરામચંદ્રજી શિવાય આર્ય પ્રજામાં બીજા ઘણા રાજાઓ થઈ ગયા છે. આર્યાવર્તમાં થઈ ગયલા અનેક વંશોની વિસ્તાર પૂર્વક કથાઓ શ્રીમદ્ભાગવત અને બીજા પુરાણોમાંથી મળી આવે છે. તે સર્વનું અવલોકન કરવાનું આ સ્થળે પ્રયોજન નથી, પણ એટલું તો કહેવુંજ જોઈયે કે એ સર્વ વંશ કીર્તન જુદા જુદા પ્રકારનું ઊંચામાં ઊંચું શિક્ષણ વાંચીને મનન કરનારને આપ્યાવિના રહેતું નથી.

પ્રકરણ ૧૪.

શ્રીરામચંદ્રજી જેને માટે આપણે ઉપર કથન કરી ગયા તે મણે ત્રેતા યુગમાં પોતાનાં પવિત્ર ચર્ણાવિંદથી આપણી પૃથ્વિને પાવન કરી હતી. ત્યાર પછી દ્વાપર યુગનો પ્રારંભ થયો. એ યુગમાં મહાભારતનો મહા સંગ્રામ થયો હતો. એ કલેશ દ્વાપરના છેક પાછલા ભાગમાં—દ્વાપર ઊતરતાં થયો હતો. તે યુદ્ધમાં દેશદેશના રાજાઓ ભેગા થયા હતા અને અઢાર અક્ષૌહિણી સૈન્ય તેમાં રોકાયું હતું. એ સર્વ રાજાઓનું વર્ણન ભગવાન વેદવ્યાસજીનાં રચેલાં મહાભારતમાંથી આપણને મળી આવે છે. પાંચ હજાર વર્ષનું મોટું કાળચક્ર છે. ખંડ કાળમાં નાના મોટાં જે જે ચક્રો આવે છે તેનાં સ્વરૂપ જો આપણે સારી રીતે સમ-

જ્યારે શક્તિમાન બનીએ તો ભવિષ્યનો વર્તારો આપણાથી જાહેર થઈ શકે. History repeats itself એવી અંગ્રેજીમાં કહેવત છે, એકનો એક બનાવ ફરી ફરીને બન્યો જાય છે. ગ્રહો પોતાના પરિક્રમણમાં જ્યારે જ્યારે અમુક સ્થિતિમાં આવે છે ત્યારે ત્યારે તેની અમુકજ અસર થાય છે. અને તેથી એકસરખા બનાવો સંજોગોમાં બનેલા અને બનતા આપણને માલમ પડે છે. એજ નિયમને અનુસરીને મહાભારતનાં યુદ્ધ પછી આજ પાંચ હજાર વર્ષે પશ્ચિમે યુરોપ ખંડનાં મોટાં રાજ્યો ભારે અપૂર્વ સંગ્રામમાં ઉતરી પડેલાં આપણે જોઇએ છૈયે. મહાભારતના સંગ્રામમાં પાંડવના પક્ષ કરતાં કૈરવના પક્ષનું સેન્ય સંખ્યામાં વિશેષ હતું. પાંડવના પક્ષમાં તે છતાં શ્રીકૃષ્ણજી પોતે હતા અને કૈરવનો મહાન્ સંહાર થતાં અંતે જય પાંડવનોજ થયો હતો. આ ઉપરથી સૈન્યની સંખ્યામાંજ જય પરાજ્ય સ્થિત છે એવો વિચાર નહિં રાખવો એ શિક્ષણ મળે છે. ઐતિહાસિક બીજા પ્રસંગો એજ પાઠ શીખવે છે. મહાભારતનાં યુદ્ધને ઘણે અંશે મળતી વાતે, અનુસરતો પશ્ચિમ પ્રદેશના યુધ્ધનો પ્રસંગ છે. મહાભારતનું યુધ્ધ માત્ર અઢાર દિવસ ચાલ્યું હતું અને ચાલતી લડાઈને તો મહીનાઓ થઈ ગયા છતાં કાંઈ છેવટનું પરિણામ આવ્યું નથી. એને માટે યાદ રાખવાનું છે કે પૂર્વનો સમય દ્વાપરનો હતો અને હાલનો તો કળિ કરાવનાર કળિયુગનો છે.

પાંચમી મનુષ્ય જાતી પરદેશમાં કેટલેક સ્થળે પ્રસરી ગઈ હતી એમ આગળ આપણે દર્શાવ્યું છે. આર્યાવર્તમાં એ જાતીનો જે વિભાગ આવ્યો તે શુદ્ધ બ્રાહ્મણ વર્ગ હતો. બધા બ્રાહ્મણ જાતીમાં સ્થિત અને સ્થિર રહી શકયા નહિ એ વાત ખરી છે, પણ એ સઘળાઓએ આ આર્ય ભૂમિમાં મહાન્ પરાક્રમો કીધાં હતાં. એ મનુષ્યોમાંથી કેટલા લોકો છેક દક્ષિણમાંથી આફ્રિકા ખંડમાં જઇ વસ્યા અને તે ખંડના નીચલા પ્રદેશને તેઓએ સુધાર્યો.

પાંચમી મનુષ્ય જાતીની બીજી શાખા જે **આર્યો-સેમિટિક** નામથી ઓળખાય છે તેણે મધ્ય એશિઆમાંથી પશ્ચિમે

પ્રયાણ કરતાં **આફ્ગાનિસ્તાન**, **અરબસ્તાન** અને દે ની આસપાસના ભાગને વસાવ્યા. એ આર્ય મંડળના સમ થી બીજા લોકો સુધરવા લાગ્યા અને **આસિરિઆ** અને **બિલનના** રાજ્યની વૃદ્ધિનું કારણ એજ મંડળનો સમાગમ હતો. એ પ્રજાએ આગળ ચાલતાં **મિસરમાં** સ્થાઈ નિવાસ કીધો. **હરમીસ** નામનો અવતારી પુરૂષ તે દેશમાં થઇ ગયે હતો. મિસરમાં રાજ્ય કરી ગયલા વંશોમાંના છેલ્લા સાત વંશ એ આર્ય પ્રજામાંથી થયા હતા એમ પંડિતા મેડમ એચ. પી બ્લાવટસ્કિનું માનવું છે. બાણાસુરને માટે કેટલાક વિદ્વાનો એમ ધારે છે કે તે જે પ્રદેશનો રાજા હતો તે પ્રદેશ મિસરની દક્ષિણમાં આવેલો **ઇથિઓપિઆ** પ્રાંત હતો.

ત્રીજી શાખાના નેતા **જરતુસ્ત** પેગંબર હતા. ઉત્તર તથા પૂર્વ દિશામાં પ્રયાણ કરતાં અંતે આફ્ગાનિસ્તાનના ઘણા ભાગમાં અને ઈરાનમાં એ લોંકો રહ્યા. પેગમ્બર સાહેબે તો ઇરાનમાંજ સ્થાઈ નિવાસ કીધો. એ સમયે શાકદ્વીપથી આવીને પ્રથમથી વસેલા **મગ** લોકો ત્યાં હતા. પારસીઓના **અવસ્તાનાં** તથા હિંદુઓનાં **વેદનાં** અતિ પવિત્ર પુસ્તકો અરસ્પરશ ઘણી વાતે શા માટે મળતાં આવે છે તેનું કારણ આટલા ઉપરથી તરત સમજાશે. ઝંદ અને સંસ્કૃત એ બેનો છે. અગર જો કંઈક કારણસર પારસીઓની પવિત્ર ભાષામાં સંસ્કૃત શબ્દોના અર્થ ઉલટા કરી નાખ્યા હતા તે છતાં પણ બે ભાષાનો સંબંધ છુપાયલો રહી શકતો નથી. જરતુસ્ત નામના ચૌદ પેગંબરો થઇ ગયા છે. એ સર્વે જરતુસ્ત નામથી ઓળખાતા હતા. શંકર સ્વામિની ગાદિએ બેસનાર સઘળાજ શંકરાચાર્ય કહેવાય છે તેજ પ્રમાણે ત્યાં પણ જરતુસ્તપદને માટે હતું.

ચોથી શાખાએ ગ્રીસ અથવા યુનાન દેશમાં વસ્તિ કરી અને ત્યાંથી ઇંટાલિમાં ધીરે ધીરે તે વધતી ગઇ, તેમાં પ્રધાન પુરૂષ **ઓરફિઅસ** હતા. **ફ્રાંન્સ, આયર્લેંડ, સ્કોટલેંડ** અને **ઇંગ્લંડમાં** પણ એ શાખાનાં લોકો પથરાઈ ગયા. એ શાખાનું હાલ ચાલતું નામ **કેલ્ટીક** છે.

પાંચમી શાખાને **ટયુટોનિક** શાખા કહે છે. એ શાખા લોકો એશિઆ મધ્યેથી નીકળીને પશ્ચિમ દિશામાં યુરોપમાં જઈ ચઢયા. પોલાંડ દેશમાં **ક્રેકો** નામના આગળ ઘણો કાળ તેમણે કહાડયો. ત્યાર પછી એ શાખાના ક લોકો **રશિઆમાં,** કેટલાક **સર્વિઆ** અને નિઆમાં અને કેટલાક **જર્મનીમાં** જઈ વસ્યા. જે લોકો ભણી વધી ગયા તેઓએ **સ્વીડન** અને **નોર્વેમાં** પડાવ ો. એ દેશોની દંત કથા આર્યાવર્તમાં ચાલતી કથાઓની મોટું સરખાપણું ધરાવે છે તેનું કારણ એજ છે કે મૂળ વૃક્ષની જુદી જુદી શાખાઓ રૂપે જુદા જુદી પ્રજાઓછે.

અમેરિકા ખંડ સુધી આ પાંચમી જાતીના લોકો ગયા છે એ હાલમાં થતી શોધોથી માલમ પડે છે.

બાબિલન જ્યાં આવેલું છે તે પ્રદેશમાં પૂર્વે સંસ્કૃત શાળા હતી એમ પશ્ચિમના વિદ્વાનોનાં પુસ્તકોમાંથી જણાય છે.

યાહુદી લોકો એમ માને છે કે અમે પરમેશ્વરની માનીતી છેયે. તેઓનો મૂળ પુરૂષ **એબ્રાહામ** હતો. એને માટે એમ કહેવાય છે કે શુદ્ધ આર્ય પ્રજા જે મુખ્યત્વે કરીને બ્રાહ્મણ વર્ગ તેમાંથી છુટી પડેલી એક મંડળીનો તે આગેવાન પુરૂષ હતો. બ્રાહ્મણ જાતીમાંથી તે દુર નીકળી ગયલો તેથી તે **અબ્રહમ** ાયો અને કહેવાયો. અબ્રહમ એટલે બ્રાહ્મણ નહિ તે. એ શબ્દ ઉપરથી તેનું નામ **એબ્રાહામ** પડયું.

જે મનુભગવાનના આશ્રય નીચે ઉછરીને સાંપ્રત સ્થિતીને આર્ય પ્રજા પ્રાપ્ત થઇ છે તે મનુભગવાને એ પ્રજા પોતાનું કર્તવ્ય કરી જીવન સફળ કરે તેને માટે નિયમો બાંધેલા છે. પાંચમી જાતમાં મનની વ્યકિત છે. આત્મ અને અનાત્મ એનું અનુસંધાન કર્તા મન છે. મનને ખીલવતાં ખીલવતાં કેટલું ખીલવી શકાય અને તે સંપુર્ણ ખીલતાં પરીણામ શું આવે એ ન કરવાનું છે. જે આદિ પુરૂષથી જીવની પ્રથમ વ્યકિત થઇ છે તે આદિ પુરૂષ પરંપુરૂષ છે. તે અદ્દભૂત, મહાન્ પ્રતાપી, અનંત શકિત

તેજોમય, પ્રેમમય, જ્ઞાનમય, સત્યમય, આનંદમય, સ્વરૂપ છે. જીવ પણ ભિન્ન ભિન્ન યોનિમાં ભ્રમણ કરતાં ખનીજમાંથી મનુષ્યમાં આવે છે. એ મનુષ્યયોનિમાં તેને મનની સહાય મળે છે. તે પુરૂષરૂપ છે. પુરૂષે પરંપુરૂષ થવું એ સકળ અખંડીત જીવનનો હેતુ છે. એ હેતુ સિધ્ધ થાય તેનેજ માટે મનુસ્મૃતિમાં વર્ણ અને આશ્રમના ધર્મ કથન કરેલા છે. વર્ણ અને આશ્રમ—ચાર વર્ણ અને ચાર આશ્રમની વ્યવસ્થાનું કારણ એજ છે અને બીજું નથી. પશ્ચિમના લોકો અને તેઓનું અનુકરણ કર્તા અહિંના હાસ્ય કરે છે કે ભારતવર્ષની પ્રજાના સર્વ વ્યવહારમાં જ્યાં નિરખીશું ત્યાં ધર્મનું નામ ઘોંચી ઘાલ્યું છે. પણ તેઓને માટે કહેવું પડે છે કે કર્તવ્ય એટલે શું તે તેઓ બરાબર સમજતા હોય એમ લાગતું નથી. જીવનું અખંડિત જીવન પ્રવૃત્તિ અને નિવૃત્તિમય છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૧૬માં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે:—

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते

આસુરી ગુણવાળા પ્રવૃત્તિને તેમજ નિવૃત્તિને સમજતા નથી અને પવિત્રતા, આચાર, અને સત્ય તેઓમાં દેખાતાં થી.

મોક્ષ, નિર્વાણ, કેવલ્ય, જે શબ્દથી પરમ સ્થિતિને ઓળખવી હોય તે, પ્રાપ્ત કરવાને જીવનું પ્રયત્ન છે. પ્રથમ અધિકારી થયા વિના એ દુર્લભ વસ્તુની પ્રાપ્તિના માર્ગ ઉપર જવાતું નથી. અધિકારને માટે જ્ઞાનની આવશ્યકતા છે, અને તે પ્રવૃત્તિથીજ મળે છે. એ પ્રવૃત્તિ કેવા પ્રકારની હોય તો ઈચ્છિત ફળની સિધ્ધિ થાય એ શિક્ષણ બાળજીવને અનુભવી વડીલોથી મળે છે. પોતાનાં સ્વરૂપનું સાચું દર્શણ થતાં સૃષ્ટિમાં અન્ય જીવોની સાથે પોતાનો સંબંધ શું છે તે જીવને સમજાય. શું કરવું અને શું નહિં કરવું તેનો આધાર એ સંબંધ ઉપર છે. બીજી અનેક વિદ્યાઓમાં પ્રવિણતા ભલે થાઓ પણ અધ્યાત્મિક વિદ્યા વિના જીવનનો પરમ હેતુ સમજાતો નથી—સધાતો નથી, અને પ્રાપ્ત

...થા નથી. એજ કારણથી એ વિદ્યાને માટે ભગવદ્ગીતામાં શ્રી ...ભગવાનનું સ્પષ્ટ વચન છે કે

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम्
प्रत्यक्षावगमं धर्म्यं, सुसुखं कर्तुमव्ययम् અધ્યાય ૯

આ વિદ્યા સર્વ વિદ્યામાં શ્રેષ્ઠ છે—રાજા રૂપ છે, એ ગુહ્ય ...ી મર્મની ભરેલી વિદ્યા છે કે જે પૃથ્વિપતિઓએ જાણીને ... ...માણે પોતે આચરવું અને પ્રજાને ચલાવવી અવશ્ય છે.

પૂર્વે થઇ ગયલા મહા સમર્થ પરમપવિત્ર અને પૂજ્ય ઝળકતા ઉજવળ ... મુગટથી શોભતા રૂષિવરોએ, ઊંચાં, ભવ્ય અને હીમથી ... અને ઉજવળ હીમાલયના ઊંચામાં ઊંચાં શિખરોથી આ રાજ ...દ્યાનાં શિક્ષણ-જગત સમસ્તને તેના કલ્યાણને અર્થે પોકારી ...કારી ને વારંવાર સમજાવ્યાં છે. પવિત્ર ભારત ભૂમિ તને ખરે ... ...ય છે. આવાં અમુલ્ય નર રત્ન તારાજ ઉદરમાં પરીપકવ ... ...ટ થયા છે.

આપણે ઇતિહાસનું અવલોકન કરતાં જણાશે કે જે જે ...શો ... ધર્મની ગ્લાની થઇ હતી તે તે દેશો કેટલા ઊંચેથી નીચે પડ... હતા. તેઓની જાવઝલાલી નાશ પામી અને જ્યાં મધ્યા-નના સૂર્યનો પ્રતાપી પ્રકાશ ઝળકતો હતો ત્યાં ઘોર રાત્રીનું અં-ધાર છાઈ વળ્યું. ધર્મનાં બીજ સમુળાં નાશ નહિ પામે તેને માટે દૈવી યોજનાઓ પ્રથમથી રચાયલી છે. મોટા મોટા દૈવી પ્રરૂ..., અંશીજનો પૃથ્વિ ઉપર અવતરે છે અને ધર્મને સતેજ ... છે. જેવા પ્રસંગ તેવા અવતાર—દ્વાપરમાં જ્યારે ધર્મ છેક ઝંખવાઈ જવા લાગ્યો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અને વ્યાસ ભગ-વાને મનુષ્ય જાતીના ઉપર કૃપા કરી ભારત ભૂમિમાં અવતાર ...ા. શ્રી રામચંદ્રજીએ ક્ષત્રીઓને શિક્ષણ આપ્યું હતું તે શિક્ષણ ક્ષત્રીઓ ભુલી ગયા અને તેને પરિણામે દેશની દુર્દશા થવા લાગી. પાંડવ કૈરવનું મહાન્ યુદ્ધ થયું, ક્ષત્રીઓનું બળ તુટી ગયું અને દેશની દુર્દશા બેઠી. આ પ્રસંગે. જો ધર્મનાં બીજનું સંરક્ષણ કરવામાં નહિ આવ્યું હતે તો આજે જગતની

કેવી સ્થિતિ હોત તે કહી શકાતું નથી. નવા કાળચક્રનો, કલહ કરાવનારા કાળા કળિનો આરંભ હતો, એ કાળનું લક્ષણ તિમિર ઉત્પાદક છે અને તેથીજ ઉપર કહેલા અવતાર શિવાય બીજા અવતારો પણ થયા છે. ઈરાનમાં **જરતુસ્ત** મિસરમાં **હરમીસ** અથવા જેને **થોથ** કહે છે તે, ગ્રીસમાં **ઓરફીઅસ**, હીબ્રુઓમાં **મોઝીસ**, ખ્રીસ્તીઓના **ઈશુખ્રીસ્ત**, મુસલમાનોના **મહમદ** પેગંબર ચીનમાં **કોનફ્યુશિઅસ**, અને **લઉટઝે** જગતને જાણીતા છે.

મનુભગવાનની સાથે ધર્મની વ્યવસ્થાને માટે જે મહાન્ રૂષિઓ મન્વંતરની આદિથી તે અંત સુધી રહે છે તે ધર્મની સંસ્થાઓ સમયે સમયે રચે છે. એ મહાન સમર્થ પવિત્ર રૂષિની આજ્ઞામાં તેઓનાં ઇચ્છિત કાર્ય કરવાને તત્પર મહાત્માની મોટી સંખ્યા રહેલી છે. તેઓની દૃષ્ટિ જનસમાજ ઉપર સદાય રહેલી છે. સમયને અનુકુળ જેવી સંસ્થા યોગ્ય દીશે તેવી તેઓની પ્રેરણાથી થાય છે. સમસ્ત જગતનું–પૃથ્વિ ઉપર નિવાસ કરતા મનુષ્ય માત્રની અધ્યાત્મિક ઉન્નતિ કરવાનાં મહાભારત કામનો બોજો તેમણે કૃપા કરીને ભારતવર્ષને શીર નાખ્યો છે. મનુભગવાને પ્રથમથીજ પાંચમી મનુષ્ય જાતિનાં આર્યમંડળનાં અંતઃકરણમાં ધર્મની છાપ પાડી હતી એટલુંજ નહિં પણ તેની છાપ ઘસાયે નહિં જાય તેટલા માટે પુનઃ પુનઃ તેને કોતરીને તેને સુંદર ચિત્ર રૂપ પરમાણુમાં સદાને માટે શોભાવી મુકી છે. ભારતવર્ષ ઉપર અસહ્ય પ્રહારો પડ્યા, અસંખ્ય કષ્ટોમાંથી તેને પસાર થવું પડ્યું છતાંપણ, ધર્મને આંચ લાગી નથી તેનું કારણ એજ છે. ધર્મની તિવ્ર લાગણીને લીધેજ, આર્યપ્રજામાં સહનશીલતા, અહિંસા, પ્રેમ, ધૃતી, ક્ષમા, દયા, સત્ય, સંતોષ, આદિ સદ્ગુણો અદ્યાપી પ્રકાશી રહેલા છે.

જે જે મોટા અવતારો હમણા મનાય છે તે સઘળાજ આર્યાવર્તમાંજ થયલા છે. શ્રીકૃષ્ણ, શંકરાચાર્ય, રામાનુજ, વલભાચાર્ય સ્વામીનારાયણના સહજાનંદ મહારાજ, બૌધમતવાળાના બુદ્ધ, જૈનોના તીર્થંકર, આદી ભારતવર્ષમાંજ થઈ ગયલા છે. આર્ય

દેશનો વીસ્તાર આપણે જેને હીંદુસ્તાન કહીએ છેયે તેના કરતા વીશેષ હતો અને તેના વીસ્તારમાં અરબસ્તાન, બાબીલન વગેરે દેશો સમાયલા હતા. ચીન દેશમાં શિશુપાળનું રાજ હતું એમ કેટલાક વીદ્વાનો માને છે એટલે તે દેશને વીશે વિશેષ શું કહેવું. જરતુસ્ત પેગંબર, ઈરાનમાં થયા, મહમદ પેગંબર અરબસ્તાનમાં, અને તેનાથી ઉપલા પ્રદેશમાં ઈશુખ્રીસ્ત. આર્ય દેશના જેવો ભાગ્યશાળી ભાગ્યેજ બીજો દેશ મળી આવશે.

ભારતવર્ષમાં ઉત્તરથી દક્ષીણ સુધી અને પુર્વથી પશ્ચિમ સુધી સઘળી ભૂમીમાં અસંખ્ય ભકતોએ હરી કીર્તનથી અને આનંદપદેશથી વાતાવરણને ગજાવી મુકયું છે. મોટા અને નાના થઈ ગયલા સર્વ કવિઓ પોતાની શકતીનો ઉપયોગ એજ વિષયમાં કરતા હતા. તેઓ પોતેજ નાયક બનીને પોતાની પ્રીયાને પ્રેમના ઉદ્ગાર કહાડી બતાવતા નોતા. તેઓનો પ્રેમ, શુદ્ધ અને પવિત્ર પ્રેમ પ્રભુ પ્રત્યેજ હતો અને તેજ પ્રેમને તેઓ લલકારી રહ્યા હતા. એ સુંદર, ચીત વેધક ગીતોના રણકા અને ઝણુકા શું હજી નથી સંભળાતા? તેઓએ પ્રસારેલા રસનો પ્રવાહ હજી શું લોકોને રસમય નથી કરતો ? જ્યાં માગણ લોકો પણ હરીકીર્તન અને ભગવત્ ભજન લલકારતા શેરીએ શેરીએ ફરે છે તે દેશમાંથી સનાતન ધર્મનાં બીજ કોઇ કાળે પણ નાશ પામશે ? અરે વિરૂધ્ધ મતવાદિઓ, મથો, મથો, આ ભૂમિમાં, કહેવાતા સુધારા કરી, પરા પુર્વથી ચાલી આવેલી સ્થિતિને અસ્ત વ્યસ્ત કરવા મથો, પણ તમે નીશ્ચય માનજો કે આ ભૂમિ તો આર્ય ભૂમિજ રહેવાની છે, અને મહાન્ રૂષિ મુનિઓનું શિક્ષણ કદી પણ વ્યર્થ થવાનું નથી, એટલુંજ નહિં પણ એક સમય એવો આવશે કે એજ આપણા સનાતન ધર્મની સત્તા આખી પૃથ્વિમાં સર્વ પ્રજા પ્રસન્નચિત્તથી સ્વિકારી, આનંદ અને સંતોષ માનશે. આ શુભ ભવિષ્યનાં ચિન્હ જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય છે. પરમકૃપાળુ કૃષ્ણ ભગવાને આસુરી વૃતિના થઈ ગયલા ક્ષત્રીઓનો મોટે ભાગે સંહાર કરાવ્યો ત્યારથી અમુલ્ય રત્નના ભંડાર ભારતવર્ષ ઉપર

બીજી પ્રજાઓની દષ્ટિ થવા લાગી. મુસલમાનોના રાજ્યમાં સંસ્કૃત ભાષામાં લખાયલાં અનેક પુસ્તકોનાં ફારસીમાં ભાષાંતર થયાં. તે ભાષાંતર દ્વારાએ સનાતન ધર્મનું જ્ઞાન બીજી પ્રજામાં પ્રસાર થવા લાગ્યું અને તે પ્રસરતાં તે પ્રજાના ધર્મના વિચારમાં મોટો ફેરફાર થયો. ત્યાર પછી અંગ્રેજી રાજ્ય થતાં અંગ્રેજી ભાષાની કેળવણી સ્થળે સ્થળે અપાવવા લાગી. રાજ્યકર્તા વર્ગના કેટલાક વીરલા પુરૂષોએ સંસ્કૃત ભાષાનો સારો અભ્યાસ કરી નવાં નવાં પુસ્તકો અને ભાષાંતરો પ્રસિધ્ધ કીધાં. આ પ્રમાણે થતાં આ દેશની પુરાતન વિદ્યાનો પ્રકાશ હળવે હળવે આખા યુરોપખંડમાં અને છેક અમેરિકાના પ્રદેશમાં પડવા લાગ્યો. વિદ્વાનોનું તે ભણી લક્ષ આકર્ષાયું. સત્યનું સ્વરૂપ સદાય સૌદર્યમય છે. એ સૌંદર્યનું દર્શન થતાં મનુષ્ય મોહથી ચકિત સહજ થઈ જાય છે અને પછી તેની સેવામાં પ્રસન્ન ચિત્તથી તત્પર રહે છે. પૂર્વની પૂર્વ વિદ્યાએ પશ્ચિમ પ્રદેશમાં અદ્‌ભૂત ચમત્કાર કર્યો. સ્થળે સ્થળે તેના ભકતો એ તેનું ગુણકીર્તન કીધું. અધ્યાત્મિક ચિત્રમાં ત્યાં શોભિતા નવિન રંગો પુરાવવા લાગ્યા. કર્મ અને પુનર્જન્મના મહાન્ નિયમો ઉપર મનન થવા લાગ્યું અને એ નિયમોના રહસ્યને લોકો સમજવા અને માન્ય કરવા લાગ્યા. આપણા ઉપનિષદોએ સમર્થ પંડીતોને દીગ્મુઢ જેવા કરી નાખ્યા. શ્રીકૃષ્ણ ભગવાન, બુધ, અને શ્રીમદ્ શંકરાચાર્યનાં નામનું ઊચ્ચારણ થતાં સેંકડો મનુષ્યો નમન કરતા થયા. આ પરીણામ ભારતવર્ષને માટે કેટલું અભિમાન ધરાવનારૂં છે તે કથન કરવાની આવશ્યક્તા છે?

મન્વંતર પછી મન્વંતર, કલ્પ પછી કલ્પ, વર્ષ પછી વર્ષ અખંડીત પ્રવાહમાં આવે છે ને જાય છે, સૂર્ય ઉદય થાય છે ને આથમે છે, જ્યાં જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ થયાંજ કરે છે, મોટી મોટી પ્રજાઓ થઈ અને ગઈ, કાળચક્ર નિરંતર ફરતું ને ફરતુંજ છે અને એક પણ સ્થિતિ સ્થીર અને અચળ નથી. આર્યમંડળને હજી ઘણો કાળ લેવાનો છે. તેના ઉદયનાં ચિન્હ દેખાવવા લાગ્યાં છે. હજી એનો પ્રતાપી

સૂર્ય સંપુર્ણ અંશે પ્રકાશ્યો નથી. તેની કીર્તિ દીગંતમાં વિસ્તરશે એમ નિઃસંશય છે. ત્યાર પછીજ પ્લક્ષ, શાલ્મલિ અને કુશ દ્વીપની પેઠે તેપણ વૃદ્ધ થઈને નવા દ્વીપને અને નવિન પ્રજાને જન્મ આપી, પોતાનું કર્ત્તવ્ય ઉત્તમ પ્રકારે સિદ્ધ થયલું જોઈ અત્યંત સંતોષ માની અદૃષ્ય થઈ જશે. પ્રકૃતિની લીલા અપાર અને ગહન છે. રૂપ રૂપાંતરોનું દર્શાણુ કરાવનારી તે છે. તે ેત્ય. નથી પણ વિનાશી છે. તેનાથી મોહ પામી તેની ભકિત નારા ચોર્યાસી લાખના ફેરમાં સદાય ભટકયાં કરે છે અને યાં સુખને અને શાંતિને દેખતાં નથી. તે અસત્ છે. અસત્‌માં ા શાંતિની આશા રાખવી એ કેવળ મૂર્ખાઇ છે. જે અંશિ વો સત્‌ને શોધવાનું મથન કરે છે તે વિનાશી વસ્તુથી મોહ ના નથી. ઈંદ્રિઓ અને મનને સંપુર્ણ રીતે વશ કરી તે નાત્ર શસ્ત્ર રૂપ છે એમ માની પોતાનું કર્ત્તવ્ય સિદ્ધ કરવા . ઇચ્છા પ્રમાણે તેઓનો ઉપયોગ કરે છે. એવા જીવો ાર્થીપર અવિનાશી, આદિ, અદ્‌ભૂત ચૈતન્યનો પ્રકાશ પામતાં ાતાનાં સત્ય સ્વરૂપને ઓળખીને સચ્ચિદાનંદમાં નિમગ્ન થઈ ાનુષ્યજીવન સફળ કરે છે. મહાન્ રૂષિ મુનિઓ, અને માહાત્માઓ, અને સમર્થ મનુ ભગવાન પોતે જેઓ એ નિવૃત્તિને માર્ગે ગયા છે અને એ પરમ સ્થિતિને પ્રાપ્ત થયા છે, તે આપણી બુદ્ધિને ખીલવો, અસત્‌થી આપણી વૃત્તિ વિમુખ કરી સત્ ભણી વાળો, અને સારાંશ કે આપણા જીવનનો પરમ હેતુ સિદ્ધ કરવાનાં પ્રયત્નમાં, કરૂણા દૃષ્ટિથી આપણા ઉપર કૃપા કરીને પોતાની શ્રેષ્ટ સહાય આપી આપણને અત્યંત આભારી કરો એજ અંતઃકરણની પ્રાર્થના છે. અસ્તુ, અસ્તુ, અસ્તુ.

शुभं भवतु, शुभं भवतु, शुभं भवतु

लोकाः समस्ताः सुखिनो भवन्त भवन्तु